RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 2, Year 70, May, 2023, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - ચુંટણી તા. ૦૧.૦૫.૨૦૨૩
## તસ્વીરી ઝલક



# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - ચુંટણી તા. ૦૧.૦૫.૨૦૨૩
## જીતેલા ૬ ટ્રસ્ટી પદ માટે ઉમેદવારો

૧

શ્રી પંકજભાઈ વસંતલાલ સંઘવી

૨

શ્રી પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ

૩

શ્રી કિરીટભાઈ વૃજલાલ શેઠ

૪

શ્રી મયંકભાઈ જશવંતલાલ શાહ

૫

શ્રીમતી મનિષાબેન મિનેશભાઈ શાહ

૬

શ્રી મહેશભાઈ પોપટલાલ વોરા

## જીતેલા કાર્યવાહક સમિતિના ૨૧ ઉમેદવારો

૧

શ્રી નિરવભાઈ પ્રવિણભાઈ દોશી

૨

શ્રી મહેશભાઈ બચુભાઈ દોશી

૩

શ્રી ચેતનભાઈ મુળચંદભાઈ ગોસલીયા

૪

શ્રી અતુલભાઈ અમૃતલાલ શાહ

૫

શ્રીમતી શ્રુતિબેન મયંકભાઈ શાહ

૬

શ્રી અનિલભાઈ હિંમતલાલ સંઘવી

૭

શ્રી અશોકભાઈ લાભુલાલ તુરખીયા

૮

શ્રી હેમંતભાઈ પ્રવિણભાઈ શાહ

૯

શ્રી નવિનભાઈ પરમાણંદદાસ જશવાણી

૧૦

શ્રી નરેન્દ્રભાઈ ચીમનલાલ ગાંધી

૧૧

શ્રી નિરવભાઈ ભરતભાઈ ખંધાર

૧૨

શ્રી મુકેશભાઈ રસીકલાલ શાહ (ચશ્માવાળા)

૧૩


શ્રી રાકેશભાઈ ન્યાલચંદભાઈ ગોપાણી

૧૪

શ્રીમતી બીનાબેન અશોકભાઈ સંઘવી

૧૫

શ્રી વિજયભાઈ પુનમચંદ અજમેરા


૧૬

શ્રી પ્રિતુલભાઈ ભરતભાઈ શાહ

૧૭

શ્રી સુબોધચંદ્ર નટવરલાલ શાહ (હકાણી)

૧૮

શ્રી નરેન્દ્રભાઈ વ્રજલાલ સંઘવી


૧૯

શ્રીમતી મીરાબેન શૈલેષભાઈ શાહ

૨૦


શ્રી સંજયભાઈ ચીમનલાલ તુરખીયા

૨૧


શ્રીમતી દિપ્તીબેન શૈલેષભાઈ શાહ


11 SUCCESSFUL YEARS
VEG. JAIN
Spiti valley
9N I 10D
Rs.99,999
Per Person
11N I 12D
Rs.1,24,999
Per Person
With Chandratal Lake & Manali
2023 Fixed Departure Date
Apr : 29
May : 10,21
Jun : 01,12,25
Itinerary For 09N I 10D
Stay I Place I Hotel
1N Narkhanda Tethys Ski Resort
2N Sangla Hotel Batseri
1N Tabo Hotel Maitreya Regency
2N Kaza Hotel Grand Dewachen
1N Kalpa Hotel Kalpa
2N Theog Hotel De Exotica Crest
Warm Water & all other arrangements will be done for your Rituals
We serve all 100% Veg. & Jain Meals made by our own Rajasthani Chef
Travel Now.. Pay Later
SanKash
The prestigious Tour Company for Gujarati, Kutchi & Rajasthani Jain Tourists
POORVA HOLIDAYS
THE NEW CHOICE OF TRAVEL
Founder TEJAS SHAH 9930993825 7977628030
Sales Team : Jeet Kanani 98772 28819 • Ajinkya Deo 96534 90528 • Kekin Heniya 95942 00634
Shop No. 23, 29 & 36, Yudhistir Bldg, Opp. N.L.Garden, Dahisar (E), Mumbai - 400068 022-40031840, 7021884895
Advt.


SINCE 2011
POORVA HOLIDAYS
THE NEW CHOICE OF TRAVEL
We lead to believe the confidence of Gujarati, Kutchi & Marwadi Jain Tourists
4 Packages available as per Luxurious Hotels, Departure Dates & Budget ..
06 N 07 D
08 N 09 D
Leh Ladakh
Travel Now .. Pay Later
SanKash
No Cost EMI
Zero Interest
Zero Down Payment
We serve all 100% Veg. & Jain Meals made by our own Rajasthani Chef
Warm Water & all other arrangements will be done for your Rituals
8N I 9D
2023 Fixed Departure Dates & Itinerary
Gold Pkg :
May : 06,08,14,20,22,28,30
Jun : 05,07,13,15,21,23,29
Jul : 01,07,09,15,17,23,25,31
Aug : 06,12,18,24
Gold Plus Pkg :
May : 14,20,22,28,30
Jun : 05,07,13,15,21,23
Diamond Pkg :
May : 20,28
Jun : 05,13,21,29
Jul : 07,15,23,31
Diamond Plus Pkg :
May : 22,30
Jun : 07,15,23
Jul : 01,09,17,25
1N Sonmarg
1N Kargil
2N Leh
2N Nubra Valley
1N Pangong Lake
1N Leh
MR. TEJAS SHAH FOUNDER : ✆ 99309 93825 79776 28030
Sales Executive Team : Kekin Heniya ✆ 95942 00634 • Swati Jain ✆ 91794 95667
QUALITY HOTEL
PERSONAL ATTENTION
Shop No. 23, 29 & 36, Yudhistir Bldg, Opp. N.L.Garden, Dahisar (E),
Mumbai - 400068 ✆ 022-40031840, 7021884895
VEG JAIN
SIGHT SEEING
Advt.


JAI JINENDRA
No more counting of the UNITS.
Enjoy uninterrupted ELECTRICITY.
REDUCE YOUR BILL
INSTALL SOLAR PANEL AND AVAIL GOVT SUBSIDY
CONTACT US FOR SOLAR ROOFTOP SYSTEM.
Reduce Your Electricity Bill By up to 90%
-- BEST RATE AND SPECIAL DISCOUNT FOR OUR JAIN MEMBERS --
RISING SUN ELECTRIC
BENEFITS OF SOLAR WITH RISING SUN ELECTRIC :-
1) Government Subsidy Available for Residential and Society Projects.
2) 15 ~ 30 % Tax Depreciation for Business owners.
3) No maintenance, Free Power & 25 Years Solar Panel Warranty.
www.risingsunelect.com
CONTACT :- SAHIL DOSHI - 7021213467
Address :- D2, Vijaykar Wadi, Kumar Compound, Chincholi Phatak, SV Road, Malad (W), Mumbai.

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

મે ૨૦૨૩
વર્ષ : ૭૦ : : અંક : ૨
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૦૨૨–૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# રવિ

સવારે મંદિરે પ્રભુ ચરણ સ્પર્શી નિકળતો,
રવિ રાતો ને કરી ઘંટારવ આભ ચડતો.

નદી, નાળાં, ડુંગર, સ્થળ, નગર ઘર ભણી જતો,
અને વૃક્ષો વેલી જીવ જગતને ચેતન સભર કરતો.

ગળાબુડ પ્રવૃત મધ્યાહને ઉષ્ણ કિરણો નિતરતો,
સમયસર સમસ્ત વેગે કામ સઘળાં આટોપતો.

હવે થાક્યો પાક્યો કરે પ્રવૃત્તિ સંકેલવા કાજે,
ધીરેધીરે દિવસ ઢળતો, કામ આટોપી લેતો.

ક્ષિતિજેથી ફરી પાછો મંદિરે પ્રભુ ચરણ સ્પર્શતો,
અને ઘંટારવ કરી આનંદે રાતો પશ્ચિમે ઢળતો.

ઢળે સંધ્યા રાત પડતી, શ્વાસ નિરાંતે લેવા,
પ્રકૃતિ આશ્લેષે શીતળ સ્પર્શે 'સ્નેહી' જંપી જતો.

**સુરેશ પરીખ**

**આ અંકના સંપાદક : શ્રી શરદભાઈ એમ. ગાંધી**

# હાય યે મજબૂરી



વિરાજ પંડ્યા

પુરુષ દરિયો છે ભરેલો તોય ખાલીખમ અને સ્ત્રી એ નદીનો ધસમસતો પ્રવાહ. ગાંડી નદી તૃપ્ત હોવા છતાં પણ દરિયા ભણી દોટ મૂકી દે છે, કોતરો, જંગલ, ઝાડીઓ, ચીરતી ઊંચા પહાડ પરથી એ દરિયામાં પડે છે શું કામ ? પોતાનું અસ્તિત્વ ખોવા માટે જ. દરિયામાં ભળી એ પોતાનું અસ્તિત્વ ગુમાવી દે છે. ખબર હોવા છતાં પણ એને દરિયાને જઈને મળવું જ છે. અસ્તિત્વનો અંત પસંદ છે પ્રેમને પામવા માટે. આમ જુઓ તો દરેક સ્ત્રી આવી નદી જ છે. વેરવિખેર થઈ પણ આખા ઘરને જોડી રાખે છે. પોતાની છબી પોતાની જાતનું ભાન ભૂલી એ માત્ર અને માત્ર પોતાના પ્રેમ ખાતર બધું ત્યાગવા તૈયાર હોય છે. તત્પર હોય છે. આ જ સ્ત્રીના સ્વાભિમાનની રક્ષા કરવામાં પુરુષ જો ઉંનો તો ઉતરે તો સ્ત્રીની આક્રમકતા સ્વાભાવિક રૂપે બહાર આવી જતી હોય છે. આવી સ્ત્રી સમાજ સ્વીકારી શકતો નથી નબળો પુરુષ અહીં ચાલી જાય છે, પણ જબરી સ્ત્રી નહીં. આપણે કેટલા કમજોર કેટલા મજબુર થતા જઈએ છીએ. કે સાચી વાતની તરફેણ પણ નથી કરી શકતા.

કોઈ પોતાની જાતના સન્માન માટે લડે તો એને ખરાબ કેવી રીતે ગણી શકાય ? વાત ગમે તેની હોય અમુક વાત સર્વસામાન્ય બની જતી હોય છે. એવી રાહ શું કામ જોઈએ કે જ્યાં સુધી પોતાની સાથે બનાવ ન બને ત્યારે જ વિરોધ નોંધાવવા. અમુક સમસ્યા નીજી ના હોય તો પણ એ અસર બધાને કરતી હોય છે. સમાજ આખાને આવરી લેતી હોય છે. પુરુષ પતિ હોય, એ પિતા હોય, પુત્ર હોય કે, મિત્ર ક્યારેક ને ક્યારેક સ્ત્રીના સ્વાભિમાનને લલકારી જ દેતો હોય છે. તો સમજુ સ્ત્રી જતું કરી ને રહી જાય છે. તો એની કદર થતી નથી. એનું અસ્તિત્વ પહેલી નદીની જેમ જ ખોવાતું જાય છે, સંસારરૂપી ભવસાગરમાં.

આપણાં અસ્તિત્વને ખોવાતું અટકાવવા માટે સહુથી પહેલા આપણે જ પ્રયત્ન કરવો પડશે. આપણાં પોતાના લોકો આપણને સમજે સ્વીકારે એ તો દરેક સ્ત્રીના મનની ઈચ્છા હોય છે પણ જો આ નથી થતું તો દુઃખી થવા કરતા પોતાની જાતને પોતે જ સાંભળી લેવી વધુ સારી. મજબુર બની રોઈને જીવન વિતાવવા કરતા સ્વાભિમાની બની કોઈ કરે કે ના કરે પોતે જ પોતાને પ્રેમ કરો. લોકો તો બોલશે જ તમારી ઉદાસી વિશે એને સવાલો થશે, એમ જ જો તમે ખુશ હશો તો એને સવાલ અને શંકા બંને થશે. પોતાનામાં મસ્ત રહેતી સ્ત્રીની આસપાસ બધા સજાગ હોય છે. એના પોતાના લોકો કરતા આસપાસના સગાને વધુ રસ હોય છે કે શું ચાલી રહ્યું છે ? સતત આપણી આસપાસ આપણને લોકો જજ કરતા હોય છે. શું કામ ? ? ? શું ખુશ રહેવું એ અપરાધ છે ! ? ખુશ રહેવું એ સ્ત્રી અને પુરુષ બંનેનો હક છે. જરૂરી નથી કે નક્કી કરેલા વ્યક્તિ સાથે જ તમે ખુશ રહો તો જ સાચું. નક્કી કરેલી જગ્યા એ થી જ પ્રેમ મળે તો જ એ સાચો. આ નિયમ બનાવ્યા કોણે ?

આપણાં સમાજની વધુ એક નવી મજબૂરી ગણો તો એ એક આ છે કે લોકો સોશીયલ મીડિયાને પ્રેમનું પ્રતીક માની બેઠા છે. જો તમારી અપડેટ વ્યવસ્થિત સમયસર એમને ત્યાંથી ના મળે તો તમારા વિશે અટકળો બાંધવામાં એમને સહેલાય થઈ જશે. સ્ટેટ્સમાં પતિ પત્નીના એક બીજાને હગ કરતા ફોટા જોઈ નક્કી થઈ જશે કે આ પ્રેમ જ છે ? ? ?

એવા કેટલાય કપલ હશે જે દૂર રહેતા હશે છતાં પોતાની જવાબદારી નિભાવતા હશે. ભલે અલગ પણ હસતા હશે. ખુશ રહી એક બીજાની તાકાત બનતા હશે. મજબૂરી એમની પરિસ્થિતિની હશે, હાલાતની હશે. એમાં પણ એ તાલ મેળવી રસ્તો કાઢી ખુશ રહેવા પ્રયત્ન કરતા હશે.

પ્રેમની વ્યાખ્યા શું ? શું સાથે રહેવું મજબૂરી છે ? તો આને પ્રેમ ગણી શકો ? ? એક જ છત નીચે એક જ રૂમમાં સુતા હોવા છતાં જો તમારા મનમાં કોઈ બીજું છે તો આ પ્રેમ કહેવાય ? અને દૂર રહેતા હોવા છતાં રાતે સુતા પહેલા જો પોતાના વ્યક્તિને યાદ કરી એના માટે પ્રાર્થના કરી, એને યાદ કરતા સુવો તો આને પ્રેમ ના ગણાય ? તમે જ નક્કી કરો કે કયો સંબંધ સાચો ? પ્રેમ એ મજબૂરી નથી.

જો કોઈ સ્ત્રી કે પુરુષ તમારી આસપાસ એકલો હોવા છતાં ખુશ છે તો એને ખુશ રહેવા દો. એના કારણ ના ગોતો. પોતાની મર્યાદામાં રહી કરેલો કોઈ આનંદ અપરાધ નથી. એને મુક્ત રહેવા દો, એમ જ તમારા ઘરમાં કોઈ આવું પાત્ર હોય તો એને પોતાની રીતે એનો આનંદ કરવા દો. એ બધું જ સાંભળી લેશે. જો તમે એને એક ને સાંભળી લેશો તો. યાદ રાખીએ પ્રેમ એ કોઈ બંધન વગર નું બંધન છે. આમાં પાસે રહેવું, સાથે જ રહેવું, એવા કોઈ નિયમ નથી. પ્રેમ એ એ જ નદીને દરિયા જેવું છે. જેમાં ભળી ગયા પછી બધું એક થઈ જાય છે.

❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ દ્વારા આયોજીત ચુંટણી તા. ૦૧-૦૫-૨૦૨૩ અહેવાલ

**સ**વારે ૧૦.૦૦ વાગ્યાનો ચુંટણીનો સમય પરંતુ સભાના માનવંતા સભ્યોનો અનેરો આનંદ ઉત્સાહ સવારે ૭.૦૦ વાગે ચુંટણી કમીશનર શ્રી અશ્વિનભાઈ શાહ, સહ કન્વીન્યરો શ્રીમતી હીનાબેન પારેખ તથા સચીનભાઈ ગોપાણીની પુરી ટીમ, કાર્યકરો સાથે તેમજ ડીજીટલ દુનિયાના ૪૦ સભ્યો સેવા આપવા હાજર થઈ ગયા.

સૌ પ્રથમ કમ્પ્યુટરમાં પાસવર્ડ (Password) આપવામાં આવ્યો. સૌ પ્રથમ ચુંટણીની સહ-કન્વીનર શ્રી સચીનભાઈ ગોપાણી, કાયદાકીય સલાહકાર શ્રી અજયભાઈ ખંધાર, શ્રી જીતેનભાઈ ખાટડીયા તેમજ શ્રી સ્વપ્નીલભાઈ (ડિજીટલ એન્જીનિયર) આ ચારેય ભાઈઓના પાસવર્ડ આપવામાં આવ્યો. જે ચુંટણી પુરી થયા પછી આ ચારે ભાઈઓના પાસવર્ડ સાથે જ કમ્પ્યુટર ખુલે.

સવારે ૯.૩૦ વાગ્યાથી સભા સભ્યોનું આગમન સવારે ૧૦.૦૦ વાગ્યાથી ચુંટણીની શરૂઆત કરવામાં આવી. આવનાર સભ્યોએ શુભ શરૂઆત કરી. પરંતુ ૧૦ વાગે પરામાંથી એક સાથે ૧૫-૧૬ બસો આવી ગઈ. અને ખુબ મોટી લાઈન લાગી ગઈ. વ્યવસ્થાપકોએ ખુબજ કાળજીપૂર્વક વ્યવસ્થા જાળવવાની મેઈન ગેટ પર કોશિશ કરી.

સવારે ૧૦.૦૦ વાગ્યાથી ચુંટણીની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી. સૌ પ્રથમ ૨૦૦ સભ્યોને મતદાન માટે મોકલવામાં આવ્યા. સભ્યોનું સભાનું I-Card તેમજ Photo I-card જોઈ OTP નંબર આપવામાં આવ્યો તે લઈને સૌ મતદાન મથકે Vote કરવા જવાનું. ખુબજ સુંદર જાજરમાન વ્યવસ્થા કરવામાં આવેલ. ૨૯ બુથો Computer સાથે Printer થી સજાવેલા હતા દરેક બુથની બહાર એક એક Engineer સભ્યોને જાણકારી આપવા માટે હતા તેમની સાથે આપણાં કાર્યકર બહેનો તેમજ સહ-કન્વીન્યર શ્રીમતી હીનાબેન પારેખ તેમજ શ્રી સચીનભાઈ ગોપાણીનો સાથ-સહકાર તો ખરોજ. કન્વીન્યર શ્રી અશ્વિનભાઈ શાહ જેઓ પુરેપુરી ચુંટણીની પ્રક્રિયામાં વ્યસ્ત હતા.

પ્રથમ ૬ ટ્રસ્ટીઓને વોટ આપવાનો હતો. આઠ ટ્રસ્ટીઓના ફોટા નામ સાથે Computer માં Display થાય પછી Touch કરવાથી Vote Register રજિસ્ટર થાય. OK નું બટન દબાવો એટલે તરતજ આપના વોટ રજીસ્ટર થઈ જાય. ત્યારબાદ Computer માં Next આવે એટલે કાર્યવાહક સમિતીના સભ્યોનું ફોટા અને નામ સાથે ૨૮ ઉમેદવારોનું Computer માં Display થાય ત્યારબાદ પસંદગીના ૨૧ ઉમેદવારોના નામ પર Touch કરવાથી સભ્યોના Vote Register થઈ જતા હતા. Vote આપ્યા બાદ એક Print-out પણ આવતું હતું. જેમાં જે સભ્યોએ જેને Vote આપેલો હોય તે Print-out box માં મુકવાનું હતું. Counter પર બેઠેલા ભાઈ દરેક પેપર પર રબર સ્ટેમ્પ લગાડી અને Box માં મુકતા હતા. ખુબજ સરળ પદ્ધતી હતી અને મત આપનાર દરેક સભ્યોએ આ Computer પદ્ધતીના (Electronic voting) ખુબજ ભારોભાર વખાણ કર્યા અને સભાને નવી ક્રાંતીથી આગળ વધે તેવી શુભ ભાવના - શુભ કામના, સમૃદ્ધ ઝાલાવાડની ભાવના ભાવી હતી. જેમ જેમ સભ્યો વોટ આપીને બહાર આવે ત્યારે દરેક મતદાતાને એક સ્વાદિષ્ટ Food Packet આપવામાં આવેલ.

સાથોસાથ સભા તરફથી વરીયાળીનું સરબત તેમજ જગપ્રસિદ્ધ **ગીરનાર ચા દ્વારા ચા-કૉફીનું વેન્ડીંગ મશીનની** નિ:શુલ્ક વ્યવસ્થા સેવા પ્રદાન કરવામાં આવેલ.

ખરેખર આ વખતના ચુંટણી માટે સભ્યોના ઉત્સાહ-ઉમંગ અનેરો હતો જેથી સભાના માન-સન્માનમાં ચાર-ચાંદ લાગ્યા. સાથોસાથ ચુંટણીના મુખ્ય કન્વીન્યર શ્રી અશ્વિનભાઈ શાહ જેઓ લગાતાર ત્રણ ટર્મથી સભાને સેવા આપી રહ્યા છે. તેમની કાર્ય શૈલી તેમજ સૌમ્ય સ્વભાવ, તેમજ કાર્યકરો પાસેથી કામ લેવાની સુજ-બુઝ ને સભા તરફથી અભિનંદન તેમજ તેમના સહ-કન્વીન્યર શ્રીમતી હીનાબેન પારેખ તથા શ્રી સચીનભાઈ ગોપાણીને પણ તેમની પ્રસંશીય સેવા બદલ તથા પુરી ટીમનો પણ સભા આભાર માને છે. સભાનાં ઑફિસ સ્ટાફ જેવો ચુંટણી જાહેર થયા પછી સતત ચુંટણીના કામમાં વ્યસ્ત રહેતા તેમજ ચુંટણીના દિવસે પણ ખુબ સારી સેવા આપી તે બદલ તેમનો પણ આભાર.

❖❖❖

**ચુંટણી પરિણામની સાચી ઝલક**

| | |
|---|---|
| મેમ્બરોની OTP ની સંખ્યા | - ૨૦૦૧ |
| મતપત્રકની સંખ્યા | - ૨૦૦૧ |
| કોમ્પ્યુટરમાં મતની ગણત્રી | - ૨૦૦૧ |
| **કુલ વોટ ટોટલ** | **- ૨૦૦૧** |

**સંકલન : શરદ એમ. ગાંધી**

# તમારા આત્માની બારી

**ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકર**

આપણે જીવન ચેતનાના ત્રણ સ્તરમાં જીવીએ છીએ. જાગૃત અવસ્થા, સ્વપ્નની અવસ્થા અને ઊંઘની અવસ્થા. જાગૃત અવસ્થાની સભાનતામાં આપણે દુનિયાનો (પાંચ) ૫ ઇન્દ્રિયો દ્વારા અનુભવ કરીએ છીએ. પછી તે દ્રષ્ટિ, સુગંધ, સ્પર્શ, શ્રવણ કે સ્વાદ હોય શકે. આપણે આ ઇન્દ્રિયો વડે પ્રગતિ અને આનંદ મેળવીએ છીએ.

દાખલા તરીકે આપણે જે કંઈ આનંદનો સ્ત્રોત હોય તેની જ શોધમાં હોઈએ છીએ, અને એવી વસ્તુ કે જે આપણને દુ:ખી કરે તે ઇચ્છતા નથી. જો કોઈ પણ એક ઇન્દ્રિયના હોય તો ઇન્દ્રિયનું સમગ્ર પાસુ વિલીન થઇ જાય છે. ગુમાવી દઈએ છીએ. જે કોઈ સાંભળી શકતો નથી તે ધ્વનીનું સમગ્ર જગત ગુમાવી દે છે. તેજ રીતે જે જોઈ શકતા નથી તે આ બધીજ સુંદર જગ્યાઓ અને રંગોથી વંચિત રહી જાય છે. તેથી જ ઈન્દ્રિયો એ જે સેન્સ કરવાની વસ્તુ છે, તેનાં કરતાં વધારે અગત્યની અને મોટી છે.

દરેક ઇન્દ્રિયોને આનંદ મેળવવાની પોતાની મર્યાદિત ક્ષમતા હોય છે. અંતે કોઈ પણ વ્યક્તિ કેટલું જોઈ શકે સાંભળી શકે કે સ્પર્શી શકે ? ગમે તેટલી સુંદર જગ્યા હોય તો પણ કોઈ તે કાયમ જોયાજ ના કરે. ઇન્દ્રિયો ટુંકા સમયના ગાળામાં કંટાળી જાતી હોય છે. આંખો બંધ થઇ જાય અને આપણે ફરી પોતાનામાં જવા ઈચ્છીએ છીએ કારણ કે આ દરેક અનુભવમાં શક્તિનો વપરાશ તો થતો જ હોય છે.

ઇન્દ્રિયો કરતાં ''મન''નો ક્રમ આગળ છે. મન અનંત છે તેની ઈચ્છાઓનો પાર નથી. પરંતુ ઇન્દ્રિયોની આનંદ કરવાની ક્ષમતા મર્યાદિત હોય છે. સિસ્ટમમાં આ અસંતુલન તો રહેવાનું જ. લોભ વધારેને વધારે ભોગવી શકાય તેવી વસ્તુઓ ઈચ્છે છે. માણસ થોડી ઘણી ચોકલેટ ખાઈ શકે તેમ છતાં, તેની ઈચ્છા તો દુનિયાની બધી જ ચોકલેટ પામવાની હોય છે. માણસ પોતાના જીવન કાળ દરમ્યાન મર્યાદિત પૈસા ખર્ચી શકે છે દુનિયાની બધી જ દોલત મેળવવા ઈચ્છે છે. આ લોભ છે. દુનિયામાં અત્યારે આમ જ ચાલે છે.

શરીરના દરેક કોષો અનંતતાનો હિસ્સો જ છે. જીવડાંઓ પણ ખાય છે, ઊંઘે છે અને જાગે છે અને રોજબરોજની ક્રિયાઓ કરે છે. તેઓની જેમ જીવન જીવવાનો કોઈ મતલબ નથી. આપણે ઈશ્વરે આપેલી શક્તિઓનો ભરપુર ઉપયોગ કરાવો જોઈએ, આપણા પ્રત્યેક કોષોની અનંતતા ધારણ કરવાની શક્તિ અને તેના માટે આપણે યોગની નિયમિત પ્રેક્ટિસ કરવી જોઈએ. તેમાં દિવસની માત્ર થોડી મીનીટોનો જ સમય આપવો પડે છે. એકવાર તે રોજની દિનચર્યામાં જોડાઈ જાશે પછી તે બોજારૂપ કે અણગમતું કામ નહી રહે.

ધ્યાન એ તો બીજ જેવું છે. જેમ બીજને સારી રીતે ઉછેરવામાં આવે તેમ તેનો વિકાસ સુંદર થાય છે. તેજ રીતે જેમ આપણે ધ્યાન વધારે કરીએ તેમ શરીર અને ચેતા તંત્ર સારું વિકસિત થાય છે. આપણા શરીરના ક્રિયા વિજ્ઞાનમાં ફેરફાર થાય છે અને શરીરનો પ્રત્યેક કોષમાં ''પ્રાણ'' પુરાય છે અને જેમ શરીરમાં ''પ્રાણ''નું સ્તર માત્ર વધે છે તેમ આપણે આનંદ તાજગી અનુભવીએ છીએ. આપણી સિસ્ટમમાં પ્રાણાયમનું જોડાણ સહજ હોય છે. કેટલાક લોકો તેણે ચેતનાનું ઉચ્ચ સ્તર પણ કહે છે. હુ તો તેને સામાન્ય સ્તર જ કહીશ કરણ કે આપનામાં તે સ્તરમાં રહેવાની ક્ષમતા સંપન્ન થયેલી છે. યોગ બે રીતે મદદ કરે છે. શરીરમાં આવતા તણાવને રોકે છે સાથે સાથે શરીરમાં પહેલે થી જ જમા થયેલ તાણથી પણ મુક્તિ આપે છે.

નિયમિત ધ્યાન સુખ અને પરિપૂર્ણતા તરફ લઈ જાય છે. સંવેદનશીલ ઇન્દ્રિયોની સંવેદના વધારે છે (તે દ્વારા જોવાના ઉપવાસના, ફીલીંગ ઈત્યાદીના અનુભવને તીવ્ર બનાવે) અને સાહજીકતા વધારે છે. રોજીંદા જીવનમાં ધ્યાનના જોડાણને કારણે ચેતનાના પાંચમાં સ્તર જે કોસ્મિક ચેતના તરીકે ઓળખાય છે. કોસ્મિક ચેતના સમગ્ર બ્રહ્માંડ પોતાની ચેતનાનો જ ભાગ હોય તેવો અનુભવ કરાવે છે. જયારે આપણે વિષને આપણો જ હિસ્સો ગણીએ ત્યારે આપણા અને વિશ્વ વચ્ચે પ્રેમનો મજબુત પ્રવાહ વહે છે. આ પ્રેમ આપણને વિરોધી શક્તિઓને સહન કરવાની અને આપણ જીવનમા આવતી અશાંતિને સહન કરવાની સમર્થતા આપે છે. ગુસ્સો અને નિરાશા એ ક્ષણિક લાગણીઓ છે જે ઉદભવે છે અને પછી જાતી રહે છે.

પરંતુ જો આપણે જતું કરવા અને પ્રત્યેક પળની સુંદરતા ઉજાગરની ચેતનાની ક્ષમતા પર આપણુ લક્ષ કેન્દ્રિત કરી શકીએ તો આપણુ ઉપરોક્ત બધી જ બાબતો થી રક્ષણ થાય છે. આપણા વિકાસ માટે પ્રત્યેક ક્ષણ સહાયક અને સત્યનો ઉદય થાય છે. આમ ચેતનાના ઉચ્ચતમ સ્તરને પામવા માટે કોઈ ખાસ આયોજન કરવાની જરૂર નથી. દરેકે માત્ર જતું કરવાનું જ શીખવાનું છે.

(આધ્યાત્મિક ગુરૂ શ્રી શ્રી રવિશંકરજી વૈશ્વિક સ્તરે માનવીય મૂલ્યોનાં ઉત્થાન માટે કાર્યરત છે અને આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના પ્રણેતા છે.) ❖❖❖

# મારી જીવનદૃષ્ટિ



**સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ**

જીવનદૃષ્ટિ એટલે સમગ્ર જીવન પ્રત્યેનો અભિગમ - approach to life, જરા વ્યાપક રીતે કહેવું હોય તો જીવનદર્શન - philosophy of life

દરેક વ્યક્તિને કોઈ ને કોઈ જીવનદૃષ્ટિ અથવા જીવનદર્શન હોય જ છે, અવ્યક્તપણે તેના મનના ઊંડાણમાં પડેલ છે. તેના બધા વર્તાનનું મૂળ (મોટીવેશન) આ જીવનદૃષ્ટિમાં રહ્યું છે. પણ બહુ થોડી વ્યક્તિઓ તેને ચેતનાની સપાટી પર લાવી તેનું નિરીક્ષણ, પૃથક્કરણ અથવા શોધન કરે છે. જીવન વ્યવહારમાં અને જીવનની જરૂરિયાતો પ્રાપ્ત કરવામાં માણસ એટલો બધો ડૂબેલ રહે છે કે આવો વિચાર કરવાની તેને તક નથી કે અવકાશ નથી. બધાંની એવી શક્તિ પણ નથી. પરંપરાગત માન્યતાઓ સ્વીકારી, સહુ પ્રવાહપતિત જીવન જીવ્યે જાય છે.

છતાં માણસ વિચારવંત પ્રાણી છે. જીવનના રહસ્યનો તાગ પામવા દરેક વ્યક્તિ કોઈક વખત અને થોડી વ્યક્તિઓ ઊંડાણથી વિચાર કરે છે. માણસ અભણ હોય કે શિક્ષિત, ગરીબ કે તવંગર, કોઈક માન્યતાઓ તેણે સ્વીકારી હોય છે અને તે પ્રમાણે તે વર્તે છે. માણસની વિશેષતા એ છે કે તે પોતાની જાતનો વિચાર કરી શકે છે. હું કોણ છું, આ જગત શું છે, તેમાં મારું સ્થાન શું છે, મારી અંતિમ ગતિ શી છે, ઈશ્વર છે, પુનર્જન્મ છે, કર્મ છે, પોતે કર્મનો કર્તા-ભોક્તા છે, પુણ્ય છે, પાપ છે, કર્મમાંથી મુક્ત થવાય છે અને તે જીવનનું ચરમ ધ્યેય છે – આવી માન્યતાઓનો આપણો વારસો છે.

માણસને મુખ્યત્વે બે પ્રકારના વિચારો કરવાના પ્રાપ્ત થાય છે : જ્ઞાનના અને આચારના. ઉપર જણાવ્યા તે પ્રશ્નો જ્ઞાનના છે. આવું જ્ઞાન પ્રાપ્ત કરવા માણસ મથે છે. પણ પોતાના અસ્તિત્વનું અને બ્રહ્માંડનું રહસ્ય પામી શકતો નથી ત્યારે છેવટ તેને ઈશ્વરની લીલા કહી સંતોષ માને છે. કેટલાક સંતો એ મહાપુરુષો આ રહસ્યને પામ્યા છે તેવી માન્યતા છે અને તેવા સંતોએ કહ્યું હોય તે આપણે સ્વીકારીએ છીએ.

આચારના પ્રશ્નો દરેક વ્યક્તિએ વિચારવા પડે છે. દરેક પોતાનો આચારધર્મ (વર્તનનો માપદંડ) નક્કી કરવાનો રહે છે. તેમાં પણ પરંપરાગત આચાર પ્રણાલિકાઓ સ્વીકારીએ છીએ. સ્વતંત્ર ચિંતન ઓછું હોય છે.

જ્ઞાનની માન્યતાઓ આચારધર્મનો નિર્ણય કરવામાં કારણભૂત રહે છે. ઈશ્વર છે, આત્મા છે, પુનર્જન્મ છે, કર્મ છે, કર્મનાં ફળ ભોગવવાં પડે છે, એવી માન્યતાઓ હોય તેનું વર્તન અને એવી માન્યતા ન હોય એવી વ્યક્તિનું વર્તન ભિન્ન પ્રકારનાં રહે છે. છતાં આવી માન્યતાઓ ન હોય અથવા તે વિશે ઉપેક્ષા હોય તો પણ સદાચાર હોય તે અસંભવિત નથી. ઈહલોકમાં સુખેથી કેમ રહેવું એવી વ્યવહારબુદ્ધિથી પણ માણસ એકંદરે સદાચારી રહે. સામ્યવાદીને કે ઉપયોગિતાવાદીને આવી કોટિમાં મૂકી શકાય.

પ્રથમ વિચાર કરીએ ઈશ્વરનો. જગતના કર્તા અને નિયંતા તરીકે અને મનુષ્યને કર્મફળ આપનાર ન્યાયાધીશ તરીકે, ઈશ્વરની કલ્પના વ્યાપક છે. સામાન્ય માણસ ઈશ્વરની કલ્પના વ્યક્તિ તરીકે જ કરી શકે છે : Personal God. સંતો અને ભક્તો પણ આવી જ રીતે માને છે. વિસ્તારથી ન લખતાં, મારી માન્યતા હું સંક્ષેપમાં કહું છું.

જગત અનાદિ અને અનંત છે. તેનો કોઈ કર્તા નથી. આ જીવધારી દેહ, જડ-ચેતનનો સંયોગ છે. પિંડે તે બ્રહ્માંડે - એ ન્યાયે આ વિશ્વ પણ જડ-ચેતનથી ભરપૂર છે. ચેતનની અનંત શક્તિ છે. મનુષ્યની શક્તિ વિજ્ઞાનમાં, અધ્યાત્મમાં, સાહિત્ય-સંગીતકળામાં, પરોપકાર-કરુણા-પ્રેમમાં, અસીમ વિકાસ પામે છે તે આપણા અનુભવનો વિષય છે. મનુષ્ય અને જીવમાત્રમાં રહેલું ચેતનતત્ત્વ, વિશ્વચૈતન્યનો એક અંશ છે. વિશ્વચૈતન્ય વિશ્વનું ધારણ, પોષણ, નિયમન કરે છે. એ અણુએ અણુમાં વ્યાપેલ છે. તે જ ઈશ્વર છે. એ શક્તિ મંગળમય અને કલ્યાણકારી છે. એનું શરણ પ્રાપ્ત કરવું, તેમાં લીન થવું, તેની સાથે એકતાર થવું, તે જીવનનું અંતિમ ધ્યેય છે. તે માટે પ્રાર્થના અને ભક્તિ કરવી. તેથી અંતરશુદ્ધિ પ્રાપ્ત થાય છે. તે કોઈ બાહ્ય વસ્તુની પ્રાપ્તિ માટે નથી.

આ જગતમાં અનિષ્ટ છે, દુઃખ છે. આવું વ્યાપક અનિષ્ટ અને દુઃખ જોઈ, સંવેદનશીલ વ્યક્તિ અત્યંત વ્યથિત થાય છે અને ઈશ્વરની મંગળમય અને કલ્યાણકારી શક્તિમાંથી તેની શ્રદ્ધા ડગી જાય છે. સહેલો

આશાવાદ શક્ય નથી. આ અનિષ્ટ અને દુ:ખના કારણ અને નિવારણ તરીકે પુનર્જન્મ અને કર્મનો સિદ્ધાંત સ્વીકારાએ તો જ જિંદગીનો તાળો મળે છે. કર્મનો સિદ્ધાંત અવિચળ છે છતાં ઈશ્વરની અસીમ દયા છે. એ બેમાં વિરોધ નથી. પ્રાર્થના અને ભક્તિ, અપૂર્ણ આત્માની પૂર્ણતા પ્રાપ્ત કરવાની ઝંખના અને તાલાવેલી છે. આ બધાં અનિષ્ટ અને દુ:ખમાં પણ, આપણી પ્રાર્થના અને શ્રદ્ધા, અસત્યમાંથી સત્યમાં જવાની, અંધકારમાંથી પ્રકાશમાં જવાની, મૃત્યુમાંથી અમૃત પ્રાપ્ત કરવાની જ છે.

Life persists amidst death, light shineth amidst darkness, truth triumphs amidst untruth.

આ શ્રદ્ધા અનુભવે આવે છે. સંતસમાગમે આવે છે. આવી શ્રદ્ધા વિના જીવન ભારરૂપ થાય છે, અર્થહીન બને છે. આ શ્રદ્ધાથી જીવન ઉન્નત બને છે, પ્રસન્નતાનો, સાચા સુખનો અને શાંતિનો, અનુભવ થાય છે. આવી શ્રદ્ધા પ્રયત્નપૂર્વક, વિચારપૂર્વક, સતત પુરૂષાર્થથી કેળવવી પડે છે. તે સહજ નથી. તેને માટે જીવનસાધના કરવાની છે અને તે આચારધર્મ છે જેનો હવે વિચાર કરીએ.

ભારતના ત્રણે ધર્મો – વૈદિક, જૈન અને બૌદ્ધ – માં જ્ઞાનનો ક્ષેત્રે મતભેદ છે અને રહેવાનો જ. અદ્વૈત, દ્વૈત, આત્મવાદી, અનાત્મવાદી, ઈશ્વરવાદી, અનીશ્વરવાદી વગેરે રહેશે. પણ આચરધર્મમાં અને જીવનસાધનાની બાબતમાં, ત્રણે ધર્મોમાં મહદંશે એકતા છે. ત્રણે ધર્મો દઢપણે માને છે અને ઉપદેશે છે કે મનુષ્યજીવનની સાર્થકતા માટે વાસનાઓ છૂટો દોર આપવો તેમાં વિનાશ છે. દેહ અને આત્માનો આ સંયોગ મનુષ્યને વિરોધી દિશાઓમાં ખેંચે છે. કામ, ક્રોધ, મદ, મોહ, લોભ - આ બધી દેહની વાસનાઓ છે. પ્રેમ, કરુણા, મૈત્રી, પ્રમોદ, આત્માના ગુણ છે. એકને છોડવાથી બીજું પ્રાપ્ત થાય છે. આ અતિ વિકટ અને દીર્ઘ કાળની સાધના છે, દેખીતી રીતે કષ્ટમય છે, પણ સાચું સુખ, શાંતિ અને આનંદ આપનાર છે.

જીવનમાં સ્વાર્થનો સંઘર્ષ છે. પ્રત્યેક વ્યક્તિ પોતાનો સંકુચિત સ્વાર્થ જુએ છે, તેમાં સુખ માને છે. તેમાં મતાગ્રહ અને ઝનૂન પ્રવેશે છે. રાગ-દ્વેષનો સંગ્રામ છે. સ્વાર્થ આત્મઘાતી છે. સર્વ જીવો સાથે મૈત્રીભાવ અને અભેદ અનુભવીએ તેમાં જ આત્મકલ્યાણ છે. તેથી માણસની માનવતા પણ ચારે દિશામાં પાંગરે છે. પ્રેમ, કરુણા, મૈત્રી, પરોપરકાર, ભ્રાતૃભાવ, દયા, માણસના અંતરમાં છે જ અને અનેકવિધ સ્વરૂપે પ્રકટે છે. માણસની માનવતામાંથી શ્રદ્ધા ગુમાવવી એ મોટું પાપ છે. એ માનવતા જ આ જીવનને ટકાવી રાખે છે. જ્યાં જ્યાં માનવતા જોઈએ કે આચરીએ ત્યાં ચિત્ત પ્રસન્નતા અનુભવે છે. માણસ સમાજમાં બેઠો છે, અનેક સંબંધોથી વીંટળાયો છે. કેટલાક સંબંધો પરસ્પર વિરોધી છે. માણસ પોતની પ્રકૃતિથી દુ:ખી થાય છે અને બીજાંને દુ:ખી કરે છે. સ્વાર્થને માટે અસત્ય, હિંસા, અનીતિનો આશ્રય લે છે.

સામાન્ય માણસ નથી સંત કે નથી દુષ્ટ. પોતાના સામાન્ય સ્વાર્થમાં ન નીતિમય કે ન અનીતિમય, એવું જીવન જીવે છે. એ સદાચારી થવા ઈચ્છે છે. સંજોગો અને પ્રકૃતિ તેને સ્વાર્થમાં ખેંચે છે, છતાં માનવતા સર્વથા ગુમાવી બેઠો નથી. શક્તિશાળી વ્યક્તિઓ સત્તા, કીર્તિ કે પરિગ્રહના મોહમાં અનીતિ આચરે છે અને જનસમાજને તેમાં ખેંચે છે. સંતપુરુષો માનવતાને પોષે છે અને તે દિશામાં જનસમાજને માનવતાની પ્રેરણા આપે છે. આ રીતે સંસાર ચાલ્યા કરે છે.

વિચારવંત વ્યક્તિ શું કરે ?

પોતાનો આચારધર્મ નક્કી કરે. વ્યક્તિગત જીવનમાં વાસનાઓ અને કષાયો ઉપર બને તેટલો કાબૂ મેળવે. સામાજિક જીવનમાં બને તેટલું નીતિમય, પરોપકારી જીવન જીવે. બીજાંને દુ:ખ થાય તેવું વર્તન ન કરે અને પોતાની શક્તિ પ્રમાણે બીજાનું દુ:ખ ઓછું કરવાના પ્રયત્ન કરે. બધા સંતપુરુષો થાય એમ બનવાનું નથી પણ બધા સદાચારી થાય એટલું જરૂર બને. છતાં સંસાર સ્વાર્થથી એટલો બધો ભરપૂર છે કે કેટલીક વ્યક્તિઓએ સર્વત્યાગ કરી, પરમાર્થમાં જીવન સમર્પણ કરવું પડે. તે માટે બલિદાન આપવું પડે.

પોતે બને ત્યાં સુધી આવું જીવનઘડતર કરે પણ બીજાંઓ પોતાના સ્વાર્થે અન્યાય કરે તેનું શું કરવું ? પ્રતિકાર કરવો ? કેવી રીતે ? તેથી રાગ-દ્વેષ વદે તેનું શું ? જીવનની આ સમસ્યાઓ છે.

કોઈએ આત્મકલ્યાણ માટે સંસારત્યાગ ઉપદેશ્યો છે. કોઈએ અન્યાયનો બદલો અન્યાયથી વાળવાનું કહ્યું છે. જેવાની સાથે તેવા થવું એ માર્ગ બતાવ્યો છે. આ માર્ગ વિનાશકારી છે. કોઈએ સંસારને અસાર કહી, તેને સુધારવાનો પ્રયત્ન મિથ્યા છે એમ કહ્યું છે.

આ બધી વિકટ સમસ્યાઓમાં, મારી જીવનદૃષ્ટિ, ગાંધીજીને બધી રીતે આદર્શ તરીકે સ્વીકારે છે. પ્રકૃતિથી હું પ્રવૃત્તિમય છું, નિવૃત્તિ મારા સ્વભાવમાં નથી. સાધનશુદ્ધિ અને અન્યાયના પ્રતિકારમાં માનું છું. મારી ચિત્તવૃત્તિઓ ઉપર સારી પેઠે મારો કાબૂ છે. જીવનમાં સંયમ મને સ્વાભાવિક છે. ચિન્તન અને મનન મારા જીવનનું અંગ છે. સતત વિચારશીલ રહું છું. મારા ધ્યેયથી લાખો જોજન દૂર છું.

ગાંધીજીને આદર્શ તરીકે માન્યા છે, એ માટે નહીં કે તેઓ અવતારી કે પૂર્ણ પુરુષ હતા. તેમની અપૂર્ણતાઓ જ તેમના પ્રત્યેનું આકર્ષણ છે. તેમાં રહેલી જીવનસાધના મને માર્ગદર્શક છે.

શરીર વહે થાક્યું છે. નિર્બળતા વધતી જાય છે. દેહ હવે સાધન રહેવાને બદલે બંધન હોય એમ લાગે છે. સ્મૃતિ અને બુદ્ધિ ઉપર ઉંમરની અસર થઈ નથી. બન્ને વધારે સતેજ થઈ છે એમ અનુભવું છું. મનની સ્થિરતા, સ્વસ્થતા અને નિર્મળતા વધતી રહે છે. મનના અતલ ઉંડાણમાં જોઈ શકું છું. બધી બાહ્ય પ્રવૃત્તિઓ કર્યે જાઉં છું. પણ ક્યાં ય ખૂંપ્યો નથી. અલિપ્તતા વધતી રહે છે. કૌટુંબિક, વ્યવસાયાત્મક અને સામાજિક પ્રવૃત્તિઓ પ્રવાહપતિત કર્મરૂપે ચાલે છે. પારમાર્થિક પ્રવૃત્તિઓનો પણ હવે મોહ રહ્યો નથી. કોઈ તૃષ્ણા નથી, અતૃપ્તિ નથી, અસંતોષ નથી. જીવનની ધન્યતા અને કૃતકૃત્યતા અનુભવું છું. વિદાયની પૂરી તૈયારી છે. કાંઈ બાકી રહી જતું હોય તેવો લેશ ભાવ મનને નથી. ઈચ્છા મૃત્યુનું વરદાન હોત તો, પરાવલંબી થઉં તે પહેલાં આ દેહને છોડી દેવા ઈચ્છું, પણ કદાચ પ્રારબ્ધકર્મ ભોગવ્યે જ છૂટકો છે.

આટલું આત્મનિવેદન કરતાં અને લખતાં મને ઘણો સંકોચ થતો હતો. બાહ્ય વ્યવહાર અને અંતરદશાની એકતા ન હોય ત્યારે આવું આત્મનિવેદન સંશય પેદા કરે છે. મારો બાહ્ય વ્યવહાર સામાન્ય માનવીનો છે. કાંઈ છોડ્યું નથી. અંતરદશા જુદી છે. તેનું મનોમંથન મારી વ્યથા છે. ઉપદેશ કોઈ દિવસ આપ્યો નથી, પણ તેની જે કાંઈ ઝાંખી થઈ છે તે આચરણમાં મૂકવા નમ્ર પ્રયત્ન કર્યો છે. ૮૦ વર્ષની ઉંમરે, દીર્ઘ જીવન ઉપર દષ્ટિપાત કરું છું ત્યારે જે જાણ્યું અને અનુભવ્યું છે તે છેવટે શબ્દોમાં મૂકવા પ્રયત્ન કર્યો છે. માત્ર પ્રકટ ચિંતન છે. બધું કહી શકાતું નથી, કહેવાની જરૂર પણ નથી.

I have cultivated a spirit of resignation.

નરસિંહ મહેતાનું ભજન મને ગમે છે :

'જે ગમે જગતગુરુદેવ જગદીશને,
તે તણો ખરખરો ફોક કરવો.'

અંતમાં મારી પ્રાર્થના છે :

न त्वहम् कामये राज्यम् न स्वर्गम् न पुनर्भवम्।
कामये दुःखतप्तानाम् प्राणिनामार्तिनन्नम्।।

આ મારો જીવનમંત્ર રહ્યો છે.

❖❖❖

# મોતીશાની ટૂક

**ડૉ. કુમારપાળ દેસાઈ**

મુંબઈના શાહસોદાગર મોતીશા શેઠે સિદ્ધિગિરિ (પાલીતાણા) પર એવાં દેરાસરો બાંધવાનો નિર્ધાર કર્યો કે જેને જોઈને માનવીના હૃદયમાં અધ્યાત્મના ભાવ જાગે. આને માટે એમણે મહુવાના કુશળ સ્થપતિ રામજી સૂત્રધારને બોલાવ્યો અને કહ્યું કે અપૂર્વ મંદિરાવલિ રચવી છે. શત્રુંજય પર જઈને જગ્યા નક્કી કરો. શત્રુંજય પર્વત બે પાંખવાળો છે. એક પાંખ પર શ્રી આદીશ્વરનાથનું મુખ્ય જિનાલય છે અને બીજી પાંખ પર બીજાં દેરાસરો છે.

સ્થપતિ રામજીએ પર્વતની બે પાંખ વચ્ચેની ખીણ પસંદ કરી. એ ખીણમાં બસો ફૂટ ઊંડો ખાડો હતો. એમાં કુંતાસર તળાવ હતું.

આ ખાડો પૂરવો એ ભગીરથ કામ હતું. પરંતુ મોતીશા શેઠ તો મોટું કામ કરવા નીકળ્યા હતા. એમણે એ ખાડો પૂરીને અશક્યને શક્ય બનાવ્યું. એ પછી તો દેરાસર તૈયાર થવા લાગ્યું. જોતજોતામાં સાત વર્ષનાં વહાણાં વહી ગયાં.

વિક્રમ સંવત ૧૮૯૨ના વૈશાખ માસમાં મોતીશા શેઠની તબિયત બગડી. આ ચતુર માનવીએ મોતને જોઈ લીધું. એક બાજુ ભગીરથ ધર્મકાર્ય અને સામે આયુષ્યનો અંત. વિક્રમ સંવત ૧૮૯૨ના ભાદરવા સુદર એકમના રોજ પર્યુષણમાં પવિત્ર દિવસોમાં મોતીશા શેઠનું પ્રાણપંખેરું દેહનો માળો છોડી ગયું.

ચોપન વર્ષના સાહસિક મોતીશા શેઠનું અવસાન થતાં મુંબઈમાં મોટી હડતાળ પડી. એમનાં પત્ની દિવાળીબાઈ અને પુત્ર ખીમચંદભાઈ વિચાર કરવા બેઠાં. પિતાએ લખેલું વિલ ખોલ્યું તો એ વિલમાં લખ્યું હતું,

''જો અમારું મૃત્યુ થાય તો શત્રુંજય તીર્થનું અમે ધારેલું સર્વ કાર્ય પૂરું કરવું તે અમારા વારસને ફરજરૂપ છે.''

મોતીશા શેઠનું વિલ વાંચીને દિવાળીબાઈએ વૈધવ્યનો શોક ત્રણેક માસમાં દૂર કર્યો અને ધર્મકાર્યમાં મન પરોવ્યું અને મોતીશા શેઠના મુજબ શત્રુંજય તીર્થ પર 'મોતીશાની ટૂક'ને નામે ઓળખાતી જગા શિલ્પ અને સ્થાપત્યની કલાકારીગરીથી શોભતાં દેવાલયોથી જીવંત બની ગઈ.

માનવીની ભાવનાનો સાચો આંક જેમ એમું મન છે તેમ એનું વિલ પણ છે. વ્યક્તિના હૃદયમાં રહેલી ઈચ્છાનો પડઘો એના વિલમાં પ્રગટ થતો હોય છે.

મોશી શેઠના વિલમાં એમની ધર્મભાવના હતી તો પૂજ્ય શ્રીમોટાના વિલમાં ગામડાંઓમાં નિશાળના ઓરડાઓ બાંધીને પ્રજાને બેઠી કરવાની ભાવના હતી. વિલ એ માત્ર માનવીની અંતિમ ઈચ્છા નથી પણ માનવીના સમગ્ર વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે.

❖❖❖

# ભણવાનું પૂરું, હવે શું કરવું ?

**ડૉ. આશિષ શુક્લ**

ભણવાનું પૂરું, હવે શું કરવું ? તેનો જવાબ છે यथेच्छसि तथा कुरु

એક યુવાન શનિવારે પોતાની પરીક્ષાઓ પૂરી કરી હનુમાનજીના મંદિરે શ્રીફળ વધેરવા ગયો. દુકાનદાર પાસેના અલગ અલગ શ્રીફળ હલાવી હલાવીને જોયા અને પછી એક પસંદ કર્યું. ત્રીસ રૂપિયા આપતા આપતા તેણે દુકાનદારને કહ્યું કે બગડેલું નિકળે તો બદલી જઈશ. પેલા ભાઈએ જવાબ આપ્યો કે મારો છોકરો ભણતા ભણતા ખોટી સંગતે ચડી ગયો અને બગડી ગયો. શું કોલેજ વાળા મને ફરી મારો છોકરો બદલી આપશે ? એની વેદના સમજીને યુવાન મનોમન વિચારવા લાગ્યો કે માત્ર ડીગ્રી લીધે કાંઈ નહિ થાય. એ ડીગ્રી પછી પોતાના પરિવારને સંતોષ થાય એવું કાંઈ કરવું પડશે, પણ કરવું શું એ અઘરો પ્રશ્ન છે. ચાલો તેનો જવાબ મેળવવા પ્રયત્ન કરીએ.



કોલેજના છેલ્લા દિવસે બધા યુવાનો હળવા મુડમાં હતા. એવી જ હળવાશથી તેમણે મને પૂછ્યું કે સર અમારું ભણવાનું પૂરું, હવે શું કરવું ? મેં તેમને જવાબ આપ્યો કે શ્રી કૃષ્ણએ અર્જુનને કહ્યું હતું એ જ હું તમને કહું છું, यथेच्छसि तथा कुरु. બધાએ કહ્યું કે કૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું છે એટલે જોરદાર જ હશે પણ કાંઈ સમજાયું નહિ. મેં તેમને કહ્યું કે ટૂંકમાં કહું તો Do as you wish. આખી ગીતામાં અર્જુનને જેટલા પ્રશ્નો થયા હતા, ભગવાને તે બધાનું સમાધાન આપ્યું. છેલ્લે અઢારમાં અધ્યાયમાં કહ્યું इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया। विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु।। એટલે કે જે કહેવા જેવું હતું એ બધું જ મેં તને કહી દીધું છે, હવે તું તેના વિષે વિચાર અને પછી તું જે ઈચ્છે તે કર. અમે ગુરુ તરીકે તમને અભ્યાસના વિષયોની ઊંડી સમજ આપી શકીએ પરંતુ તમારા બદલે કર્મો ન કરી શકીએ. ક્લાસરૂમમાં, કેમ્પસમાં કે બહાર જે તમે મેળવ્યું છે તેના આધારે નિર્ણયો કરો. કર્મો તો તમારે પોતે જ કરવા પડશે. કોલેજ પૂરી થયા પછી એજ્યુકેશન નથી હોતું માત્ર એક્શન જ હોય છે.

ફરી એક યુવાને કહ્યું કે સર અમે કર્મો કરવા તૈયાર છીએ અને ઈશ્વર જેમ કહે તેમ કરવા માટે પણ તૈયાર છીએ. બસ એક વખત ઈશ્વર અમે ન કહે કે શું કરવું. મેં સૌને કહ્યું કે તમે એ સમજી લેજો કે અભ્યાસ પૂરો થયે આવું કરો કે આવું ન કરો એવું કહેવા વાળું કોઈ હોતું નથી. અહી ઈશ્વર પોતે કહે છે કે 'હું કહું તેમ ન કર' મને સાંભળ્યા પછી 'તારે જેમ કરવું હોય તેમ કર'. ઉપરવાળો આપણને પસંદગી કરવાની છૂટ આપે છે. ભગવાન ક્યારેય તમારા જીવનમાં કે તમારા કર્મોમાં દખલગીરી નથી કરતા. તમારી ક્ષમતા, આવડત, બુદ્ધિમત્તા કે ઈચ્છાશક્તિના આધારે તમે તમારો રસ્તો નક્કી કરો. અમે શિક્ષકો કદાચ તે રસ્તા પર અજવાળું કરી આપીશું પણ ચાલવું તો તમારે પોતે જ પડશે. તમારા નિર્ણયો, તમારા કર્મો અને તમારું ભાગ્ય તમારે જાતે જ નક્કી કરવાનું છે. જો નિર્ણય તમારો પોતાનો હશે તો જ તમે જવાબદારી પૂર્વક કર્મો કરશો. 'કર્મનો સંગથી રાણા મારો કોઈ નથી' આ ભજન તમે સાંભળ્યું જ હશે. આ જીવનમાં અને આ જીવન પછી પણ તમારી સાથે તમારા કર્મો જ રહેશે. માટે જ કહ્યું છે, કર્મ હી ભગવાન હૈ.

મિત્રો કોલેજમાં એડમીશન હોય કે કોર્સની પસંદગી, ક્યાંક ને ક્યાંક આપણને દોષનો ટોપલો કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિ પર ઢોળવાની ટેવ પડી ગઈ છે. મારે તો આમ કરવું હતું પણ... મારે તો આ જોઈતું હતું પણ... હું તો આમ કહેતો હતો પણ... બસ ઈશ્વર આપણને આ 'પણ' થી અલગ કરવા માટે જ કહે છે यथेच्छसि तथा कुरु. જો તમારું સારું થાય તો ઈશ્વરને તેનો યશ નથી જોઈતો અને ખરાબ થાય તો ઈશ્વરને દોષ ન આપતા. મને આશા છે કે માનવ માત્રને જવાબદાર બનાવતો Do as you wish નો આ સંદેશ તમને પણ જવાબદાર બનાવશે.

❖❖❖

# દ્રઢ સંકલ્પશક્તિ

**ચંદ્રેશભાઈ પારેખ**

લેખની શરૂઆત કરું તે પહેલા હિન્દી કવિ સોહનલાલ દ્વિવેદી ચાર પંક્તિ યાદ આવે છે જે માયૂષ થયેલા લોકોમાં જોમ ભરી દે છે.

जब तक न सफल हो, नींद चैन को त्यागो तुम
संघर्ष का मैदान छोड़ मत भागो तुम
कुछ किये बिना ही जय-जयकार नहीं होती
कोशिश करने वालों की हार नहीं होती

મનુષ્યમાત્રની તમામ ક્રિયાઓનું મુખ્ય ચાલકબળ એટલે 'સંકલ્પશક્તિ' અને અસાધારણ કાર્યો પાછળનું મુખ્ય પાસું એટલે 'દ્રઢ સંકલ્પશક્તિ'. આ દ્રઢ સંકલ્પશક્તિ શું ચીજ છે તે આવો નિહાળીએ.

દ્રઢ સંકલ્પશક્તિ

ભગવાન સ્વામિનારાયણ કહેતાઃ ''થાવું તો શ્રેષ્ઠ જ.''

જીવનની શ્રેષ્ઠતાને જાતિ, ધર્મ, કુળ કે વંશના આધારે ગણાવી શકાય નહીં. જીવનની શ્રેષ્ઠતા અને મહાનતા તો વ્યક્તિની ભીતરમાં રહેલા ગુણોને આધારે જ મૂલવાય છે. વ્યક્તિમાં રહેલા ગુણ તેની મિલકત, મૂડી **(Assets)** છે અને કરેલાં કાર્યો તેની શાખ, પાઘડી **(goodwill)** છે. કોઈ પણ કાર્યને સિદ્ધ કરવાનો પાયો એટલે જ 'દ્રઢ સંકલ્પશક્તિ' ત્યારે આ લેખમાળા દ્વારા આપણે આપણા જીવનમાં દ્રઢ સંકલ્પશક્તિનો ગુણ કેળવીએ. અનંતકોટિ બ્રહ્માંડમાં જે કાંઈ થાય છે તે બધું જ ભગવાન સ્વામિનારાયણની મરજીથી જ થાય છે. પરંતુ મનુષ્ય એમ જાણે છે કે મારાથી થાય છે.

''ધાર્યું બધું શ્રીહરિનું જ થાય,
મનુષ્ય જાણે મુજથી કરાય;
ગાડા તળે શ્વાન ગતિ કરે છે,
તે માન મિથ્યા મનમાં ધરે છે.
છે પ્રાણ નાડી પ્રભુને જ હાથ,
સૌને નચાવે વળી વિશ્વનાથ;
અજ્ઞાની લોકો અભિમાન આણે,
યથાર્થ શક્તિ હરિની ન જાણે.''



માટે જે કાંઈ પણ થાય છે તેના કર્તાહર્તા એક શ્રીજી મહારાજ છે. પરંતુ પ્રભુ નિમિત્ત બીજાને કરે છે. જેથી કરનારો બીજો કોઈ દેખાય પણ કર્તાહર્તા એક પ્રભુ જ છે. માટે આવું ભગવાનનું કર્તાપણું જીવનમાં સૌ પ્રથમ દ્રઢ કરવું. ત્યારબાદ દ્રઢ સંકલ્પ-શક્તિનો ગુણ દઢ કરવો. કેમ જે આપણી પ્રબળ ઈચ્છાશક્તિ હશે તો જ ભગવાન એ કાર્યમાં ભેળા ભળશે અને કાર્ય યથાર્થ રીતે પૂર્ણ થશે. માટે સમગ્ર લેખમાં જ્યાં દ્રઢ સંકલ્પશક્તિનું મહત્વ આવે તેમાં પ્રથમ એ જ સમજવું કે ભગવાનનું બળ અને કર્તાપણું હશે તો જ દ્રઢ સંકલ્પશક્તિ મુજબ ધાર્યું કાર્ય થઈ શકશે.

દ્રઢ સંકલ્પશક્તિ એટલે દ્રઢ નિર્ણય, વિચારની ચોકસાઈ, ચોક્કસ દિશામાં આગળ વધવાની પ્રબળ ઈચ્છાશક્તિ, દ્રઢ મનોબળ સાથેનો સંકલ્પ, ઈચ્છા. નક્કી કરેલા ધ્યેયને પૂર્ણ કરવા માટેની સંપૂર્ણ માનસિક તૈયારી એટલે જ દ્રઢ સંકલ્પશક્તિ..

માનવસહજ સ્વભાવ છે કે કાંઈક સારું જુએ, સાંભળે એટલે એ પ્રમાણે કરવાનો સંકલ્પ થાય, ઈચ્છા વ્યક્ત થાય. પરંતુ બહુ બધા સંજોગોમાં આ શક્ય બનતું નથી. કેટલાક માત્ર ક્ષણિક સંકલ્પ કે ઈચ્છા વ્યક્ત કરે છે, પરંતુ તેના માટે કોઈ પ્રયત્ન કરતા નથી. એમ બહુ બધા સંજોગોમાં સંકલ્પનું બાળમૃત્યુ થઈ જતું હોય છે. એટલે કે એકાદ-બે દિવસ થોડો પ્રયત્ન થાય પછી કશું જ નહીં. જવલ્લે જ કોઈ એવા વિરલા હોય છે કે જે સંકલ્પ પ્રમાણે પાર પાડે જ છે. આ થવાનું કારણ પોતાનામાં રહેલી પ્રબળ સંકલ્પશક્તિ જ છે. સંકલ્પની જેટલી પ્રબળતા વિશેષ એટલી જ સફળતા નજીક. દ્રઢ સંકલ્પશક્તિ વિનાનો માનવી ન તો પોતાની જાતને તારી શકે, ન તો દેશને કે સમાજને તારી શકે. ચાહે પછી તે ત્યાગી હોય કે ગૃહસ્થ હોય. તેઓ ક્યારેક પોતાની દ્રઢ સંકલ્પશક્તિની નિર્બળતાના કારણે પોતાની જાતને, ઘર-પરિવારને, દેશને, સમાજને અને સંસ્થાને પણ ડુબાડી શકે છે. કારણ કે દઢ સંકલ્પશક્તિ વિહોણી વ્યક્તિ દિશાશૂન્ય બની જાય છે. તેથી તેની પ્રગતિ થતી નથી કે તેને સફળતા પણ મળતી નથી. અને જો આવી વ્યક્તિ બે-પાંચ કે પાંચ-

પચ્ચીસ વ્યક્તિના લીડર સ્થાને હોય તો અન્ય સભ્યોને પણ દિશાશૂન્ય બનાવી દે છે.

બાલ્યાવસ્થાથી જ આપણા જીવનમાં હર એક કદમે દ્રઢ સંકલ્પશક્તિની જરૂર પડે છે. પોતાના વિદ્યાર્થીકાળમાં જે વ્યક્તિ દ્રઢસંકલ્પી બની ભણી એ જ કોઈક આદર્શ વ્યક્તિ બને છે. એ જ કંઈક પામે છે. એક જ ક્લાસમાં ભણતા બે સરખી ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓમાં એક ડૉક્ટર, સી.એ. જેવી ઊંચી પદવીને પામે છે. જ્યારે બીજાને પટ્ટાવાળાની નોકરી પણ મળતી હોતી નથી. કારણ બહુ સ્પષ્ટ છે કે જે ભણવા માટે દઢસંકલ્પી બન્યા તે પામ્યા ને બીજા રહી જાય છે.

ગરીબ ઘરમાં ઊછરી રહેલ બાળક અબ્દુલે એક દિવસ આકાશમાં પક્ષી ઊડતું જોયું. તરત જ દ્રઢ સંકલ્પ કરી જીવનનો ધ્યેય બનાવ્યો કે એક દિવસ હું જરૂર આકાશમાં સાચુકલા વિમાન બનાવી તેને ઊડાડીને જ રહીશ. દઢ સંકલ્પશક્તિના બળે જ તેઓ એક દિવસ મિસાઈલમૅન શ્રી અબ્દુલ કલામ બન્યા. એટલું જ નહિ, ભારતના રાષ્ટ્રપતિની સર્વોચ્ચ પદવી સુધી તેઓ પહોંચ્યા.

ગાંધીજીએ દેશની કપરી પરિસ્થિતિ જોતાં હથિયારબંધ સૈન્ય ધરાવતી અંગ્રેજ સલ્તનતની સામે અહિંસાના પૂજારી એવા ગાંધીજીએ અહિંસક લડત લડી દઢ સંકલ્પશક્તિ દ્વારા દેશને આઝાદ કર્યો. એ જ રીતે દઢ સંકલ્પશક્તિથી જ અંધ ઍરિકે હિમાલયનું ઉત્તુંગ એવરેસ્ટ શિખર સર કર્યું. ઈતિહાસનાં પૃષ્ઠો આવા મક્કમ મનોબળવાળા દ્રઢ સંકલ્પીઓની ગૌરવવંતી ગાથાને નિરંતર ગાય છે. દ્રઢ સંકલ્પશક્તિથી જ વ્યક્તિ પ્રગતિશીલ બને છે.

મનુષ્યમાં બળની કમી નથી, પરંતુ દ્રઢ સંકલ્પશક્તિની કમી છે.''જો દ્રઢ સંકલ્પશક્તિ અને ભગવાનના બળ સાથે કોઈ પણ વ્યક્તિ આગળ વધે તો તેને આપત્તિઓમાંથી આપમેળે રસ્તો મળી જાય છે. અશક્ય કાર્ય પણ શક્ય થઈ જાય છે. દ્રઢ સંકલ્પશક્તિવાળી વ્યક્તિની ડિક્શનેરી (શબ્દકોશ)માં 'અશક્ય', 'ન થાય', 'મને ન ફાવે' જેવા શબ્દો હોતા નથી. તેને કોઈના હલકા બે શબ્દો પાછા પાડી શકતા નથી, દેહનો ભાર-ભીડો કે તકલીફ અડતાં નથી. હતાશા અને નિરાશા નજીક આવતી જ નથી. તેમનો ઉત્સાહ દિન-પ્રતિદિન વધતો ને વધતો જ રહે છે.

માટે આપણા જીવનમાંથી 'હું જાણતો નથી', 'હું ન કરી શકું', 'મારી ક્ષમતા નથી', 'આ અશક્ય છે' એવા નકારાત્મક અભિગમને બદલી 'હું કરીશ જ તથા કરીને જ જંપીશ' જેવો હકારાત્મક અભિગમ કેળવીશું તો આવી દ્રઢ સંકલ્પશક્તિથી જ આપણું અડધું કાર્ય પૂર્ણ થઈ જાય છે. અશક્યતા એ જીવનમાં કે વિશ્વમાં નથી હોતી પરંતુ માત્ર માનવીની કલ્પનામાં જ રહેલી છે. માટે અશક્ય છે તેવી કલ્પનાઓને તોડી દ્રઢ સંકલ્પશક્તિ કેળવીએ. તો જ નાના લક્ષ્યથી શરૂ કરી મોટા લક્ષ્ય સુધી જરૂર પહોંચી શકાય.

**કાકા સાહેબ કાલેલકરે પાંચ વાક્યોમાં કેટલુ બધુ સમજાવી દીધું**

**ઝાકળ બેઠું પાંદડે ડાળી ને શું ભાર.... ?**

બસ એટલું જ હળવું જીવવું,

શું રાગ - દ્વેષ ને શું ખાર. ?

એક કપ **ચા''હ''** ચાલશે..

પણ, એક **કપ''ટી''** નહિ ચાલે...।

શ્રીજી મહારાજે પણ ગઢડા મધ્યના ૩૩મા વચનામૃતમાં કહ્યું છે કે, ''મનુષ્યદેહે કરીને ન થાય એવું શું છે ? નિત્ય અભ્યાસ રાખીને કરે તે થાય છે.'' અહીં શ્રીજી મહારાજે નિષ્કામી વર્તમાન પાળવા બાબતે આ વાત જણાવી છે. અનાદિકાળથી જીવાત્મા જે વિષયવાસનામાં જ આનંદ માનતો અને પામતો આવ્યો છે, જેના વિના એક ક્ષણમાત્ર પણ તે રહી શકતો નથી એવા માયિક પંચવિષયનો ત્યાગ કરી મન-કર્મ-વચને નિષ્કામી વર્તમાન પાળવું અતિ કપરું છે. મોટા મોટા ઋષિમુનિઓ, તપસ્વીઓ અને ત્યાગીઓ પણ નિર્વાસનિક થઈ શક્યા નથી. એવી અજેય વાસનાને પણ શ્રીજીમહારાજ કહે છે કે, દ્રઢ સંકલ્પ કરી નિત્ય પ્રત્યે પ્રયાસ કરવામાં આવે તો એના પર અમારી કૃપા થાય છે ને તે અમારી કૃપાએ કરીને વાસના ટળે છે. જો અનાદિકાળની વાસનાને દઢ સંકલ્પશક્તિ તથા પ્રભુના બળે જીતી શકાય તો આ લોકનાં કાર્ય તો દ્રઢ સંકલ્પશક્તિથી થાય જ... એમાં શંકાને કોઈ સ્થાન નથી. જે ધારે તે અને જે કરે તે મહારાજના બળે થાય જ. કશું જ અશક્ય નથી. એટલે જ કહ્યું છે કે, ''અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.''

સંકલ્પની સાથે શક્તિને જોડવી એ પણ એક કળા છે અને એમાં બહુ થોડા લોકો જ પારંગત થઈ શકે છે. તેનું કારણ છે,પરિશ્રમ અને પ્રયાસો પ્રત્યે નિરપેક્ષ બની રહેવું. સચ્ચાઈ એ છે કે જેની સાથે સશક્ત પ્રયાસ પણ જોડાયેલા હોય તે જ ઈચ્છાઓ પૂરી થાય છે. અહીં શક્તિનો અર્થ ઉદ્દેશ દ્રઢ નિષ્ઠા, તેને પૂરો કરવા માટે આવશ્યક બાધાઓ સાથે સંઘર્ષનું મનોબળ અને સાહસ છે. તેના વિના સંકલ્પ ક્યારેય શક્તિ બની શકતા નથી.

❖❖❖



# રજપુતાણી

■ ધૂમકેતુ

ચોમાસામાં જ્યારે બે કાંઠામાં ચાલી જતી હોય ત્યારે રૂપેણ નદી બહુ ભયંકર બની જાય છે જે ઝપાટામાં આવે તે ઘૂમરી ખાતા ધરામાં પડીને ઘડી બેઘડીમાં અદૃશ્ય થઈ જાય છે.

એક વખત ચોમાસું હતું. રૂપેણ બેય કાંઠામાં આવી હતી. ખેતર છલક્યાં હતાં. નદીનાળાં તૂટ્યાં હતાં, અને બારે મેઘ ખાંગા થઈને આજ ને આજ આકાશ પૃથ્વી એક કરવાનું જોશ બતાવી રહ્યા હતા.

તે વખતે એક ગરાસિયો પોતાની ઘોડી પર સવાર થઈને ત્યાંથી નીકળ્યો. પોતાની ઘોડી તેણે રૂપેણમાં નાખી, ઘોડી બહુ પાણીદાર અને જાતવંત હતી. પણ પાણીનો વેગ ઘણો જ હતો અને થોડી વારમાં સવાર તથા ઘોડી, પાણીમાં ગોથાં લેતાં, ઘૂમરી ખાતાં, ધરામાં જઈને પડ્યાં. ગરાસિયાની બધી મહેનત નકામી ગઈ અને થોડી વારમાં જ એ સાહસને શૌર્ય અચેતન થઈ ગયાં.

રૂપેણમાં થઈને જતો એ માર્ગ આડે દિવસે બહુ રળિયામણો, ને સુંદર વનરાજીથી ભરપૂર છે. તેમ જ ગાડાં વિસામો લે એવી એક વડલાની ઘટા પણ ત્યાં જામી ગઈ છે. એ સુંદર વડલા નીચે કંઈક મુસાફરોએ આરામ લીધો હશે; અને કંઈક થાકેલાં પશુઓ આનંદ પામ્યાં હશે. રૂપેણ નદી, આવો સુંદર વડલો, રૂપાળી ચોખ્ખી જમીન, નાનું પણ સારું ને રળિયામણું, ભયંકર ન લાગે તેવું વન, એ બધાંને લીધે પોચામાં પોચો વાણિયો પણ ત્યાં આરામ કરવા લલચાય એવી એ જગ્યા બની રહી છે. પણ આ ગરાસિયાના મૃત્યુ પછી એ સુંદર માર્ગ ઉજ્જડ પડતો ગયો. ઘણી મુશ્કેલીઓ વેઠીને પણ લોકો લાંબો માર્ગ લેવા લાગ્યા અને એ સુંદર માર્ગ ઉજ્જડ થવા લાગ્યો.

ચારે તરફનાં ગામડાંમાં વાત ચાલતી હતી કે એ માર્ગે થઈને કોઈ મુસાફર સહીસલામત જઈ શકતો નથી. એટલે રળિયામણો માર્ગ છોડીને લોકો વેરાન માર્ગે જવા લાગ્યા અને છોડી દીધેલો માર્ગ ધીમે ધીમે ભયંકર બનવા લાગ્યો.

એક વખત ખરે બપોરે ધૂમ તડકામાં એક ચારણ પાસેના ગામડામાં થઈને આ રસ્તે આવવા નીકળ્યો. ગામ સોંસરવો નીકળ્યો ને માર્ગ પૂછવા લાગ્યો ત્યારે કેટલાકે વગર માગી સલાહ આપી કે ''ભાઈ, એ રસ્તે જવા જેવું નથી; એ રસ્તે જનારનું માથું ધડ ઉપર રહેતું નથી.''

''કેમ ? એવું શું છે ?''

પાંચ વરસ પહેલાંની વાત છે, પણ એક ગરાસિયો અવગતે ગયો છે. ત્યારથી એ રસ્તો ઉજ્જડ બન્યો છે. ગરાસિયો ચોમાસામાં નદી ઊતરતાં તણાયો ને આશાભર્યો ગયો. એને જાવું હતું નદી ઊતરીને સામે પાર, પોતાના સાસરાના ગામમાં ઠકરાણાંને તેડવા, પણ અધવચાળે રહી ગયો. ત્યાર પછી એ માર્ગે જનાર કોઈ બચ્યો નથી.''

''જોઈ લેશું'' કહીને ચારણે તો ઘોડી મારી મૂકી.

ગામડાના લોકો મૃત્યુના મુખમાં દોડતા મૂર્ખ ઉપર હસીને છૂટા પડી ગયા. ચારણે એ પંથ લીધો. બપોર જરાક નમતા હતા. પશુપંખી તડકાથી ત્રાસીને ઘડીવાર આરામ લેવા છાયા તરફ વળી ગયાં હતાં.

આખી સીમમાં એક જાતની નિઃશબ્દતા વ્યાપી ગઈ હતી તે વખતે પેલો ચારણ, રૂપાનો રસ વહેતો હોય તેવો રૂપેણનો ધોળો સુંદર પટ નિહાળીને લાખ લાખ ઊર્મિઓથી ઘેલો ઘેલો થઈ ગયો : એ..ય... ને આ તરફ વડલો ઝૂકી રહ્યો છે : બીજી તરફ ખાખરાનાં વન ઊભાં છે. ઘાટી છાયામાં પારેવાં, તેતર ને મોરલા કેવી કેવી ગોઠડી માંડી રહ્યાં છે :

ચારણ તો આ સ્થળ અને આવી રૂપાળી રચના જોઈને, ''ભલે રૂપેણ !'' ''ભલે રૂપેણ !'' બોલતો આગળ વધવા લાગ્યો. વડલાની છેક પાસે પહોંચ્યો ત્યારે ત્યાં એણે જે રચના જોઈ, એ જોઈને તો આડો આંક વળી ગયો.

વડલાની નીચે, કોઈ પચીસ પચીસ દેવાંશી રજપૂતોની સભા ભરાઈ હતી. રૂડી જાજમ ઉપર, બરાબર એક હાથ દળની ગાદીઓ પથરાઈ ગઈ હતી, ધોળા બાસ્તા જેવા ઓછાડ પથરાયા હતા. ને વચ્ચોવચ્ચ રેશમી ગાલીચા ઉપર એક જુવાન રજપૂત બેસીને ડાયરામાં વાત કરી રહ્યો હતો. વડલાની પાસે કચ્છી અને કાઠિયાવાડી જાતવંત ઘોડા ઊભા રહી ગયા હતા. ડાયરામાં રૂપેરી હુક્કો ફરી રહ્યો હતો. એક તરફ કસુંબો ઘૂંટાઈ રહ્યો હતો. બીજી તરફ

મીઠાઈના થાળ ભર્યા હતા. બાર ગામનો ગરાસિયો ઘડીભર મુસાફરીમાં આરામ લેવા ઊતર્યો હોય તેવો સમૃદ્ધિ ભરેલો, પણ જુનવટ ને શૌર્યની રેખાએ રેખા સાચવતો. આ દેખાવ જોઈને ચારણ પણ ઘોડી ઉપરથી ઊતરી પડ્યો ને ડાયરા તરફ ચાલ્યો. એને આવતો નિહાળીને જુવાન રજપૂત જરા મલકયો. તેણે ડાયરા તરફ અર્થવાહી દૃષ્ટિએ જોયું, ને ચારણને આવકાર દેનારા પચીસ - પચાસ સાદ એકસાથે થઈ રહ્યા : ''આવો, આવો , બાપ ! આવો. ટાણાસર છો. કયાંથી આવો છો ?

'ચારણ બેઠો, પણ આખી સભામાં કોઈના મોં પર માનુષ તેજ લાગ્યું નહીં તે જવાબ દેતાં ખંચાયો; પણ વડલાની નીચે હણહણાટ કરતાં જાતવંત ઘોડાં જોઈને તે ઠંડે પેટે સામે બેઠો. ડાયરામાં ફરતો રૂપેરી હુક્કો આવ્યો તેની બેચાર ફુક લીધી, ખાસી આડી હથેલી ભરીને કસુંબો પણ લીધો. સ્વપ્નસૃષ્ટિમાં ચડ્યો હોય તેમ ચારણ જાતજાતની વાતો કરવા લાગ્યો .

''દેવીપુત્તર છો કે ?'' પેલા જુવાન રજપૂતે અચાનક વચ્ચે પૂછ્યું : એક સવાલનો જવાબ દેજે.

''ચારણ તેની સામે જોઈ રહ્યો. 'એવું છે કે ઈશ્વરે આટલા દી ને આટલી આટલી ઋતુ ઘડી છે પણ એક રતની મીઠાશ બીજી રતમાં મળે નહીં, પણ બધી રતમાં - સારામાં સારી ને મીઠામાં મીઠી કઈ ?

'ચારણ જાણે વાત કળી ગયો તેમ ગોઠણભેર થઈ ગયો. દરબાર ! રતુ બધી સારી, પણ દીનાનાથે જોબનવંતાં નરનારી માટે શિયાળો ઘડીને હાથ ધોઈ નાખ્યા છે. શિયાળો, બાપ ! કંઈ શિયાળો થાવો છે ? એ... ને રૂડાં ભાતભાતનાં પકવાન ખવાય, મીઠા તાપે દેહ તપી તપીને રસ રસ થઈ જાય, ને પોંખ ને ઓળા, ને જાદરિયા ને મીઠાં ગોરસ અને ગોરી નાર, ને બાપ ! શિયાળો ઈ શિયાળો. શિયાળો કંઈ થાવો છે ! શંકર-પાર્વતીનો જોગ છોડાવવા દીનાનાથે શિયાળો ઘડ્યો છે.

રજપૂત ચમકતી આંખે ચારણ તરફ જોઈ રહ્યો. 'પણ માણસમાત્રને જીવન દેનાર વરખા ઋતુ કંઈ થાય ?' તેણે ફરીને ચારણને પૂછ્યું .

ચારણે માથું ધુણાવ્યું , 'ના, બાપ, ના. જ્યાં ત્યાં ડહોળાં પાણી હાલે ને કાદવ થાય, ને વીજળી ચમકે. ઢોર ખેંચાય, માણસ તણાય...''

રજપૂત વધારે ટટ્ટાર થયો. તેની ચમકતી આંખમાં ઊંડી વેદના ને નિરાશા દેખાવા લાગ્યાં. ચારણ જોયું ન જોયું કરીને આગળ વધ્યો : 'એવી ચોમાસાની રત તો બાપ કણબી માટે હોય. એમાં કાંઈ પિયુ ને કામની મલકાતે મોંએ રસની વાતો માંડે ? બાપ, રતમાં રત શિયાળો, તે પછી લ્યો તો ઉનાળો, ને ચોમાસું તો કાંઈ રત કહેવાય ? ઈ તો ક - રત ! ક-રત !

''ભારે કરી ચારણ ! બહુ કરી ! દેવીપુત્તર ખરો !'' કહીને રજપૂત બેઠો થયો.. તે ઊઠીને ચારણની પાસે આવ્યો ને તેનો હાથ ઝાલીને તેને ઊભો કર્યો.'

'દેવીપુત્તર ! હું ગરાસ્યો છુ.'' રજપૂત બોલવા લાગ્યો.

ચારણે વિહ્વળતાથી આસપાસ જોયું. ત્યાં ડાયરો ગેબ થયેલો લાગ્યો. ઘોડાનો હણહણાટ એકદમ બંધ પડતો લાગ્યો. માત્ર પોતે ને ગરાસિયો બે જ જણા વડ નીચે ઊભા હતા !

''અને ભડકતો નહીં હોં....''

ચારણ હસ્યો : ''ભડકું ? બોલ, બોલ રજપૂત ! તારે કહેવું હોય ઈ કહી દે.''

જુવાન રજપૂતના મોં ઉપર આશાનાં કિરણ ફૂટતાં લાગ્યાં. તેણે વધારે પ્રેમથી ચારણનો હાથ દાબ્યો : ''પાંચ વરસ ઉપર ભરચોમાસે રજપૂતાણીને મળવા હું નીકળ્યો. રૂપેણ બેય કાંઠામાં આવી હતી, અને પેલો ઘૂનો-'' તેણે વેદનાથી હાથ ઊંચો કરીને ઘુના તરફ અત્યંત દુઃખભરી દૃષ્ટિ કરી.''ધૂનામાં હું ડૂબ્યો અને રજપૂતાણીને મળવાની આશા અંતરમાં રહી ગઈ ! ''

નિરાશાના ડુંગર દાબવા પ્રયત્ન કરતો હોય તેમ રજપૂત ઘડીભર શાંત થઈ ગયો. 'અને દેવીપુત્તર ! બે માણસની વિજોગ જેવી વસમી વાત કઈ છે ?'

''બાપ, હા. તું તારે તારી વાત પૂરી કરી જા.''

'સાત સાત જનમારાનાં ચક્કર મારા ઉપર તોળાઈ રહ્યાં છે. તું મારું એક કામ કરે તો આ અવગતિયો દેહ ગતે જાય. તને ખબર છે, કે દેહ વિનાની એકલી વાસના આગના ભડકાની પેઠે ન બળી શકે તેવા આત્માને પણ ભરખી જાય છે ?

'હા.'

'ત્યારે તું રૂપેણ ઊતરીને આથમણી કોર હાલ્યો જા. પાંચ ગાવ ઉપર દાંતાસર ગામ છે. ત્યાં નરી કંકુમાંથી પડી હોય એવી મારી રજપૂતાણી રહે છે. જો રજપૂતાણી મને એક વખત આવીને દર્શન દઈ જાય તો મારો જીવ હેઠે બેસે. તારા વિના આ કામ બીજું કોણ કરશે ?'

આજીજીભર્યો રજપૂતનો દુઃખી સ્વર બંધ થયો કે તરત જ ચારણે જવાબ વળ્યો : 'રજપૂત ! મારો કોલ છે કે જો સાચો દેવીપુત્તર હોઉં તો રજપૂતાણીને એક વખત આંહીં લાવું. પણ તું જો અણિશુદ્ધ ગરાશ્યો હો તો વેણ દે કે આ રાજમારગ જેવા મુસાફરીના મારગ ઉપર પછી કોઈ દી ઊભા ન રહેવું.'

'કોલ છે, જા, કોલ છે, કે પછી આ મારગ છોડી દેવો ; અને ચારણ ! હું

## શ્રદ્ધાંજલિ



## ભારતીબેન મુગટભાઈ વોરા

ઝાલાવાડી સભાના સ્વજન, ઝાલાવાડી બૃહદ્ મુંબઈ – મહિલા મંડળ તેમજ સાઉથ મુંબઈ કેન્દ્રમાં ૪૫ વર્ષથી પ્રમુખપદ શોભાવ્યું છે. મિલનસાર, ઉત્સાહી અને જાજરમાન વ્યક્તિત્વ ધરાવતા ભારતીબેન મુગટભાઈ વોરા ૨૩ મી એપ્રિલ ૨૦૨૩ના રોજ દેહાવસાન થયું છે

હસમુખો ચહેરો અને બધાને સાથે રાખીને કામ કરવાની કળા હતી, તેમના દેહાવસાનથી બૃહદ ઝાલાવાડી મહિલા મંડળ તથા સાઉથ મુંબઈ મહિલા મંડળને ખોટ પડી છે.

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

ઝાલાવાડી મહિલા મંડળ–મુંબઈ

---

ચોમાસામાં મર્યો છું એટલે મને ચોમાસું ખારું લાગે છે, મુસાફરને કંઈ રત સારી એમ જ હું પૂછું છું. હેબતથી કે ભે'થી માણસ બીજે-ત્રીજે દિવસે મરી જાય છે. મુસાફરો આ રીતે કરે છે. એમાં મારો વાંક નથી , ચારણ ! ''

''બહુ સારું, બાપ! ત્યારે આજથી આઠમે દિવસે રજપૂતાણી અહીં આવશે.''

અને ચારણે ડોકું ધુણાવ્યું ને ઘોડાની રેનને પકડવા પાછળ નજર કરી. તેણે ફરી વાર જોયું ત્યારે માત્ર વડલાનાં પાન ખખડતાં હતાં, તીવ્ર વેદના ભોગવવા તે એકલો ઊભો રહીને પાન ખખડાવી રહ્યો હતો.

રજપૂતે કહેલો માર્ગ પકડીને ચારણ દાંતાસર આવ્યો. ચારણ તો જુદ્ધરમણે ચડેલા રજપૂતનો આનંદ છે : અને રાજદરબારે, જ્યારે મોંઘો રાણીવાસ સૌના ઉપર કંઈ ને કંઈ આળપંપાળ ચડાવી જાય, ત્યારે એકલો રાજકવિ જ એમાં નિર્દોષ મનાય છે. ચારણ રજપૂતના સસરાને ત્યાં ઊતર્યો અને રજપૂતાણીને એકલો મળ્યો

''ગરાસણી! જોજે, બાપ ! પાછું ડગલું ન ભરતી. એક કામ સાટુ સંભારી છે.''

ગરાસણી તો એના શરીર જેવી બોલવે મીઠી હોય છે. સોનરેખ દાંત દેખાતા હોય, અને ઘાટીલાં નાનાં ઠોળિયાં કાનમાં લટકતાં હોય, એવી ગરાસણી જ્યારે બોલે છે ત્યારે જાણે બોલમાં મીઠપનો પાર નથી એમ લાગે. ગરાસણીએ જવાબ વાળ્યો : ''બોલો, મારા જેવું શું કામ પડ્યું ?''

''બાપ! જીવતા નેહ તો માનવી માતર રાખે છે, પણ આ તો મર્યા પછીના નેહની વાત છે.''

ગરાસણી ચમકી. ચારણ બોલે તે સાંભળવા વધારે આતુર બની.

'દરબાર ગામતરે ગયા કેટલાં વરસ થયાં?'

'પાંચ વરસ.'

'ભલે બાપ ! સાચું બોલજે; તો પછી તને દરબાર સપનેય ચડેલ ખરા કે?'

'ના, ક્યારેય નહીં. જાણે ગયા પછી પ્રીતિ ભૂલી જ ગયા છે.'

'ના, બાપ , ના. સાચો અણિશુદ્ધ ગરાસ્યો કાંઈ સતીને ભૂલે ? શંકર - પાર્વતીના જોગમાં કાંઈ મણા હોય ? ભૂલ્યો નથી, હજી ગરાશ્યો તને ભુલ્યો નથી. અને સાંભળજે બાપ, ભડકતી નહીં હોં ! સાચી ગરાસણી છો કે ?'

રજપૂતાણી ટટ્ટાર થઈ : ચારણ ધ્રુજે એટલી દઢતાથી બોલી : ''આજ પરીક્ષા કરવી છે ?'' શું ગરાશ્યાએ ભૂત થઈને મારી ખબર કઢાવી છે ના?''

ચારણ હેબતાઈ ગયો : ''રજપૂતાણી ! ગજબ કરી, તને ખબર ક્યાંથી ?''

''ખબર કયાંથી? રણસંગ્રામમાં મરે નહીં એ રજપૂતમાત્ર ભૂત. અને એવા ભૂતને વાસનાસહિત જડમૂળથી ઉખેડી નાખવા માટે જ, હું ગરાસણી છતાં સતી નથી થઈ. બોલ ચારણ, હવે કાંઈ કહેવું છે?''

''ગરાશ્યો તને મળવા આવતાં રૂપેણમાં ડૂબ્યો છે, એ નેહ કાંઈ જેવોતેવો કહેવાય ?''

''ના, ના, નેહ જેવોતેવો કહેવાય?'' ગરાસણી કરડાકીથી બોલી અને એટલે જ રૂપાળો સોને મઢ્યો હોય એવો રાજમારગ ગરાશ્યો ઉજ્જડ કરી રહ્યો છે. સાચું કે?''

'સાચું , બાપ ! સાચું , પણ મરેલ હારે કાંઈ વેર હોય? ભૂતની હારે કાંઈ ભડ થવાય? ઈ તો એવાની વાસના હોય એને કટકું બટકું નાખો, એટલે જાય ભાગ્યાં.

તે સાંભળ, બાપ, ગરાશ્યાની વાસના છે તને જોવાની. મને બે દી પહેલાં વડ હેઠળ મળ્યો. ધોળે દીએ કેસરી સિંહ જેવો કચેરી ભરીને બેઠો'તો અને જુઓ તો દેવાંશી રજપૂતોનો ડાયરો જામી ગયેલો. જાણે મરતલોકમાં ફરી વાર અવતર્યા હોય! મારી પાસેથી વેણ લીધું કે ગરાસણીને એક વાર દેખાડ. મેં બાપ ! વેણ આપ્યું છે અને તારે વેણ પાળે છૂટકો છે. અને પછી ગરાશ્યો ઈ મારગે કોઈ દી દેખા નહીં દીએ એવું વેણ લીધું છે.''

વેણ પાળીશ , એક વાર નહીં , હજાર વાર. પણ હું તો ગરાસણી છું. એણે વટેમાર્ગુને માર્યા છે ને માર્યા પછી જાણે કાળો કેર વર્તાવ્યો છે. રૂપેણનો ઘેઘૂર વડલો ઉજ્જડ કરી મૂક્યો છે, અને સોનાની રેખ જેવો રાજમારગ કાળોધન કરી દીધો છે. એવો ગરાશ્યો મારો ધણી હોય તો ધણીનેય સોંસરવો વાઢી નાખું.

આવીશ. મળવા આવીશ , પણ ચારણ! એને કહી આવજે કે રજપૂતાણી આવે છે ને ખાંડાની ધારે ફરી વાર લગન કરવાના એને કોડ જાગ્યા છે.''

''રજપૂતાણી! બાપ ! આ તો અવગતિયો દેહ. એની હારે કાંઈ ખાંડાની ધારે ધિંગાણાં થાશે ? ઈ તે કાંઈ મનખાદેહ છે કે કબજ રિયે ? ઊડી જાશે , જાણે વંટોળિયો હાલ્યો ગયો.''

.... કેતકીના સોટાની જેમ રજપૂતાણી સીધી ટટ્ટાર થઈ ગઈ. એની પાતળી દેહલતા નાગણની જેમ, જાણે ફૂંફાડા દેતી ઊભી થઈ ગઈ; મરદના પણ હાડેહાડ ધ્રૂજે એટલી કડકાઈથી તે ચારણ સામે જોઈ રહી: 'દેવીપુત્તર છો? રજપૂતાણી હારે વાત કરવી છે કે વાણિયણ હારે ?'

અને ઝડપ દેતીકને એક ફલંગે તેણે ખીંટી ઉપરથી કાળી નાગણ જેવી તલવાર લીધી. એને નાગી કરીને મ્યાન ફેંકી દીધું : ''ચાલો! દેવીપુત્તર ! મોઢા આગળ થાઓ. આજ એ મારગને નરભે કરી મૂકવો છે.''

રજપૂતાણી બોલ્યાચાલ્યા વિના ચારણ આગળ ચાલ્યો અને પાછળ મહિષાસુરને હણવા ચડેલી જાણે રણચંડી હોય તેવી રજપૂતાણી ચાલી.

બપોરની બાર વાગ્યાની તક સાધીને જ રજપૂતાણી અને ચારણ વડલા હેઠે આવી પહોંચ્યાં. વડલાનાં પાન એવી ભયંકરતાથી ખખડી રહ્યાં હતાં કે કાચુંપોચું. હૃદય તો ત્યાં જ ગેબ થઈ જાય. આખી સીમમાં બીજું કોઈ દેખાતું નહોતું ; વડલા નીચે કોઈ પણ મુસાફર નહોતો; અને આવી ભયાનક એકલતામાં ચારણ અને રજપૂતાણી બે જ જણાં ઊભાં રહ્યાં.

''કયા છે રજપૂત ?'' રજપૂતાણી બોલી, અને એના અવાજથી જાણે ધ્રુજતો હોય તેમ વડલો વધારે ખખડ્યો :

''આંહીં કોઈ નથી !''

''હવે ઘડી બે ઘડીમાં તમને આવ્યા દેખાડું.''

થોડી વાર સુધી બન્નેના મૌનથી જગ્યા વધારે ભયંકર થતી લાગી.

અચાનક એક ઘોડેસવાર દેખાયો. રજપૂત જાણે પોતાની પાણીપંથી ઘોડી લઈને ચાલ્યો આવે છે. નજર તો રૂપેણની સામે ને સામે મંડાઈ રહી છે.

ચારણે વિવળતાથી રજપૂતાણી સામે જોયું.

રજપૂતાણીના ચહેરા પર ભયનું નામનિશાન ન હતું. તેણે પોતાની તલવાર વધારે જોસથી પકડી, અને ચારણને પડકાર્યો : ''જોજે, મરદ થાજે હોં !''

થોડી વારમાં ઘોડેસવાર છેક પાસે આવ્યો, અઠ્ઠાવીસ-ઓગણત્રીસ વર્ષનો ભરજુવાનીમાં આવેલો રૂપાળો રજપૂત દેખાયો.

''બસ, એ જ. આવવા દે.''

''જોજે હોં ; જોગમાયા! ઘા ન કરતી''

''રજપૂત તદન નજીક આવ્યો. તેનું રૂપાળું મોં દેખાયું. તે રજપૂતાણીની સામે જોઈ રહ્યો. રજપૂતાણી તેની સામે જોઈ રહી.''

''ઓળખાણ પડે છે કે ?''

''હા, હા, ''રજપૂતાણીએ જવાબ વળ્યો : ''ઓળખાણ કેમ ન પડે ? જેણે બાયડીને મળવા નિર્દોષ વટેમાર્ગુ માર્યા, રાજમારગ અભડાવ્યો, ને ભિખારીની પેઠે ચારણને જાચ્યો અને ....

''હં હં... બાપ!'' ચારણે રજપૂતાણીને વારી.

રજપૂત ખસિયાણો પડી ગયો. તેના હાથમાંથી ઘોડાની રેન સરી જતી લાગી. તેણે અત્યંત દુ:ખભરી દષ્ટિથી રજપૂતાણી સામે જોયું : ''રજપૂતાણી! ''

''મારા ગામનાં મારાં આશ્રિત માણસોને માર્યા એનું શું ?''

મેં ? મેં નથી. માર્યા રજપૂતાણી !''

''ખરો અણિશુદ્ધ ગરાશ્યો હો તો તૈયાર થઈ જા.''

ગરાસિયાનો દેખાવ એકદમ ફરી ગયો. ચારણ ધ્રૂજતો હોય તેમ લાગ્યું. પણ જેમ ભયંકર વીજળી ખરે તેમ ગરાસણીના હાથની તલવાર ચમકી ને જનોઈવઢ કાપી નાખવો હોય એવા જોશથી તેણે ગરાસિયા પર ઘા કર્યો.

માર્યા બાપ ! ભારે કરી ! ''કહીને ચારણ વચ્ચે કૂદ્યો.

પણ ગરાસિયો ત્યાં હતો નહીં, અને રજપૂતાણી, તલવારનો જોશભર્યો ઘા ખાલી જવાથી, ગોઠણભર નીચે નમી ગઈ હતી. તલવારના ઘાથી ઊડેલી થોડીક ધૂળ જ માત્ર દેખાણી.

''ભારે થઈ, બાપ !''

## શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા – મુંબઈ

### તા. ૧–૫–૨૦૨૩ ના રોજ આયોજીત ચુંટણી સંબંધી

સભા દ્વારા આયોજીત ચુંટણી ખુબજ સારી રીતે સંપન્ન થઈ. પરંતુ ૯.૧૫ થી ૧૦.૦૦ ની વચ્ચે એક સાથે ૧૫-૧૬ બસો એકી સાથે આવવાથી મતદારોની સંખ્યા ૭૦૦/૮૦૦ ની થઈ તેમજ માટુંગા, સાયન, વડાલા, દાદરના નજીકના સ્થળેથી લગભગ ૧૫૦ થી ૨૦૦ સભ્યો મતદાન માટે આવ્યા. એક સાથે ૯૦૦ થી ૧૦૦૦ માનવંતા સભ્યોનો ઘસારો થઈ ગયો. જેથી અવ્યવસ્થા નિર્માણ થઈ. પરંતુ આપણાંજ કાર્યકર્તા ભાઈઓએ ખુબજ સારી રીતે આ પરિસ્થિતીને કાબુમાં લઈ લીધી. સાથોસાથ મતદારોએ પણ ખુબજ શાંત અને સૌમ્ય ભાવે શિસ્તતા રાખીને સહકાર આપ્યો. તદ્‌ઉપરાંત ચુંટણીમાં ઉભા રહેલા દરેક ઉમેદવારોનો અવર્ણનીય, અકલ્પનીય અજોડ સાથ-સહકાર પ્રાપ્ત થયો.

અરે, આ તો... ખમીરવંતા ઝાલાવાડી... સૌના અભૂતપૂર્વ સાથ... સહકાર... ધીરજ... ધૈર્ય, સમતા અને ચિત્તની પ્રસંશા કરીએ એટલી ઓછી પડે... અને અભિનંદન સાથે સાથે દરેક મતદાતા તેમજ ઉમેદવારોને લાખો સલામ. મિચ્છામિ દુક્કડમ્...

**વ્યવસ્થાપક કમિટી**

*(અનુસંધાન પાના નં....૨૦ થી)*

''વાંધો નહીં, દેવીપુત્તર ! તેં તારું વેણ પાળ્યું છે.'' હવામાં ખાલી શબ્દો જ સંભળાયા !

રજપૂતાણીએ ઝડપથી પાછળ જોયું. ગરાસિયો નદી તરફ ઘોડો હાંકીને જતો દેખાયો. તે તેની પાછળ ઉઘાડી તલવારે દોડી અને એને વારતો ચારણ પાછળ પડ્યો.

રૂપેણનાં ચોખ્ખા પાણી ચાલ્યાં જતાં હતાં. ગરાસિયો ઘોડા સહિત તેને કાંઠે પહોંચ્યો. રજપૂતાણી પાછળ ચાલી.

''ગરાશ્યો હો તો ઊભો રે'' રજપૂતાણીએ હાકલ મારી. એ સાંભળી ગરાસિયો સ્થિર થઈ ગયો.

રજપૂતાણી છેક તેની પાસે પહોંચી.

ફરી ત્યાં કોઈ મળે નહીં પણ પાણીમાં રજપૂતાણીનું વસ્ત્ર ખેંચાતું લાગ્યું. રજપૂતાણીનો ઘાઘરો પલળ્યો હતો અને તેમાંથી પાણીની ધાર ચાલી રહી હતી.

રજપૂતાણીએ નીચે જોયું. ત્યાં જાણે પાણીમાં અત્યંત વેદનાભર્યું રજપૂતનું મોં, બે તરસ્યા હાથનો ખોબો વાળીને આ પડતું પાણી ભારે વિહ્વળતાથી પી રહ્યું છે !

ઘટૂક... ઘટૂક... ઘટૂક... ઘૂંટડા લે છે.

રજપૂતાણી જોઈ રહી. રજપૂતે તેની સામે જોયું. પણ આહ ! કેટલી વેદના ! કેવું દુઃખ ! કેવી નિરાશા ! કેટલી તૃષ્ણા કે ન પૂછો વાત. રજપૂતાણીથી અત્યંત માયાભર્યા અવાજે બોલાઈ ગયું : ''રજપૂત ! આ શું ?''

''બસ, હવે તૃપ્તિ - અતિતૃપ્તિ થઈ ગઈ. હવે તલવાર ચલાવી લે, રજપૂતાણી ! એ બીજા મૃત્યુની કંઈ વળી ઓર મજા આવશે.''

રજપૂતાણીના હાથમાંથી તલવાર ઢીલી પડી ગઈ.

તેણે નીચે નમીને રજપૂતનો હાથ પકડી લીધો.

રજપૂતે એક વખત છોડાવ્યો. રજપૂતાણીએ એને ફરી પકડ્યો :

''તું ક્યાં ડુબ્યો છે ? હવે તું ક્યાં જાય છે ?''

રજપૂતે રૂપેણમાં લાંબે નજર કરી. એક ઠેકાણે પાણી ઊંડું હતું ત્યાં તેની દૃષ્ટિ સ્થિર થઈ ગઈ.

''હવે તને નહીં જવા દઉં !'' રજપૂતાણીએ તલવારને નદીના પાણીમાં દૂર ફેંકી દીધી ને રજપૂતનો બીજો હાથ પણ પકડ્યો.

પણ રજપૂતાણીના હાથમાં માત્ર પાણીના પરપોટા રહ્યા. રજપૂતનું મોં નદીના તરંગ પર થોડે દૂર દેખાયું. રજપૂતાણી આગળ વધી. હાથની નિશાનીથી રજપૂતાણીને આગળ વધવા ઉત્તેજતો રજપૂત વળી વધારે દૂર દેખાયો. રજપૂતાણી આગળ વધી, પણ રજપૂત હજી દૂર દેખાયો.

ચારણે કાંઠા પરથી બૂમ પાડી : ''ગરાસણી, પાછાં વળો. હવે પાણી ઊંડું છે. એ તો ઊડી ગયો. બાપ, પાછાં વળો ! મોં મલકાવીને રજપૂતાણી મીઠાશથી બોલી : '' જા, જા, દેવીપુત્તર ! હવે તું સુખેથી ઘેર જા. મારે તો આ દુઃખી ગરાશ્યાનું ઘર ફરીને વસાવવું છે.''

❖❖❖

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ લોનાવલા નુતનીકરણ યોજનામાં તા. ૨૫-૦૩-૨૦૨૩ પછી મળેલ રકમની વિગત**

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ પરિવાર** **૧૧,૦૦,૦૦૦/-**

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૩-૨૦૨૩ પછી મળેલ રકમની વિગત**

**શ્રી ગુણવંતરાય દીપચંદભાઈ શાહ પરિવાર** **૫,૦૦,૦૦૦/-**

# સાભાર સ્વીકાર

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

વીમોબી સોલ્યુશન પ્રા. લીમીટેડ
ડાયરેક્ટર શ્રી મહેન્દ્રભાઈ દિપચંદભાઈ તુરખિયા દ્વારા
એજ્યુકેશન ફંડ (સીએસઆર) ૫,૭૧૦૦૦/-

અમી વિનય શાહ (America) તરફથી
શ્રી કનુભાઈ ગંભીરચંદ ઉમેદચંદ શાહ
ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ ૫૧૦૦૦/-

સાયલા નિવાસી (હાલ - ઘાટકોપર) સ્વ. પરમપૂજ્ય હીરાબા રસીકલાલ શાહના અરિહંતશરણ નિમિત્તે હસ્તે પરમપૂજ્ય માતુશ્રી સ્વ. શારદાબેન નવિનચંદ્ર શાહ પરિવાર તરફથી (બોરીવલી)
સ્વધર્મી સહાય ફંડ ૫૦૦૦/-

સાયલા નિવાસી (હાલ - U.S.A.) સ્વ. શ્રી ડૉ. વિપુલભાઈ ભુપતરાય શાહના અરિહંતશરણ નિમિત્તે પરમપૂજ્ય માતુશ્રી સ્વ. શારદાબેન નવિનચંદ્ર શાહ પરિવાર તરફથી (બોરીવલી)
સ્વધર્મી સહાય ફંડ ૫૦૦૦/-

ધાંગધ્રા નિવાસી (હાલ - વિલેપાર્લા) વિણા હર્ષદકુમાર શાહ તરફથી પાણી પરબ ફંડ ૫૦૦૦/-

સ્વ. શ્રી આશીષભાઈ હસમુખલાલ શાહની ત્રિવાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ઈલાબેન શાહ સાણંદ નિવાસી (હાલ - બોરિવલી)
સ્વધર્મી સહાય ફંડ ૩૧૦૧

સ્વ. શ્રી નિરંજનભાઈ રમણીકલાલ શાહના સ્મરણાર્થે હસ્તે પથીકભાઈ નિરંજનભાઈ શાહ ધાંગધ્રા નિવાસી (હાલ - બોરિવલી)
સ્વધર્મી સહાય ફંડ ૧૧૦૧/-

શ્રી સ્વ. મનહરલાલ નંદલાલ શાહના સ્મરણાર્થે હસ્તે એમના પરિવાર તરફથી લીંબડી નિવાસી (હાલ - વિલેપાર્લા)
સ્વધર્મી સહાય ફંડ ૧૦૦૦/-

# વેવિશાળ

| | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| નીરજ<br>શ્રીમતી અલ્પાબેન સંજયભાઈ અજીતભાઈ સોનીના સુપુત્ર રાજીલા નિવાસી (હાલ - બોરીવલી) | વૃષ્ટિ<br>શ્રીમતી સોનલબેન યોગેશભાઈ મહાસુખલાલ ગાંધીની સુપુત્રી લીંબડી નિવાસી (હાલ-બોરીવલી) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ક્રીશ<br>શ્રી સંજયભાઈ નટવરલાલ શાહના સુપુત્ર દાણાવડા નિવાસી (હાલ- માટુંગા) | ધૈરવી<br>શ્રી મનીષભાઈ ધીરજલાલ મહેતાની સુપુત્રી સાવરકુંડલા નિવાસી (હાલ -વાશી નવી મુંબઈ) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| સ્મીત<br>શ્રી ધીરેનભાઈ વિનોદરાય શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - બોરિવલી) | વીસ્વા<br>શ્રી દિપકભાઈ મગનભાઈ દોશીની સુપુત્રી સરા નિવાસી (હાલ બોરિવલી) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| રીચીત (પાર્શ્વ)<br>શ્રી રજનીકાંત જયંતિલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - બોરિવલી) | બીમલ<br>શ્રી હિમ્મતલાલ હીરાલાલ શાહની સુપુત્રી ગવાડા (વિરપુર) નિવાસી (હાલ - વિરાર) | ૫૦૧ | ૫૦૧ |
| વિનીત<br>શ્રી ચેતનભાઈ હરગોવિંદદાસ શાહના સુપુત્ર ધાંગધ્રા નિવાસી (હાલ - દહિંસર) | સિદ્ધિ<br>શ્રી સંજયભાઈ મહાસુખલાલ શાહની સુપુત્રી ભીમદાદ નિવાસી (હાલ - મીરારોડ) | ૫૦૦ | ૫૦૦ |

# પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- અંધેરી (ઈસ્ટ)ના વડલો અંધેરી સિનીયર સિટીજન એસો. ના ૫૧ સભ્યો, ફેબ્રુઆરી-૨૦૨૩ માં પંચગીનીના ઝાલાવાડી સેનેટોરિયમમાં વડલો અંધેરીના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ એ. સંઘવીના માર્ગદર્શન હેઠળ ફરવા ગયેલ તે નિમિતે સભ્યો તરફથી ભેટ
- આશાબેન હસમુખલાલ અજમેરા તરફથી (હાલ - તારદેવ, મુંબઈ)
- સરોજબેન તરૂણભાઈ શાહ તરફથી (સાયન)
- અમી વિનય શાહ (America)
- સોનલબેન જયેશભાઈ દોશી (Canada)

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| લોનાવલા : મિલનભાઈ<br>9860125136<br>પંચગીની : નિરવભાઈ<br>9819012468 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | પત્રિકા જાહેરખબર<br>દેવલાલી :<br>આશાબેન<br>9819956529 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ - મિલનભાઈ તુરખિયા<br>9860125136 / 7208472884 |

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM ● Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

# ભગવાનમાં શ્રદ્ધા

રાજે કાંઝ

એક ડૉક્ટર એક વખત એમના ઘરથી ખૂબ દૂર આવેલા એક શહેરમાં જઈ રહ્યા હતા. એમનું નામ હતું ડૉક્ટર એહમદ. એ એક મેડિકલમાં હાજરી આપવા માટે જઈ રહ્યા હતા. આ એક એવી કોન્ફરન્સમાં હતી જેના માટે ડૉ. એહમદ ખૂબ જ ઉત્સુક હતા. એમણે રોગોની સારવાર અંગે કરેલી એક ખૂબ જ અગત્યની શોધ માટે એમને એમાં એવોર્ડ મળવાનો હતો.

છેલ્લા ઘણાં વરસોથી એમણે દિવસરાત જોયા વગર સંશોધનનું કામ કર્યું હતું. એ બધી મહેનત આખરે ફળી હતી અને એના ફળસ્વરૂપે તેઓ એ એવોર્ડના હકદાર બન્યા હતા. ડૉક્ટરને મનોમન ભારે રોમાંચ થઈ રહ્યો હતો. ક્યારે એ શહેરમાં પહોંચી જવાય એની તાલાવેલી એમના ચહેરા પર સ્પષ્ટ વાંચી શકાતી હતી. પ્લેનમાં બેસી ગયા પછી પણ એ વારંવાર પોતાની ઘડિયાળ સામે જોઈ લેતા હતા. થોડી થોડીવારે એમનું મન કોન્ફરન્સ ના વિચારોમાં જ લાગી જતું હતું. 'બસ ! હવે ફક્ત બે જ કલાક ! અને પછી ત્યાં !' એવો વિચાર પણ એમના મનમાં ઝબકી જતો હતો.

પરંતુ એ જ વખતે અચાનક જ વિમાનના પાઈલટે જાહેરાત કરી કે વિમાનના એંજિનમાં ગંભીર તકલીફ ઊભી થવાના કારણે એમણે નજીકના કોઈપણ એરપૉર્ટ પર તાત્કાલિક ઉતરાણ કરવું પડશે ! ડૉક્ટરના મનમાં ફાળ પડી. સમયસર કોન્ફરન્સમાં નહીં પહોંચી શકાય એવી ચિંતા પણ એમને થઈ આવી. પરંતુ આવા આકસ્મિક સંજોગોમાં વિમાનને ઉતરાણ કરવું જ પડે એમ હતું. ડૉ. એહમદ મનમાં ને મનમાં મૂંઝાવા લાગ્યા. જેવું વિમાને નજીકના એક નાના એરપૉર્ટ પર ઉતરાણ કર્યું કે તરત જ ડૉક્ટર દોડતાં હેલ્પડેસ્ક પર પહોંચ્યા.

ત્યાં મદદ માટે ઊભેલી સ્ત્રીને પોતાની પરિસ્થિતિ સમજાવી. જેટલું બને તેટલું ઝડપથી પોતાને કોન્ફરન્સ માં પહોંચવું પડે તેવું છે એ પણ કહ્યું. પોતાને ત્યાં પહોંચવા માટેની સૌથી પહેલી ફ્લાઈટમાં બુકિંગ કરી



આપવાની એમણે વિનંતી કરી. એકાદ બે કલાકમાં જ કોઈ ફ્લાઈટ હોય તો વધારે સારૂ એવું ભાર દઈને જણાવ્યું. 'માફ કરજો સર!' પેલી સ્ત્રીએ કહ્યું, 'તમારે જ્યાં પહોંચવાનું છે એ શહેર તરફ જવા માટે આવતા દસ કલાક સુધી અહીંથી બીજી કોઈ પણ ફ્લાઈટ નથી. પરંતુ તમને વાંધો ન હોય તો હું એક સૂચન કરૂ. એરપોર્ટની બહારથી જ કાર ભાડે મળે છે. જો તમારી પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ હોય તો આરામથી ચારેક કલાકમાં તમે ત્યાં પહોંચી શકો છો. ટેક્સી કરતા એ ઘણું સસ્તું પણ પડશે અને મારા માનવા પ્રમાણે તમારા માટે એ એક ખૂબ સારો વિકલ્પ છે !'

ડૉક્ટર એહમદને એ સૂચન ખૂબ ઉપયોગી લાગ્યું. એમના માટે આમેય હવે બહુ વિકલ્પ બચ્યા જ નહોતા. એમણે એક કાર ભાડે કરી લીધી. આમ તો લૉંગ ડ્રાઈવનો એમને ખૂબ કંટાળો આવતો પરંતુ એ દિવસે એમ કર્યા વિના છૂટકો પણ નહોતો. એમના મનમાં ફરીથી એક વખત કોન્ફરન્સ ના વિચારો શરૂ થઈ ગયા. થોડીક ક્ષણો માટે દબાઈ ગયેલો એ રોમાંચ ફરીથી જાગૃત થઈ ગયો. લાંબા અંતરના ડ્રાઈવિંગ માટેનો કંટાળો ખંખેરીને ડૉક્ટરે કાર મારી મૂકી. પરંતુ એ દિવસે કુદરત પણ જાણે કે ડૉક્ટરની વિરુદ્ધમાં બરાબરનો જંગ માંડીને બેઠી હોય એવું લાગતું હતું.

ડૉક્ટરે હજુ તો માંડ સોએક કિલોમિટર જ કાપ્યા હશે ત્યાં જ વાતાવરણમાં ભયંકર પલટો આવવાનું શરૂ થઈ ગયું. થોડીવારમાં જ અનરાધાર વરસાદ વરસવા માંડ્યો. એ વરસાદમાં વચ્ચે વચ્ચે બરફના કરા પણ પડતા હતા. ડૉક્ટરને કાર ચલાવવામાં મુશ્કેલી પડવા માંડી. આગળ રસ્તો જોવામાં પણ તકલીફ પડતી હતી. આગળના કાચમાં જામતું પોતાના જ ઉચ્છવાસની વરાળનું પડ એ મુશ્કેલીમાં ઓર વધારો કરતું હતું. વરસાદ ઓછો થવાને બદલે દરેક ક્ષણે વધારે ને વધારે રૌદ્ર સ્વરૂપ પકડતો જતો હતો. આટલો બધો ભયંકર વરસાદ, ધૂંધળો રસ્તો અને અજાણ્યો પ્રદેશ ! એ બધાને કારણે ડૉક્ટર એહમદ રસ્તો ભૂલી ગયા. એક જગ્યાએ જ્યાં વળવાનું હતું એ ટર્નનું સાઈન

બોર્ડ એમને દેખાયું જ નહીં ! વળવાને બદલે એ આગળ નીકળી ગયા.

બીજા ત્રણેક કલાક ડ્રાઈવ કર્યા પછી વરસાદ તો ઓછો થયો પરંતુ ડૉક્ટરને શંકા ગઈ કે પોતે રસ્તો ભૂલી ગયા છે. પરંતુ હવે એ રસ્તે પાછા ફરતાં પહેલા થોડા આરામની તેમજ પેટમાં કંઈક નાખવાની જરૂરિયાત પણ ઊભી થઈ ગઈ હતી. એ રસ્તો એવો નિર્જન હતો કે રસ્તાની બાજુમાં કોઈ રેસ્ટોરંટ પણ દેખાતાં નહોતા. કોઈ ગામ જો દેખાય જાય તો એના કોઈ રહેવાસીનું માર્ગદર્શન મેળવી શકાય એ આશાએ ડૉક્ટર કાર ચલાવ્યે જતા હતા. ઘણા વખત સુધી કોઈ ગામ દેખાયું નહીં.

હવે એમને બરાબરનો થાક લાગ્યો હતો. હવે તો કોન્ફરન્સના વિચારો પણ બંધ થઈ ગયા હતા અને ત્યાં પહોંચવાની એમની ઉત્સુકતા પણ મરી પરવારી હતી. બસ, હવે તો એકાદ ગામ દેખાઈ જાય તો ઊભા રહી જવું એ એક જ વિચાર એમને આવતો હતો. અચાનક રસ્તાની બાજુમાં આવેલા એક જર્જરિત મકાન પર એમનું ધ્યાન પડ્યું. દૂર ગામ પણ દેખાતું હતું. પરંતુ ડૉક્ટર એટલા થાક્યા હતા કે એ ઘર નજરે પડતાં જ એમનાથી બ્રેક લાગી ગઈ. કારમાંથી ઊતરીને એમણે એ ઘરનો દરવાજો ખખડાવ્યો. એક વૃદ્ધ સ્ત્રીએ દરવાજો ખોલ્યો. દરવાજો અધૂકડો રાખીને એણે આ માણસ કોણ છે, ક્યાંથી આવે છે, શું કામથી આવે છે, એવું બધું પૂછ્યું.

ડૉક્ટર એહમદે પોતે રસ્તો ભૂલી ગયા છે એ કહ્યું. ઘણા કલાકના ડ્રાઈવિંગથી પોતે ખૂબ જ થાક્યા છે એ પણ જણાવ્યું. ઘરમાં જો ટેલીફોન હોય તો પોતે ઉપયોગ કરવા માંગે છે એવું પણ કહ્યું. પોતાના ઘરમાં ટેલીફોન નથી તેમજ છેલ્લા ૨૪ કલાકથી લાઈટ પણ નથી એવું જણાવીને એ સ્ત્રીએ ઘરનો દરવાજો ખોલી નાખ્યો. પછી કહ્યું, 'જો ભાઈ ! તમારે ઉતાવળ ન હોય તો તમે ઘડીક અંદર આવી શકો છો અને વાંધો ન હોય તો મારે ત્યાં થોડુંક ખાઈને પછી આગળ વધજો ! તમારો ચહેરો જોતાં તમે ખૂબ જ થાક્યા હો એવું લાગે છે !'

ડૉક્ટર એહમદે બે ક્ષણ વિચાર કર્યો. થાક અને ભૂખ તો લાગ્યાં જ હતાં. ઉપરાંત એ અજાણ્યા પ્રદેશમાં રસ્તો શોધવામાં અને મૂળ રસ્તે ફરીથી ચડવામાં કેટલો સમય લાગે એ પણ નક્કી નહોતું. એમણે એ વૃદ્ધ સ્ત્રીનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. હાથ-મોં ધોઈને ડૉક્ટર ડાઈનિંગ ટેબલ પર નાસ્તાને ન્યાય આપવા બેઠા. આટલા થાક પછી ગરમ નાસ્તો અને ચા મળવાથી એમને ઘણું સારું લાગતું હતું.

'ભાઈ ! તમને વાંધો ન હોય તો હું પ્રાર્થના કરી લઉં ? મારી પ્રાર્થનાનો સમય થઈ ગયો છે !' પેલી સ્ત્રીએ કહ્યું. ડૉક્ટરે હકારમાં માથું હલાવ્યું. ચાની ચૂસકી લેતાં લેતાં મીણબત્તીના ઝાંખા અજવાળામાં ડૉક્ટરે જોયું કે પેલી સ્ત્રી એક ઘોડિયાની બાજુમાં બેસીને પ્રાર્થના કરી રહી હતી. નવાઈની વાત એ હતી કે એકવાર પ્રાર્થના પૂરી થાય પછી એ સ્ત્રી ઊભી થવાને બદલે ફરીથી પ્રાર્થના શરૂ કરી દેતી હતી. વચ્ચે વચ્ચે એ ઘોડિયા સામે જોઈ લેતી હતી અને ક્યારેક તો પોતાનાં આંસુ પણ લૂછી લેતી હતી.

ડૉક્ટરને થયું કે નક્કી આ સ્ત્રી કાંઈક તકલીફમાં છે. એનાં આંસુ કહી રહ્યાં હતાં કે તકલીફ સાદી નહીં પણ ગંભીર છે. કદાચ એને કોઈ મદદની જરૂર હોય અને પોતે ક્યાંય મદદરૂપ થઈ શકે તેમ હોય તો પોતે એ માટે તૈયાર છે એવું જણાવવા એણે કહ્યું, 'બહેન ! જો તમને વાંધો ન હોય અને મારા જેવા અજાણ્યાને કહી શકતા હો તો હું તમારા દુઃખ વિશે સાંભળવા અને બને તો મદદરૂપ થવા તૈયાર છું. હું જોઈ રહ્યો છું કે તમે કાંઈક મોટી તકલીફમાં લાગો છો.'

પેલી સ્ત્રીએ થોડીવાર ડૉક્ટર સામે જોયું. પછી કહ્યું, 'ભાઈ ! ઉપરવાળો મારી ઘણી પ્રાર્થનાઓ સાંભળે છે, પરંતુ ખબર નહીં આ વખતે મારી પ્રાર્થનામાં એવી તે કઈ ખામી રહી ગઈ છે કે બસ, એક પ્રાર્થનાનો નથી તો એ જવાબ આપતો કે નથી કાંઈ રસ્તો બતાવતો. કદાચ મારી શ્રદ્ધામાં કાંઈક ખોટ હશે નહીંતર સાવ આવું તો ન જ બને !' એટલું કહેતાં એની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. 'બહેન !' ડૉ. એહમદે કહ્યું, 'તમને જો વાંધો ન હોય તો મને કહેશો કે એવી કઈ વાત છે જે તમને વારંવાર રડાવી દે છે ? એવું તો શું છે જે તમને એક પ્રાર્થના પછી તરત જ બીજી પ્રાર્થના કરાવડાવે છે ? શું હું તમને કોઈ રીતે ઉપયોગી થઈ શકું ખરો ?' થોડી વાર એ સ્ત્રી ડૉ. એહમદ સામે જોઈ રહી. ડૉક્ટરના અવાજમાં રહેલી સાચી સહાનુભૂતિ એને સ્પર્શી ગઈ હતી. એણે વાત શરૂ કરી, 'ભાઈ ! આ ઘોડિયામાં સૂતો છે એ મારો પૌત્ર છે. એનાં મા-બાપ થોડા સમય પહેલાં કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યાં છે. આ બાળકને એક એવા પ્રકારનું કેંસર છે કે આજુબાજુનાં શહેરોના કોઈપણ ડૉક્ટર એની સારવાર કરી શકે તેમ નથી. નજીકના એક મોટા શહેરના ડૉક્ટરે કહ્યું છે કે આ રોગની સારવાર અહીંયા શક્ય જ નથી, પરંતુ અહીંથી ખૂબ જ દૂર દેશના દક્ષિણ ભાગમાં એક ડૉક્ટર એવા છે જે આ કેંસરની સફળતાપૂર્વક સારવાર કરી શકે છે. પરંતુ ભાઈ ! હું એકલી, ઘરડી સ્ત્રી આટલા નાના માંદા બાળકને લઈને એમને શોધવા એટલે દૂર કઈ રીતે જાઉં ? એટલે હું રોજ ઉપરવાળાને પ્રાર્થના કરું છું કે મને કોઈક રસ્તો બતાવે. પરંતુ ખબર નહીં મારી

પ્રાર્થનાનો એ ક્યારે જવાબ આપશે ?' ફરી એકવાર એ સ્ત્રીની આંખો છલકાઈ ગઈ.

'તમને એ ડૉક્ટરનું નામ, સરનામુ કે બાળકના કેંસરનો પ્રકાર એવું કાંઈ ખબર છે ?' ડૉક્ટરે પૂછ્યું. 'હા ભાઈ ! દીકરાની ફાઈલમાં એ ડૉક્ટરનું નામ તેમજ બીજી બધી વિગત લખી છે. ઊભા રહો, હું તમને એ જોઈને કહું.' એ સ્ત્રીએ બાજુના ટેબલ પર પડેલી એના પૌત્રની ફાઈલ લઈને ખોલી. 'શું નામ છે એ ડૉક્ટરનું ?' ડૉક્ટરે પૂછ્યું. 'ડૉક્ટર એહમદ ! એ ફલાણા શહેરમાં રહે છે !' પેલી સ્ત્રીએ જવાબ આપ્યો. ડૉક્ટરની બંને આંખોમાંથી આંસુની ધાર વહી નીકળી. એણે રડતાં રડતાં જ કહ્યું, 'બહેન ! ખરેખર ઉપરવાળો ખૂબ મહાન છે. એણે વિમાનમાં ખોટકો ઊભો કર્યો, વાવાઝોડું મોકલ્યું, અનરાધાર વરસાદ વરસાવ્યો, મને રસ્તો પણ ભુલાવી દીધો.

આ બધું એણે એટલા માટે કર્યું કે એ તમારી પ્રાર્થનાનો જવાબ જરા જુદી રીતે આપવા માંગતો હતો. એ તમને ડૉક્ટર એહમદ સુધી પહોંચાડવા રાજી નહોતો, કારણકે તમને કેટલી તકલીફ પડી શકે એ વાત એ બરાબર જાણતો હતો. એટલે જુઓ ! એ ડૉક્ટર એહમદને જ તમારી પાસે લઈ આવ્યો. બહેન ! હું જ છું એ ડૉક્ટર એહમદ ! પેલી સ્ત્રી રડતાં રડતાં બોલી,રાજે કાંઝ 'હે ભગવાન ! તું ખરેખર મહાન અને ખૂબ જ દયાળુ છે ! પ્રાર્થનાનો જવાબ આપવાની તારી રીત ખરેખર નિરાળી છે ! ડૉક્ટર એહમદ પણ આંખમાં આંસુ સાથે એ જ શબ્દ મનમાં બોલતા હતા.

❖❖❖

# કોઈની પ્રાર્થના

એક વખત એક પિતા અને પુત્ર જળમાર્ગ પર મુસાફરી કરી રહ્યા હતા જે વખતે જહાજ રસ્તો ગુમાવી બેઠું અને એક ટાપુ પર તેની બોટ અટકી ગઈ એ એવી જગ્યા હતી જ્યાં બે ટાપુઓ એકબીજાને અડીને આવેલા હતા અને ત્યાં પહોંચતા જ તેની હોડી તૂટી ગઈ.

પરિસ્થિતિથી ભયભીત પિતાએ પુત્રને કહ્યું -''લાગે છે કે આપણા બંનેનો છેલ્લો સમય નજીક આવી ગયો છે. અહીં દૂર-દૂર સુધી કોઈ આશરો દેખાતો નથી.

ચાલ બેટા છેલ્લીવાર પ્રભુની પ્રાર્થના કરી લઈએ ! બાપ-બેટો બંને એ ટાપુઓને એકબીજામાં વહેંચી દીધા. એક ટાપુ ઉપર પિતા અને બીજા ટાપુ ઉપર પુત્ર; બંને જુદા જુદા ટાપુઓ પર ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા.

પુત્ર એ ભગવાનને કહ્યું- હે પ્રભુ ! આ ટાપુ પર વૃક્ષો અને છોડ ઉગે જેના ફળથી હું મારી ભૂખ સંતોષી શકું ! પ્રભુએ તરત જ તેની પ્રાર્થના સાંભળી.થોડી જ વારમાં ત્યાં વૃક્ષો અને છોડ ઉગ્યા અને ફળ પણ આવવા લાગ્યા. આ જોઈને તેના મોઢામાંથી એટલું જ નીકળી ગયું - ''વાહ ? '' પ્રભુ; આ તો ચમત્કાર છે.

પોતાની પહેલી પ્રાર્થના પૂરી થતી જોઈને તેણે ફરીથી પ્રાર્થના કરી - ''કોઈ સુંદર સ્ત્રીને આવવા દો જેથી આપણે અહીં તેની સાથે રહી શકીએ અને અમારુ ફરીથી કુટુંબ વસાવી શકીએ.'' તે જ ક્ષણે એક સુંદર સ્ત્રી દેખાઈ. હવે તેણે વિચાર્યું કે મારી દરેક પ્રાર્થનાનો ભગવાન અમલ કરે છે તો પછી હું ભગવાન પાસે અહીંથી બહાર નીકળવાનો રસ્તો શા માટે ના માંગું ?

તેણે પ્રાર્થના કરીને કહ્યું: હે પ્રભુ- 'એક નવી હોડી બનવા દો જેમાં હું અહીંથી બહાર કિનારે પહોંચી શકું. તરત જ એક હોડી દેખાઈ અને પુત્ર તેમાં ચડવા લાગ્યો. એટલામાં જ એક આકાશવાણીએ તેને ચોંકાવ્યો - દીકરા ! તું એકલો જાય છે ! તારા પિતાને સાથે લઈ જતો નથી ?

અવાજ સાંભળીને પુત્ર બોલ્યો - 'તેમને એકલા છોડી દો ! તેઓએ પ્રાર્થના તો કરી જ હશે ને ?' પણ તમે પ્રભુ તેમનું સાંભળ્યું નહીં. કદાચ તેમનું હૃદય શુદ્ધ નહી હોય તેથી તેમને તેનું પરિણામ ભોગવવું પડે.પુત્રની વાત સંભાળી અને તેને જવાબ મલ્યો; તને ! ખબર છે ? તારા પિતાએ કઈ પ્રાર્થના કરી હતી ? શું; તું એ જાણવા નથી માંગતો કે તેમની કઈ પ્રાર્થનાને સ્વીકારવામાં આવી છે ! અને કઈ નકારી કાઢવામાં આવી ?'

પુત્રએ કહ્યું -હા, હું ચોક્કસ જાણવા માંગીશ. 'તો, સાંભળ તારા પિતાની પ્રાર્થના હતી કે; હે ભગવાન ! મારા પુત્રની બધી જ ઈચ્છાઓ પુરી કરજે કારણ એ મુશ્કેલીમાં છે; મારી ઉંમર થઈ ગઈ છે અને એ હજુ મારા માટે તો નાનું બાળક જ છે માટે એ માંગે તે આપજે.' અર્થાત્ :

સ્વાર્થના માર્ગે ચાલીને આપણે આપણા સ્વજનો અને શુભેચ્છકોથી દૂર જઈએ છીએ. આપણે ભૂલી જઈએ છીએ કે જે કંઈ સુખ, કીર્તિ, માન, સફળતા, ધન, સંપત્તિ અને સગવડો મળી રહી છે તેની પાછળ ચોક્કસ 'કોઈની પ્રાર્થના' અને શક્તિ છે, પરંતુ આપણે અજ્ઞાન છીએ અને આપણા અભિમાનને લીધે આપણે આ બધું આપણા સ્વાર્થ માટે લઈએ છીએ. સિદ્ધિના શ્રેય ને સમજવાનું ભૂલી જવાય છે.

❖❖❖

# JINENDRA CHARITABLE TRUST

Regd. Charity No. E/7966 - Rajkot • Founded in 2006

## ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા !



**માનનીય ધર્મપ્રેમી ભાઇઓ તથા બહેનો**

આપ સૌને નમસ્કાર, પ્રણામ,

ભારતમાં લગભગ **૯.૩** મીલીયન અંધજનો વસે છે. **૨,૭૦,૦૦૦** અંધ બાળકો છે. ભારતમાં દર વર્ષે લગભગ **૩ થી ૪** મીલીયન મોતીયાના ઓપરેશન થાય છે. અંધજનોને સમયસર સારવાર મળે તો **૭૫%** થી વધુ અંધ થતા બચાવી શકીએ.

આપ સૌને જણાવતા આનંદ થશે કે દાતાઓના દાનથી અને સહકારથી જીનેન્દ્ર ચેરીટેબલ ટ્રસ્ટે છેલ્લા **૧૭ વર્ષ** થી વિનામૂલ્યે ભારતના ગ્રામ્ય વિસ્તારોમાં **૪૫૩૦ મોતિયાના ઓપરેશન** કરી આંખની રોશની આપી છે. **૩૦,૦૦૦ લોકોની આંખની નાની મોટી સારવાર કરી છે.** હજારો બાળકોને વિટામીન - **A** અને પોષ્ટીક આહાર આપી અંધ થતા બચાવ્યા છે.

**એક મોતિયાના ઓપરેશન નો ખર્ચ રૂા.૧૫૦૦/- થી વધુ થાય છે**. વધારાનો બધો ખર્ચ ટ્રસ્ટ તથા મેડીકલ પાર્ટનર આપશે. ગુજરાત તથા ભારતના અનેક રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા દીન, દુઃખી અંધજનોને વિશેષ મદદની જરૂર છે.

આપ સૌને અમારી મદદ કરવા નમ્ર અપીલ કરીએ છીએ. **ફક્ત રૂા.૧૫૦૦/- આપી એક અંધજનને આંખની રોશની આપી શકાય**. આપના **સ્વ. સ્વજનની પુણ્ય સ્મૃતિમા, જન્મદિન તથા અન્ય તિથી નિમિતે રૂા.૧૫૦૦૦/- નું દાન આપી એક નેત્રયજ્ઞને સપોર્ટ કરી શકો.** જેમાં ૨૦ થી વધુ મોતીયાના ઓપરેશનો તથા ૨૦૦ જેટલા આંખની સામાન્ય સારવાર કરી શકાય. દાતાને આંખની રોશની પ્રાપ્ત થયેલ દર્દીઓના નામ, ઉંમર, ફોટા તથા વિગતવાર રીર્પોટ મોકલવામા આવશે. આપશ્રી દાન **જીનેન્દ્ર ચેરીટેબલ ટ્રસ્ટ** ના નામે નીચેના સરનામે મોકલવા વિનંતી.



લિ. સેવક

કિશોરલાલ શાહ (સાયલા નિવાસી) ના જય જીનેન્દ્ર
**B.A (Hons) B.Ed. Dip.Ed. (London)** **Email ID:** kishorelal1925@gmail.com
મેનેજીંગ ટ્રસ્ટી



### વિશેષ માહિતી અને સંપર્ક માટે

**OFFICE :** 4-A, Vrundavan Apt., 2 Jagnath Plot, Dr Yagnik Road, Rajkot - 360 001, Gujarat
Contact no. Sanjay Dodiya **9106667276** / Mitaben Shah **98190 66626**

**Account #** : **0119104000253475**
**A / C Name** : **JINENDRA CHARITABLE TRUST**
**IFCS Code** : **IBKL0000119**
**Bank Details :** IDBI BANK
DR RADHAKRISHNA RD, OPP. RAJKUMAR COLLEGE, RAJKOT

Advt.

# મહેમાન

કમલેશ જોષી

નિશાળમાં ભણતા ત્યારે અમને સૌથી વધુ જો કંઈ ગમતું તો એ હતું વેકેશન! વાર્ષિક પરીક્ષાના છેલ્લા પેપરના દિવસે પ્યૂન નોટિસનો કાગળ લઈને વર્ગમાં પ્રવેશતો એને જોતાં જ અમે હરખાઈ જતા. એ પછી શિક્ષક એટલે કે સુપરવાઈઝર મોટા અવાજે એ નોટિસ વાંચી સંભળાવતા: આથી સર્વે વિદ્યાર્થીઓને જણાવવાનું કે ફલાણી તારીખથી ફલાણી તારીખ સુધી શાળાનું વેકેશન રહેશે. ફલાણી તારીખે પરિણામ જાહેર થવાનું હોવાથી દરેક વિદ્યાર્થીએ સ્કૂલે અચૂક હાજર રહેવું. વેકેશન પુરું થયે ફલાણી તારીખથી શાળા રાબેતા મુજબ ફરી શરુ થઈ જશે જેની સર્વે વિદ્યાર્થીઓએ નોંધ લેવી. પાંત્રીસ-ચાલીસ દિવસની રજાઓ જાહેર કરતા આ વાક્યો અમારી નસેનસમાં ઉત્સાહ, આનંદ અને મસ્તીનો અલગ જ પ્રવાહ જાણે વહેવડાવી દેતા. ગણિતનો કોઈ દાખલો, વિજ્ઞાનનો કોઈ પ્રયોગ, ગુજરાતીની કોઈ કવિતા કે નિબંધ, સંસ્કૃતનો કોઈ શ્લોક, ઈતિહાસનું કોઈ યુદ્ધ, ભૂગોળનો કોઈ નકશો કે નાગરિકની કોઈ ફરજ કે હિન્દીનો કોઈ મહાવરો અમને ઉનાળુ વેકેશનની નોટિસના વાક્યો જેટલી ખુશી, હરખ કે ઉત્તેજના નહોતા આપી શકતા.

છુટીને અમે સૌ ગપ્પીદાસ ટાબરિયાઓ વેકેશન અંગે ઉંચી ઉંચી હાંકતા. કોઈ કહેતું અમે તો મામાના ઘરે જવાના છીએ, તો કોઈ કહેતું અમે તો ગામડે જવાના છીએ, કોઈ કહેતું અમે તો કુલુ-મનાલી જવાના છીએ તો કોઈ મુંબઈ, અમદાવાદ, વડોદરા, સુરત જવાની વાતો કરતા. દરેક વ્યક્તિ જાણે ગામ છોડી, ઘર છોડી ક્યાંક દૂર-દૂરના



અજાણ્યા પ્રદેશમાં, અપરિચિત લોકોની વચ્ચે, ન જોયેલી જગ્યાઓ જોવા, સમજો ને કે અહીંથી ભાગી છૂટવા તત્પર થઈ જતી. વેકેશન પડતા જ બેગ-થેલા લઈને શેરીમાં પ્રવેશતું ફેમિલી અથવા શેરી બહાર જતું ફેમિલી એ બે દશ્યો તો જાણે વેકેશનની શાન હોય એમ દરેક શેરીઓ-સોસાયટીઓમાં ભજવાતા. શેરીમાં રીક્ષા પ્રવેશે કે તરત જ દરેક ઘરની બારીઓ કે ડેલીઓમાં ડોકા તાણી 'કયાંક અમારા મહેમાન તો નથી ને!' એવી ઉત્સુકતા ભરી નજર દોડાવવાનો લ્હાવો દરેક ઘરના સભ્યો અચૂક લઈ લેતા.

'જેને ત્યાં મહેમાન આવવાના ન હોય' અથવા 'જેણે મહેમાન બનીને કોઈને ત્યાં જવાનું ન હોય' એવા ફેમિલી માટે વેકેશન એક સજા જેવું ગંભીર, ગમગીન બની રહેતું. એ દિવસોમાં તો જેને ત્યાં મહેમાન આવતા એ પરિવાર પોતાને ભાગ્યશાળી સમજતો. ઘરની ગૃહિણી દિવસો પહેલાથી તૈયારી કરી રાખતી. થોડું કરિયાણું, મસાલા વધુ ભરતી અને મીઠાઈ, ફરસાણની તૈયારી રાખતી. પુરુષો આસપાસના જોવાલાયક સ્થળો, ત્યાં જવા-આવવાની વ્યવસ્થાઓ, ઉતારો વગેરેની તપાસ કરી રાખતા. મહેમાનો આવે એટલે આખું ઘર હિલોળે ચઢતું. નાના બાળકોથી માંડી વૃદ્ધ વડીલોના હૈયાઓ ઈમોશનથી છલકાઈ ઉઠતા. છેલ્લે ક્યારે આવ્યા હતા ત્યાંથી વાત શરુ થતી અને ઘરમાં, શેરીમાં, સોસાયટીમાં થયેલા વિકાસની, બદલાવની નોંધ મહેમાન લેતા. 'લે તમારે ત્યાં આવું છે? અમારે ત્યાં તો આવું છે.' એવી લાંબી-લાંબી વાતો થતી. ક્યારેક તો એવુંય બનતું કે આપણે ત્યાં આવેલા મહેમાનને મળવા એમના નજીક રહેતા પરિચિતો પણ આવી ચઢતા અને ક્યારેક આપણા મહેમાન ગામમાં રહેતા એમના પરિચિતને ત્યાં પણ આંટો મારી લેતા. યજમાન પરિવાર અને મહેમાન પરિવાર સાંજ ટાણે ગામની જાણીતી જગ્યાઓ મંદિર કે લૅક કે ટેકરી કે મ્યુઝીયમ કે ઝૂ કે બજારમાં ફરવા નીકળી પડતા અને મોટેભાગે સાંજના ભોજનમાં

ગામની જાણીતી વાનગી માણી પરત ફરતા.

એમ કરતા-કરતા છેલ્લો દિવસ આવી જતો અને મહેમાન પરિવાર વિદાય માટે રજા માંગતો. યજમાન પરિવાર આગ્રહ, હઠાગ્રહ કરીને, ક્યારેક સમ દઈને તો ક્યારેક બેગ-બિસ્તરા સંતાડીને પણ એકાદ દિવસ તો મહેમાન પરિવારને રોકી જ લેતો. આખરે છેલ્લા દિવસ પછીનો છેલ્લો દિવસ પણ આવી જ પહોંચતો, સૌની આંખો ભરાઈ આવતી. ડેલીએ ઉભા રહી જ્યાં સુધી મહેમાન પરિવાર દેખાય ત્યાં સુધી હાથ ઉંચો કરી, હલાવતા-હલાવતા, આવજો-આવજો કરતા સૌ ખિન્ન હૃદયે ઉભા રહેતા. યજમાન પરિવાર ક્યાય સુધી ઘરમાં બેઠો-બેઠો લાગણીઓના ઉભરાઓને ધીમે-ધીમે શાંત કરવા મથતો, મહેમાનો ક્યાંય સુધી બસમાં કે ટ્રેનમાં બેઠા-બેઠા યજમાનો સાથે વિતાવેલી ક્ષણોને યાદ કરતા ભીતરેથી ભીંજાયા કરતા.

'તારા પપ્પા હવે બહુ થોડા દિવસોના જ મહેમાન છે.' આ વાક્ય મેં પહેલી વખત સાંભળ્યું ત્યારે હું પગથી માથા સુધી ધ્રુજી ઉઠ્યો. મહેમાન શબ્દ મને છેક ભીતર સુધી પલાળી ગયો. મેં તો સાંભળ્યું હતું કે મહેમાન એટલે કોઈ બહારનું વ્યક્તિ જે તમારે ઘેર થોડા દિવસો માટે આવ્યું હોય, પણ પપ્પા ? પપ્પા અને મમ્મી તો યજમાન કહેવાય ને ? મહેમાન તો બાળકો, પછીથી આવનાર કહેવાય ને ? એ કેવી રીતે જઈ શકે ? યજમાન કેવી રીતે જઈ શકે ? જવાનું તો મહેમાને હોય ને ? અનેક પ્રશ્નો મારા મનમાં ઉઠ્યા. એક વડીલે કહ્યું: તારા પપ્પા આ ઘર જ નહિ આખી પૃથ્વી છોડીને જવાના છે. પૃથ્વી તો ભગવાનનું ઘર છે ને ? તારા પપ્પા જ નહીં, હું અને તું પણ પૃથ્વી ઉપર તો મહેમાન જ છીએ. એક દિવસ મારેય જવાનું છે અને તારેય જવાનું છે. ઓહ ! આ પરમ સત્ય તો હું ક્યારનો ભૂલી જ ગયો હતો.

મિત્રો, નિશાળમાં હમણાં વેકેશન પડશે. આ વખતે કોઈને ત્યાં મહેમાન બનીને જાઓ તો, એ ઈશ્વરતુલ્ય યજમાનનું ઘર, એમની સૃષ્ટિ, એમની દુનિયામાં, હરતી-ફરતી વખતે, મહેમાનગતિ માણતી વખતે એમનામાં રહેલા ઈશ્વરત્વને નમન કરવાની કોશિશ કરીએ તો કેવું ? અને હા, તમારે ત્યાં આ વખતે જે મહેમાન બનીને આવે એને 'કાઠિયાવાડમાં કોક દિ' ભૂલો પડેલો ભગવાન' જ સમજી એનામાં '' અતિથિ દેવો ભવ'નું દર્શન કરવાની કોશિશ કરીએ તો વેકેશન પણ એક પવિત્ર ઉત્સવ કે તહેવાર બની જાય એવું નથી લાગતું ?

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા - મુંબઈ

**માસિક પત્રિકા**

સભાની માસિક પત્રિકા દર મહિનાની ૧૦ અથવા ૧૧ તારીખે નિયમિત મુંબઈ G.P.O. માં પોસ્ટ કરવામાં આવે છે. પોસ્ટના કાયદા મુજબ પિન કોડ નંબર પ્રમાણે અલગ-અલગ બંડલો બાંધીને G.P.O. માં ડીલિવરી કરવામાં આવે છે. જેની Letter પર Total Quantity -Weight સાથે G.P.O. ના રબર સ્ટેમ્પ સાથે સહી સહી આપવામાં આવે છે. ત્યાર બાદ Pin-code wise દરેક પોસ્ટ ઑફિસમાં રવાના કરવામાં આવે છે. સ્થાનિક Post Office માંથી આપને ઘરે પોસ્ટમેન આ પત્રિકાની આપના ઘરે ડિલિવરી કરતા હોય છે.

પત્રિકા બાબત ઘણાં સભ્યોની ફરિયાદ મળતી હોય છે. પરંતુ આપને એટલું જ જણાવવાનું G.P.O. પત્રિકાની ડિલિવરી આપ્યા બાદ અમો કશું જ કરી શકતા નથી. આપ સૌને નિવેદન પત્રિકા ૧૦ થી ૧૨ દિવસમાં ન મળે તો આપના એરીયાની લોકલ પોસ્ટ ઑફિસમાં તપાસ કરવી.

ઘણા સભ્યોના મકાનો Re-Development માં ગયેલા છે પરંતુ ઘણાં વખતથી તેઓએ Address Change કરાવેલ નથી એવી ઘણી બધી પોસ્ટ પાછી આવે છે. જેથી સભાને નુકસાન થાય છે. આની જાણ આપના સગા-સંબંધીઓને, મિત્રોને જરૂર કરશોજી.

આપને મળતી પત્રિકામાં આપનું સરનામું, પિનકોડ નંબર બરાબર છે કે નહી તે તપાસી લેવું. કાંઈ પણ ભુલચુક હોય તો WhatsApp No. 8850830865 નંબર ફક્ત મેસેજ કરવો. આ નંબર પર વાતચીત થઈ શકતી નથી. ભુલ ચુકનું નિવારણ ૧૦ દિવસમાં આપને WhatsApp દ્વારા જ જણાવવામાં આવશે.

# 'આજ નું સ્વપ્ન' કદાચ અર્ધ સત્ય હોત...

**આ**જે સવારથી પત્નીનો અવાજ સભળાયો ન હતો.. મને નવાઈ લાગી રોજ સવારે છવાગે ઉઠી જનારી આજ કેમ હજી સુતી છે ?

હુ બેડ રુમમા ગયો. એ જાગી ગઈ હતી પણ બારી બહાર જોઇ રહી હતી. મે તેના માથે હાથ ફેરવી ને કહ્યુ ''જયશ્રીકૃષ્ણ'' આજે તારી તબીયત બરાબર છે ને ? પછી મારે ખભે હાથ મુકી રડી પડી. હુ કારણ સમજી ગયો છતા અજાણ હતો હું એની બાજુમાં બેઠો અને કહ્યુ શાભળ.. પરિવર્તન એ સંસારનો નિયમ છે. જે પરિવર્તનની સાથે ડગલાં માંડ્તો નથી એ દુ:ખી થાય છે અથવા વહેતા પ્રવાહથી બહાર ફેંકાઈ જાય છે.

એક વાત યાદ રાખજે, આપણે આનંદમાં રહેવું કે દુ:ખી થવું તેનો અધિકાર માત્ર આપણી પાસે હોવો જોઈએ. કોઈ પણ વ્યક્તિના વાણી, વર્તન કે વ્યવહાર આપણા વર્તમાન કે ભવિષ્યના જીવનને વિચલિત કેવી રીતે કરી શકે ?

એણે મને કહ્યુ વાર તહેવારે કે રજાના દિવસોમાં આપણો દિકરો અને તેની પત્ની હમેશા આપણને બન્નેને એકલા મૂકી બહાર નીકળી જાય છે. તમને આ યોગ્ય લાગે છે ?

અરે ગાંડી... પંખી ને પાંખ આવે એટલે ઉડે... આ ''હક્ક અને ફરજ'' ની પક્કડ દોડમાં આપણે આપણો સમય બરબાદ શા માટે કરવો જોઈએ ? કોઈને પકડવા પ્રયત્ન જેટલો કરીશું એટલું એ વધારે દોડશે. પડતા મૂકી દેવા જોઈએ એવી વ્યક્તિઓને જેમને તમારા પ્રેમની કદર નથી. તેને નજર અંદાજ કરતા શીખવું પડશે. તેની મેળે આવી વ્યક્તિઓ પરત આવશે. તારે ધુળેટી જ રમવી છે ને ?



એ મારી સામે જોતી રહી. મેં કીધું આવતા અઠવાડિયે હોળી છે. હવે બાકી બચેલ જીવન અને તેની સાથે સંકળાયેલ તહેવાર અને રજાઓ ક્યાં અને કેવી રીતે ઉજવવા એ મારી ઉપર છોડ. આ વખતની ધુળેટી મેં ગોકુળ મથુરા અને વૃંદાવન માં ગાળવાનું નક્કી કર્યું છે. તું જ માત્ર નહીં હું પણ થાકી ગયો છું . હવે મેં પણ નિર્ણય કર્યો છે કોઈ પણ તહેવાર ઘરે નહિ ઉજવું. દરેક તહેવાર પ્રમાણે સ્થળ મેં નક્કી કરી લીધા છે. હોળી ધુળેટીમાં વૃંદાવન મથુરા જતું રહેવું છે. નવરાત્રીમાં ધરે મુંબઇ ડાડીઆ અને દિવાળીમા કચ્છ મંદિર અને ઉનાળુ વેકેશન.. કોઈ પણ હિલ સ્ટેશન ઉપર જતા રહેવું. એના મોઢા ઉપર આનંદ દેખાયો. એ બોલી તો જન્માષ્ટમી તો આપણે ઘરે અને પછી ડાકોર અથવા દ્વારકા જતા રહેવાનું.

હક્ક અને ફરજ એક સિક્કાની બે બાજુ છે. તેઓ કમાય છે. સારી વાત છે. તે લોકોની આર્થિક સધ્ધરતામાં આપણે ખુશ છીયે. પણ આર્થિક સધ્ધરતાને કારણે તેઓ નું સ્વચ્છંદીપણુ મને માન્ય પણ નથી. તારું અને મારું જીવન સ્વમાનથી જીવાય તેટલું ઈશ્વરે આપ્યું છે. તેઓની તકલીફમાં આપણે ઉભા છીયે..પણ એ લોકોની આર્થિક સધ્ધરતાના ધુમાડા મારા કે તારા ઉપર કાઢે એ તું જાણે છે મારાથી સહન થાય તેમ નથી. હું મૌન બની તમાશો ઘરનો જોઈ રહ્યો છું પણ તેનો મતલબ એ પણ નથી કે હું તારી લાગણી સમજતો નથી.

દરેક વ્યક્તિને સારાપણાનો થાક લાગે. અને હવે તું નહિ હું પણ થાક્યો તેમના સ્વચ્છંદીપણાથી.

તહેવાર પરિવાર સાથે ઉજવવાની મજા હોય છે. પણ ઘણા સમયથી તહેવારમાં પણ એકલો પડી ગયો હોય તેવું લાગે છે જો તહેવાર કે રજાના દિવસો ઘરમાં એકલા જ રહેવાનું હોય તો તું પણ માર ઘર ને હવે તાળું...તૈયારી કર વૃંદાવન જવાની બે દિવસ પછી ટ્રેનની ટિકિટ બુક કરાવી લઈ એ. એ આનંદથી મને ભેટી પડી. એ બોલી આ તમારો નિર્ણય મને બહુ ગમ્યો.

બીજે દિવસે ડાઈનિંગ ટેબલ ઉપર ડીનર લેતા મેં દિકરા અને વહુ ને કીધું, બેટા અમે હોળી ઉપર ઘરે નથી, તમારી જાણ ખાતર.

ક્યાં જાવ છો પપ્પા મેં કીધું બસ ફરવા પણ ક્યા... ? એ બોલ્યો.

મેં કીધું ..

તમને જ્યારે અમે પુછીએ છીએ ત્યારે તમે અમને એટલું જ ફરવા ...પણ કયા ? એ કહો છો. દિકરો સમજી ગયો. પપ્પા સીધો જવાબ આપતા નથી. એટલે તેણે પોતાની મમ્મી સામે જોઈ કીધું મમ્મી તું કહે પપ્પા સીધા જવાબ નહિ આપે.

બેટા દરેક તહેવાર હું અને તારા પપ્પા ઘરમાં એકલા પડી જઇએ છીએ. દરેક તહેવાર ઉજવવા તમને તમારું મિત્ર મંડળ

મળી ગયું છે. તમારા રૂટિનના વ્યસ્ત જીવનમાં અમે અપેક્ષા ન રાખીયે પણ રજા કે તહેવારમાં અમે આશા જરૂર રાખીએ કે આપણે બધા સાથે તહેવારની ઉજવણી કરીએ. અમે એ પણ જાણીએ છીએ કે તમે મોટા થઈ ગયા છો. કમાતા થઈ ગયા છો હાથ પગ અને જીભ પણ હવે ચાલવા લાગી છે. તમે તમારી મરજીના માલિક છો. તમને રોકવાનો અધિકાર જ્યારે અમે ગુમાવી દીધો છે, ત્યારે આવા સંજોગમાં અમારી પાસે અંતિમ વિકલ્પ અમારો વ્યક્તિગત નિર્ણય લેવાનો અધિકાર જે હતો તે અમે ભૂલી જ ગયા હતા.

અત્યારે તો તારા પપ્પા એ ટ્રેનની ટિકિટ બુક કરાવી છે, અમે આઠ દિવસ માટે ગોકુળ મથુરા અને વૃંદાવન હોળી ધુળેટી રમવા જઇએ છીએ. બાકી તારા ધ્યાન માટે હવે પછીના કોઈ પણ તહેવાર તારા પપ્પા ઘરમાં ઉજવવા માંગતા નથી. તેમણે દરેક તહેવારનું સમય પત્રક બનાવી દીધું છે. તમે પણ તમારા મિત્રો સાથે રજાના દિવસ અને તહેવાર દરમ્યાન આનંદ કરો અને અમે પણ અમારું નિવૃત જીવન અમારી ઉંમરની ગમતી વ્યક્તિઓ સાથે ગાળીએ.

બેટા એક વાત યાદ રાખજે કોઈ પણ વાતનો જ્યારે અતિરેક થાય ત્યારે જીવનનો રસ્તો કે સ્વભાવ બદલવા કોઈ પણ વ્યક્તિ મજબુર થાય છે. બસ એની પાસે બોલવા માટે કોઈ શબ્દો ન હતા.

અમે જ્યારે વૃંદાવનથી પાછા ફર્યા ત્યારે અચાનક દિકરો અને તેની પત્ની ને રેલવે સ્ટેશન ઉપર જોઈ અમે ખુશ થયા. વહુ અને દિકરો બન્ને અમને બન્નેને દોડી અને ભેટી પડયા. બન્નેની આંખોમાં પ્રાયશ્ચિતના આંસુ હતા. તેઓ માત્ર એટલું બોલ્યા પપ્પા અઠવાડિયામાં એકલતા અને એકાંતનો મતલબ અમે સમજી ગયા.

દિકરા અને વહુની અચાનક નજર મારી પાછળ વહુના મમ્મી પપ્પા મતલબ મારા દિકરાના સાસુ સસરા સામાન સાથે ઉભા હતા ત્યાં પડી. વહુ એ આશ્ચર્ય સાથે પૂછ્યું અરે પપ્પા મમ્મી તમે પણ વૃંદાવન ગયા હતા ?

વહુ ના પપ્પા બોલ્યા, હા બેટા, જે વ્યથા તારા સસરાની છે એજ વ્યથા અમારી છે. અમે પણ તહેવારમાં એકલા પડી જઇએ છીએ. તારા ભાઈ ભાભી રજાના દિવસોમાં ઘરમાં હોતા જ નથી અમે સમદુખિયા છીએ. એટલે હવે અમે બન્ને પરિવારે તહેવારમાં બહાર નીકળી જવાનું નક્કી કર્યું છે. દિકરો અને વહુ હાથ જોડી બોલ્યા. અમે ભૂલી ગયા હતા મિત્રો સિવાય પણ ઘરે આપણી કોઈ રાહ જોઈ બેઠા છે. જેમણે પોતાનું સર્વસ્વ આપણી પ્રગતિ પાછળ ન્યોછાવર કરી દીધું છે. હવે અમે તમને વચન આપીએ છીએ..તહેવાર હોય કે રજા તમારી સાથે, પછી એ બહાર હોય કે ઘર ની અંદર. હું અને મારી પત્ની બધા એક બીજા સામે જોતા રહ્યા.

મિત્રો, મૃત્યુ જેટલી કડવી વાસ્તવિકતા છે તેટલું ઘડપણ પણ એક કડવી વાસ્તવિકતા છે. જેનાથી કોઈ બચ્યું નથી

*પીપળ પાન ખરંતા, હસતી કૂંપળિયાં;*
*મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપલીયા*
*જોબનયુ આજ આવ્યું ને કાલે જાશે..*
*જોબનીયા ને પગ ની પાની માં રાખો..*
*જોબનીયુ આજ આવ્યું અને કાલે જાશે..*

કોઈ પણ ભોગે એવી વ્યક્તિ ને ખાસ સાચવી લેજો જેણે તમને આ ત્રણ ભેટ સુખ અને દુ:ખ ના સમયે આપી હોય ..

'સાથ ,સમય અને સમર્પણ'

તમારા વ્યસ્ત જીવન માંથી તેમના માટે પણ થોડો સમય ફાળવો.

❖❖❖

## ઋણ સ્વીકાર

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા - મુંબઈ**
**ચુંટણી કમિશનર શ્રી અશ્વિનભાઈ કે. શાહ દ્વારા**

ચુંટણીમાં ઉભેલા સર્વ ઉમેદવારોને અમારા ધન્યવાદ તેમજ ટ્રસ્ટી તથા કારોબારીમાં ચુંટાયેલા સર્વે સભ્યોને ખુબ ખુબ અભિનંદન.

શ્રી ઝાલાવાડી સભાનો ખુબ ખુભ આભાર. અમારી ટીમ પર વિશ્વાસ મુકીને મને ત્રીજી વખત ચુંટણી કમિશનરના સ્થાને મારી નિમણુંક કરી મને સેવાનો લાભ આપવા બદલ અંતઃકરણપૂર્વક આભાર. સાથોસાથ મારા સહયોગી શ્રીમતી હીનાબેન પારેખ તથા શ્રી સચિનભાઈ ગોપાણીનો પણ હૃદયપૂર્વક અભિવાદન કરું છું. સભાએ મુકેલા વિશ્વાસ પર નિષ્ઠા અને વફાદારી નિભાવવામાં અમોએ કોઈ કસર નથી રાખી. ભવિષ્યમાં આવા સમાજલક્ષી કોઈ પણ કાર્ય હોય તો અમારી ટીમ સભાની સાથે રહી ખભે ખભા મિલાવી કાર્ય કરવા તત્પર રહીશું.

સભાએ દરેક રીતે અમારી કાર્ય પદ્ધતિમાં સાથ-સહકાર આપ્યો તથા અમારા બધાજ કાર્યકરો સહભાગી થયા, સાથોસાથ સભાના માનવંતા સભ્યોના સહકાર બદલ ફરી એક વાર સર્વોનો અમો આભારી છીએ.

અમારી ટીમ તરફથી કોઈના હૃદયને દુ:ખ લાગ્યું હોય તો **મિચ્છામિ દુક્કડમ્ - જૈન જયંતી શાસનમ્**

**અશ્વિનભાઈ કે. શાહ**
મુખ્ય ચુંટણી અધિકારી

**હીનાબેન પારેખ - સચીનભાઈ ગોપાણી**
મદદનીશ ચુંટણી અધિકારી

# 'માનવતાની સુગંધ પ્રસરે જ'

હરેશ ભટ્ટ

''**મા**નવતા રાખો, સમાનતા રાખો, કોઈને દુ:ખી ના કરો એને સુખ મળે એવા પ્રયત્ન કરો ઈશ્વર તમારું અને તમારા સંતાનનું ભલું જ કરશે.''

સમીર શેઠ અને એમના પત્ની શોભનાબહેન આમ તો એમના મોટા બંગલામાં એકલા જ રહેતા, એમના સંતાનો બે દીકરા અને એક દીકરી એમના પરિવાર સાથે પરદેશમાં રહેતા હતા. એક બહેન અન્ના, જોકે આમ એનું નામ અન્નપૂર્ણા પણ ટૂંકમાં, લાડમાં એને અન્ના કહેતા. એને સવારથી સાંજ એમની સેવામાં હોય. એ બહેન સવારે ઘરમાં આવી જાય અને સમીર શેઠના મિત્રો મજાના હતા. એમાંના એક-બે એવા હતા કે એમના સંતાનો પણ પરદેશ રહેતા હતા. એ પાંચ મિત્રો દર રવિવારે સવારે સમીર શેઠને ત્યાં ભેગા થાય. શોભનાબહેનની સૂચના મુજબ આ મિત્રો આવે એટલે અન્ના એ લોકો માટે ગરમ નાસ્તો બનાવે, એકાદ રવિવાર એવું પણ હોય કે એકાદ મિત્ર બહારથી ફાફડા-જલેબી કે ભજીયા ગોટા લેતા આવે અને માત્ર ચ્હા અન્ના બનાવે.

એક રવિવારે આ બધા મિત્રો બંગલાની બહાર બગીચામાં બેઠા હતા અને એક મિત્રએ કહ્યું કે સમીરભાઈ આપણી પરિસ્થિતિ કહેવી છે ? આપણે બાળકોને ભણાવી ગણાવી તૈયાર કરીએ એક આશાએ કે આ બાળકો મોટા થઈ આપણને સાચવશે અને આપણે નિવૃત્ત જીવન મોજથી માણીશું, એટલે સમીરશેઠ હળવું સ્મિત આપી બોલ્યા કે'' સાવ અસંતોષી જીવ છો, પહેલા મને એમ કહે કે અત્યારે



તું શું મોજ નથી માણતો ? શું દુ:ખ છે ? ઘરે નોકરચાકર છે, રસોઈ માટે મહારાજ આવે છે. આપણા બધાના ફેમિલી ડોક્ટર છે જે જરૂર પડયે ફોન કરીએ તો ઘેર આવી જાય છે.'' ત્યાં સામે વૃક્ષ પર પંખીના બચ્ચાનો કલરવ સંભળાયો એ જોઈ સમીર કહે ''આ જો બચ્ચા માટે મા ચાંચમાં દાણા લઈ આવી અને બચ્ચા ખુશ થયા ? અને હવે ધીરે ધીરે એ બચ્ચા ઉડતા શીખશે અને ઉડી જશે... એ મા ને અફસોસ ના થાય કારણ કે આમ જ થાય. આપણે હકારાત્મક વિચારો પંખી પાસેથી શીખો બચ્ચાને પાંખ આવે એટલે ઉડતા શીખે અને ઉડી જાય. અફસોસ નહીં કરવાનો.''

*'માનવતા રાખો, સમાનતા રાખો, કોઈને દુ:ખી ના કરો એને સુખ મળે એવા પ્રયત્ન કરો ઈશ્વર તમારું અને તમારા સંતાનનું ભલું જ કરશે.*

એટલામાં બીજો મિત્ર બોલ્યો કે, એકલતા તો લાગે યાર નહીં તો આ તમારે ત્યાં અન્ના કામ કરે છે એ બીજે રહેતી હતી એને અહીં તમારા બંગલામાં બે રૂમ ખાલી હતા તો એના પતિ દીકરા સાથે અહીં રહેવા બોલાવી લીધાને ? એટલે સમીર કહે, અરે ભાઈ એક તો એ દૂર રહે એના વરને અકસ્માતમાં હાથ જતો રહ્યો છે એ ઘરમાં હોય દીકરો ભણે છે, અન્ના સવારે આવે તે છેક રાત્રે જાય આખો દિવસ એનો વર એકલો દીકરો સતીષ બપોરે સ્કૂલેથી આવે પછી માને રાત્રે જ જુવે, એના કરતા અહીં જ રહે બપોરે એના રૂમમાં હોય પરિવાર સાથે હોય, એમ રહેતા રહેતા કેટલું સરસ થયું ? દીકરાને ભણાવવામાં મદદ કરતી હતી. મેં સારા અભ્યાસ માટે ફી વગેરેની મદદ કરી અને જો એનો દીકરો સતીષ કેટલું ઊંચું ભણવા ગયો છે. સાંભળ્યું છે કે હવે ભણવાનું પૂરું થશે.

એ પછી મિત્ર તેજસે કહ્યું કે સમીર તારે ત્યાં રોજ એક છોકરી આવતી હતી ફૂલ આપવા માટે હું નિયમિત જોતો હતો, તું એને પણ મદદ કરતો હતો, એ તો ખોવાઈ ગઈ. આ સાંભળી સમીર સહેજ ઢીલો થઈ ગયો, ઉંડો શ્વાસ લીધો પછી અતીતમાં ડોકિયું કરતો હોય એમ બોલ્યો ''હા એ છોકરી આવતી હતી રોજ ફૂલ આપવા. શરૂઆતમાં તો આ ઝાંપાની બહાર ઊભા રહી જોયા કરતી પછી હું દેખાઉં એટલે કાંઈક આપવા પ્રયત્ન કરે પછી ભાગી જાય, એક દિવસ મેં બુમ પાડી ઊભી રાખી પછી પૂછ્યું કે શું છે ? મને જોઈ પહેલા કાંઈક કહેવા કે આપવા પ્રયત્ન કરે છે અને પછી ભાગી જાય છે બોલ, શું છે ? અને આ શું સંતાડે છે પાછળ ? પછી એણે હાથમાં રાખેલું પડીકું બતાડ્યું અને કહ્યું કે આ ફૂલ છે દાદા, એક દાદા રોજ મને એમના બંગલાના

બગીચામાંથી તોડવા દે છે. હું પડા બનાવી વેચું તો મને પૈસા મળે. પહેલા મને એમ થાય કે તમને આપું તો તમે મને પૈસા આપો મહિને મારી સ્કૂલની ફી નીકળી જાય. પછી એમ થાય કે તમારે ફૂલ ના જોતા હોય તો, અને બીજું એ કે ઘણા લોકો મને અછૂત ગણી નથી લેતા. મારા માતા-પિતા તો શેરીઓ વાળવાનું કામ કરે છે. મેં કહ્યું એમાં એવું હોય જ નહિ, તારે રોજ ફૂલ આપી જવાના તને પૈસા આપીશ.

એ છોકરી ગીતા મા-બાપ પર બોજ બનવા નહોતી માગતી એને મા-બાપને મદદ કરવી હતી અને ભણવું પણ હતું. હું એની પાસેથી રોજ ફૂલ લેતો એ ઉપરાંત એ સરસ ભણે એ માટે આર્થિક મદદ પણ કરતો. એ છોકરી રોજ વહેલી સવારે અમારી લાઈનના પાંચ-છ ઘેર ફૂલનો પડો અહીં બહાર હિંચકે મૂકી ચાલી જતી. અને સ્કૂલે જતી. દર મહિનાના પહેલા રવિવારે આવીને સામટા પૈસા લઈ જતી, એની ફી નીકળી જાય અને વધેલા એની માં ને આપી દે. હું એને કોલેજમાં આવી ત્યારે સારા કપડાં લેવા પણ પૈસા આપતો. એ ખરીદીને મને રવિવારે બતાવી જતી. છેલ્લે એ ગીતા આવી હતી અને કહ્યું હતું મને થોડા વધુ પૈસા જોઈએ છે, એ હજારોમાં હતા મેં આપ્યા પણ હતા. બસ એ છેલ્લી દેખાઈ પછી આવી નથી. કેટલા વરસ થયા.

એટલામાં એક મિત્ર બોલ્યો કે, આવું જ થાય, આ તેં અન્નાના દીકરા સતીષને ભણવા માટે કેટલા બધા પૈસા આપ્યા, એ છેક બેંગ્લોર ભણવા ગયો, કેટલા વર્ષ થયા ? તને એમ છે કે એ આવશે ? આ તને ફૂલ આપવા આવતી છોકરી એનેય તે કેટલા પૈસા આપ્યા ? ભણવાના બહાને, તું જોવા ગયો હતો ? એ ગઈ ? આવું થાય. આપણે બહુ દાનવીર નહિ થવાનું. તને શું મળ્યું ? એટલે સમીર બોલ્યો 'નિજાનંદ' મેં કાંઈક સારું કર્યાનો આનંદ મળ્યો. હું અપેક્ષા રાખતો જ નથી. આપણે સારા કાર્યો કરવાના ઈશ્વરની આ જ સાચી ભક્તિ છે. 'માનવતા રાખો, સમાનતા રાખો, કોઈને દુ:ખી ના કરો એને સુખ મળે એવા પ્રયત્ન કરો ઈશ્વર તમારું અને તમારા સંતાનનું ભલું જ કરશે. એ ફૂલવાળી છોકરી જ્યાં હશે ત્યાં મનોમન આભાર માની આપણું કલ્યાણ ઈચ્છતી હશે ને, એ મળવા આવે જરૂરી નથી. આપણે એવું ઈચ્છીએ તો એ આપણો અહમ છે. આપણે સારું કરી ભૂલી જઈએ એમાં જ મજા છે.

આ ચાલતું હતું ત્યાં સાયરન વગાડતી બે જીપ આવી અને સમીર શેઠના બંગલાના દરવાજે ઊભી રહી, સમીર શેઠ અને એના મિત્રો બધા ઊભા થઈ ગયા અને એકબીજાની સામે ચિંતામાં જોવા માંડયા કે આ શું થયું ? એક જીપમાંથી બે પોલીસ ઓફિસર ઉતરી અંદર આવ્યા. એમાંથી એક સાહેબે પૂછ્યું સમીર સાહેબ છે ? એટલે સમીરે કહ્યું કે હું સમીર. એટલે બીજા ઓફિસર તરત બહાર ગયા અને બીજી જીપ પાસે ઊભા રહી વાત કરી અને જીપમાંથી કેપ કાળા ચશ્મા અને ઉચ્ચ હોદ્દાના યુનિફોર્મ પહેરેલા ઓફિસર ઉતર્યા અને પેલા ઓફિસર એમને એસ્કોર્ટ કરી લઈ ગયા. એ મોટા આઈપીએસ ઓફિસરે સમીર શેઠ પાસે જઈ કેપ ઉતારી બગલમાં ભરાવી ચશ્મા કાઢી ખીસામાં મૂકી અને એકદમ ઘૂંટણીએ પડી સમીર શેઠના બેય હાથે ચરણ સ્પર્શ કરી બેય હાથ આંખરૂપે અને પોતાના માથા પર ફેરવ્યા અને ઊભા થયા અને નમસ્તે કર્યું. એની આંખમાં આંસુ હતા. એણે બે હાથ જોડી કહ્યું 'દાદા હું ગીતા, તમને રોજ ફૂલ આપી જતી હતી, તમે મને ભણવા માટે ખૂબ મદદ કરી, છેલ્લે હું તમારી પાસે ઘણા પૈસા લઈ ગઈ કારણ કે મને આઈપીએસ થવાની તક મળે એમ હતી. ભણવા ફી ઘણી હતી જે તમે ખચકાયા વગર આપી. બસ આ પદ પર પહોંચી અને મારું અહીં પોસ્ટીંગ થયું એટલે આજે ચાર્જ સંભાળતા પહેલા તમારા ચરણસ્પર્શ કરવા હતા અને પછી પેલા ફૂલ લેવા દેતા હતા એ દાદાને મળું. સમીરની આંખોમાં પણ અહોભાવના આંસુ હતા. એ આટલી મોટી ઓફિસર હતી તોય કહ્યું ''બેટા બેસ ચ્હા-નાસ્તો કરીને જા'' ગીતાએ કહ્યું ''આજે ઉતાવળ છે. મારે જઈને ચાર્જ સાંભળવાનો છે, હું પછી તમને અગાઉથી જાણ કરી જમવા આવીશ. હું જાઈશ, તમારી ક્યારેય પણ કાઈપણ જરૂર કાંઈપણ કામ હોય તો કહેજો તરત કરીશ.'' એમ કહી માથે કેપ પહેરી સેલ્યુટ કરી અને નીકળી એ સાથે બીજા ઓફિસરોએ પણ સેલ્યુટ કરી. બધા ગયા પછી મિત્રો અભિનંદન આપતા હતા અને કહેતા હતા કે તારી વાત સાચી ''સારા કામ કરો, માણસાઈ રાખો, સારું કામ કરી ભૂલી જાવ, અપેક્ષા કે અભિમાન ના રાખો, ઈશ્વર સારું જ કરશે.'' આજના જેવું ઉત્તમ બહુમાન બીજું શું હોઈ શકે ?

આ હજી વાત પતી ત્યાં દરવાજે કાર આવી ઊભી રહી, પાછા બધા જોવા માંડયા અને અન્નાનો દીકરો સતીષ ઉતર્યો અને દોડતો આવી સમીરના પગમાં પડયો અને બોલ્યો દાદા હું પ્રથમ આવ્યો અને કોલેજમાં જ અહીંની એક કંપનીએ મને ઊંચા હોદ્દા પર રાખી લીધો.

બધા રાજી થયા, અને સમીરને અભિનંદન આપવા લાગ્યા અને ફરી કહ્યું ''આના જેવું ઉત્તમ બહુમાન બીજું શું હોઈ શકે'' માનવતાની સુગંધ પ્રસરે જ.

❖❖❖

# 'તારા જેવા આદર્શવાદી માણસો જિંદગી માણી શકતા નથી, ધન એ જ ધર્મ માનનારા જલસા કરે છે'

□ ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

લોકો ભલે ઘોર કળિયુગની વાતો કરે, પણ કળિયુગ જાતે આવતો નથી એને પાલખીમાં બેસાડીને લાવનારા લોકો જ એના મદદગારો છે.

'પાવસ, કોલેજ શરૂ થવાનો બેલ વાગ્યો. ચાલ, આપણે વર્ગ તરફ પ્રયાણ કરીએ. હું નિયમિતતા અને સમય પાલનનો આગ્રહી છું' - ગોપેન્દ્રએ કહ્યું.

'લે, આ ફી ભર્યાની રસીદ. એમાં ક્યાંય લખ્યું છે કે ફી ભરનારે કોલેજ આવવાનું ફરજિયાત છે. હજી તો મારે કેન્ટિનમાં ગરમાગરમ દાળવડાં ખાવાનાં છે. કોફી પીવાની છે. ગોપેન્દ્ર, તારા જેવા આદર્શવાદી માણસો જિંદગી ક્યારેય માણી શકતા નથી. ધન એ જ ધર્મ માને એ સુખી થાય. પણ આ વાત તને નહીં સમજાય કારણ કે ડેરીમાં કામ કરતા મજૂરનો તું પુત્ર છે' - પાવસે કહ્યું.

'યાર ! મારી વાત તને નહીં સમજાય ભણતર માણસને શીલવાન ન બનાવે તો એવી વિદ્યા સમયનો બગાડ જ કહેવાય. શીલવાન બનવા માટે દાનત કેળવવી પડે છે, મનોબળ મજબૂત કરવું પડે છે' ગોપેન્દ્રે દલીલ કરી.

અને સાડા દસના ટકોરે નોકરી પર હાજર થવું પડે છે. જ્યારે મારો તો ઉઠવાનો જ સમય સવારે ૧૧ વાગ્યાનો છે. હું પપ્પાનો લાડકો છું એટલે મને મનમાની રીતે વર્તવાની સ્વતંત્રતા છે. કાંઈ નહીં, જિંદગીમાં હારું તો મને યાદ કરજે. મારો 'અધર્મ' તને મદદરૂપ થશે - કહી પાવસ કેન્ટિન તરફ ચાલ્યો ગયો.

ગોપેન્દ્ર દર વખતે યુનિવર્સિટી પરીક્ષામાં ડિસ્ટીંકશન મેળવતો. બી.કોમ પછી એમ.કોમની પદવી પણ એણે ફર્સ્ટ ક્લાસ સાથે પ્રાપ્ત કરી.



એણે ઠેકઠેકાણે અરજીઓ કરવા માંડી શોષણ, ભ્રષ્ટાચાર વિરોધી પોતાના આદર્શો છે એ પણ પોતાના બાયોડેટામાં દર્શાવ્યું. દરરોજ એ તરસી આંખે કુરિયરના આગમનની રાહ જોતો... કદાચ કોઇના હૃદયમાં રામ વસે.

આમ છ મહિના વીતી ગયા. એક દિવસ એના પિતાએ કહ્યું : 'દીકરા, છ મહિના પછી હું નિવૃત્ત થઇશ. નિવૃત્તિ લાભોની નાનકડી રકમના વ્યાજમાંથી પેટગુજારો કરવાનું મુશ્કેલ બનશે. એટલે નોકરી માટેની અરજીમાંથી આદર્શવાદી વાતો હટાવી દે. નહીં તો ગરીબીમાં એક દિવસ એવો આવશે, જેમાં તારી પાસે મારા મરણ વખતે નહીં હોય કફન કે નહીં હોય અગ્નિ સંસ્કાર માટે લાકડાંના પૈસા. હું નથી ઇચ્છતો કે તું સત્યવાદી હરિશ્ચંદ્ર બની સ્મશાન ઘાટનો નોકરીઆત બને.'' ગોપેન્દ્રના પિતા રડી પડયા.

ગોપેન્દ્રએ કહ્યું : 'જરૂર પડે હું મજૂરી કરું પણ મારા સિધ્ધાંતોનું બલિદાન નહીં આપું. હું શ્રધ્ધાળુ છે મને ખાત્રી છે કે ભગવાન આકરી કસોટી કરે છે પણ ઉપાસકને ત્યજતો નથી ! કહી ગોપેન્દ્ર ચાલતો લાયબ્રેરી જવા નીકળ્યો.'

એ કાળજીપૂર્વક ફૂટપાથ પર ચાલતો હતો. પણ બેફામ ગતિએ ચાલતી ગાડીએ એને ટક્કર મારી અને એ ભોંય પટકાયો. ગાડીમાં બેઠેલા ઓફિસરે તેને હોસ્પિટલ પહોંચાડયો. ડાબા પગે ફ્રેક્ચર થયું હતું. સારવારનો તમામ ખર્ચ પોતે ઉપાડી લેશે. તેની ઓફિસરે ખાત્રી આપી. ગોપેન્દ્ર પાસેથી સરનામું લઈને ઓફિસર ગોપેન્દ્રના પિતાને મળવા ગયા. એમને આશ્વાસન આપી પોતાની ગાડીમાં હોસ્પિટલ લઈ ગયા અને રૂપીઆ દસ હજારનો બેરર ચેક હાથખર્ચી અને દવાઓ માટે આપ્યો.

દરરોજ ઓફિસેથી ઘેર જતી વખતે ઓફિસર મિ. સમર્પણ ગોપેન્દ્રના ખબર-અંતર પૂછવા હોસ્પિટલ જતા. તેને માટે ફળફળાદિ, સૂકો મેવો અચૂક લઈ જતા. તેઓ બાંધકામ ખાતામાં સેક્રેટરી હતા. એમનો સ્ટાફ ભ્રષ્ટાચારથી સાવ મુક્ત રહે એની કાળજી રાખતા.

અઠવાડિયા પછી ગોપેન્દ્રને હોસ્પિટલમાંથી રજા મળી. હોસ્પિટલનું તમામ ખર્ચ મિ.સમર્પણે ચૂકવી દીધું હતું. પોતાની કારમાં બેસાડી ગોપેન્દ્ર અને તેના પિતાને તેમના નિવાસ સ્થાને પહોંચાડયા હતા. ડોક્ટરના અભિપ્રાય મુજબ ગોપેન્દ્ર બે એક માસ પછી તો ચાલતો જ નહીં. દોડતો થઈ જશે. મિ.સમર્પણે હૃદયથી ગોપેન્દ્રની માફી માગી વિદાય લીધી હતી.

એમના ગયા બાદ ગોપેન્દ્રના પપ્પાએ કહ્યું હતું : 'દીકરા, તું ભણ્યો, પણ ગણ્યો નહીં : મિ.સમર્પણ તારા અપરાધી છે. સરકારમાં ઊંચો હોદ્દો ધરાવે છે. નોકરીની વાત કરી હોત તો તે તને અવશ્ય મદદ કરત.'

'પપ્પાજી, સજ્જનોને શોષણનો વિષય

બનાવીશું, તો આ ધરતી રહેવા લાયક નહીં રહે. ક્યાં છે મિ. સમર્પણ જેવા નમા, પરોપકારી અને ભૂલનો સ્વીકાર કરનાર ઓફિસર્સ.' બાવળને ઉગાડવા મહેનત કરવી પડતી નથી, મહેનત તો કરવી પડે છે ગુલાબની મહેકની રક્ષા કરવા માંડે. મારી દૃષ્ટિએ તેઓ ખૂબ જ સમજુ છે. એમણે આપણી સ્થિતિ અને લાચારી માપી લીધી છે. એમણે શું કરવું જોઈએ, એની અપેક્ષા રાખવી એ આપણું કામ નથી ! ગોપેન્દ્રએ કહ્યું...

અને બરાબર બે માસ પછી મિ.સમર્પણના ડિપાર્ટમેન્ટના એક કલાર્ક સરકારી પરબીડિયું લઈને ગોપેન્દ્રને ઘેર આવ્યા. પેલા કલાર્ક કહ્યું :કોંગ્રેચ્યૂલેસન્સ. તમારા નશીબનાં દ્વાર ખુલી ગયા. બે વર્ષ ચાલનાર એક સરકારી પ્રોજેક્ટમાં સમર્પણ સાહેબે તમારી પરચેઇઝ ઓફિસર તરીકે નિમણૂક કરી છે. પગારની રકમ પણ ઠીક-ઠીક મોટી છે.

કલાર્કની વાત સાંભળી ગોપેન્દ્ર ગદ્‌ગદ્ થઈ ગયો. એણે મનોમન વિચાર્યું : 'ભગવાન માણસના કલ્યાણ માટે સદાય કાર્યરત હોય છે. જેને જે આપવાનું થાય તે નિર્ધારિત સમયે આપે જ છે.' ગોપેન્દ્રે કલાર્કને સ્વીકૃતિપત્ર લખી આપ્યો અને કાલે સમયસર ઓફિસે હાજર થઈ જશે. એમ સમર્પણસરને જણાવવા વિનંતી કરી.

સવારે સાડા નવ વાગ્યે ગોપેન્દ્ર ઓફિસે જવા તૈયાર થતો હતો, એટલામાં મિ.સમર્પણની કાર એના આંગણામાં થોભી. મિ.સમર્પણ કારમાંથી ઉતરીને ગોપેન્દ્રના ઘરમાં પ્રવેશ્યા. ગોપેન્દ્રના પિતા તેમને નમન કરે એ પહેલાં જ મિ. સમર્પણે તેમને ભાવપૂર્વક વંદન કરતાં કહ્યું : આજથી આપનો ગોપેન્દ્ર મારો દીકરો. એની જગાએ બીજો કોઈ માણસ અકસ્માતમાં જખ્મી થયો હોત તો મારી સાથે ઝઘડો કરત, પોલિસ કેસની ધમકી આપી પૈસા પડાવત. પણ ગોપેન્દ્ર એક પણ શબ્દ બોલ્યો નહીં. ઉલટો મને પૂછવા લાગ્યો કે આપને કોઈ ઈજા તો નથી થઈ ? મુરબ્બી શિક્ષણ હૃદય અને બુધ્ધિમાં ઉતરે તો જ માણસ વિવેકી અને ચારિત્ર્યવાન બની શકે. મને ગોપેન્દ્રમાં એક પવિત્ર યુવાનનું દર્શન થયું છે.

હું એને આજીવન મદદ કરતો રહીશ. અત્યારે હું એને દેવદર્શને લઈ જાઉં છું. ત્યાંથી અમે સીધા મારી ઓફિસ જઇશું. ચાલ ભાઈ ગોપેન્દ્ર, આપણે સમયસર ઓફિસે પહોંચવાનું છે.- કહી મિ.સમર્પણ ગોપેન્દ્રને કારમાં બેસાડી દેવદર્શને ગયા. પુજારીને ભાવપૂર્વક વંદન કર્યા. નમસ્તે સમર્પણ સર કહી પુજારીએ પૂજાનું ફૂલ અને પ્રસાદ આપી ભાવભીની વિદાય આપી.

એમણે રસ્તામાં જ ગોપેન્દ્રને કહ્યું 'આજનો દિવસ મને યાદ રાખવાનો નહીં, ભૂલી જવાનો છે. તમારે મને ખુશ રાખવાને બદલે તમારા કામને પવિત્રતા અને નિષ્ઠા અર્પવાની છે. મારી ઓળખાણનો કોઈ લાભ લેવાનો નથી અને કોઈને સીધી કે આડકતરી રીતે આપવાનો નથી. તક માણસને તારી પણ શકે અને ડૂબાડી પણ શકે. તકને પરમાત્માનો પુરસ્કાર માની એની ઈજ્જત રાખવી જોઈએ. કહી ઓફિસરના દરવાજા પાસે સમર્પણ ગાડી થોભાવી. પ્યુનને કહ્યું : આ સાહેબને પ્રોજેક્ટ વિભાગમાં પહોંચાડજે. ચીફ પરચેઇઝ ઓફિસરને એમની નિમણૂક જાણ કરી છે.'

ગોપેન્દ્રએ મનોમન વિચાર્યું : 'હું સમર્પણ સરનો ઓળખીતો છું. એવો કોઈને ખ્યાલ ન આવે એટલા માટે મને એકલો મૂકી ચાલ્યા ગયા. સમર્પણસર મહાન માણસ છે.'

એ વાતને એક મહિનો થયો હશે ત્યાં એક દિવસ પ્યૂને એક વિઝિટિંગ કાર્ડ ગોપેન્દ્રને આપતાં કહ્યું : 'નવા પરચેઈઝ ઓફિસરને અભિનંદન આપવા મિ.પાવસ નામના એક બહુ મોટા કોન્ટ્રાક્ટર આવ્યા છે, તમને મળવા માગે છે.'

'ભલે, જે કોઈ હોય તેને સન્માન પૂર્વક લઈ આવજે.' ગોપેન્દ્રે પ્યુનને સૂચના આપ્યું.

પાવસ વટભેર ગોપેન્દ્રની કેબિનમાં પ્રવેશ્યો : ગોપેન્દ્રને જોઈને પાવસે કહ્યું : 'યાર ! તું અહીં ક્યાંથી ?'

'આ પ્રોજેક્ટમાં પરચેઈઝ ઓફિસર તરીકે મારી નિમણૂક થઈ છે' - ગોપેન્દ્રે કહ્યું.

'વેરી ગૂડ. આજે કોઈ શુકન જોઈ હું નીકળ્યો છું. મિ.સમર્પણ સાહેબનો એટલો બધો કડપ છે કે કોઈ ગેરકાયદે કામ કરી આપવાનો એક રૂપીઓ પણ લેવાની હિંમત ન કરે. હાશ ! તું અહીં નિમાયો એટલે મારા માટે ધાર્યુ કરાવવાના બધા રસ્તા સરળ બની ગયા. બોલ, દસ ટકા કમીશન ચાલશે ?'

ગોપેન્દ્ર ચૂપ રહ્યો. પાવસે કહ્યું : 'યાર ! તું પણ જમાના પ્રમાણે લોભીઓ બની ગયો છે. ચાલ, પંદર ટકા બસ ! બાકી બધું મારા પર છોડી દે.' કહી પાવસે વિદાય લીધી.

એણે પ્યુનને કહ્યું : 'તારા સાહેબ મિ.ગોપેન્દ્ર મારા સહાધ્યાયી હતા. અમે બન્ને એક જ કોલેજમાં ભણી બી.કોમ થયા. હું મારા પપ્પા સાથે કોન્ટ્રાકટના કામોમાં જોતરાઈ ગયો. ગોપેન્દ્ર ભણવામાં ફર્સ્ટકલાસ પણ પ્રેક્ટીકલ લાઈફમાં થર્ડકલાસ. આપણ બંદા ભણવામાં થર્ડકલાસ, પણ કોમન સેન્સમાં ફર્સ્ટકલાસ.

ગોપેન્દ્રને 'મારો કરી લેવા આજે જ રૂપીએ પાંચ લાખની બેગ લઈ તેને ઘેર પહોંચાડીશ અને કેટલાંક પેડિંગ બીલોમાં સહી કરાવી લઈશ. તું ફાઈલો લઈ ગોપેન્દ્રસરના ઘેર પહોંચી જજે. પાવસે ખડખડાટ હસતાં કહ્યું, પ્યુન સાથે એણે મોટે મોટેથી કરેલી વાતો ગોપેન્દ્રના કાને પડી હતી.''

એણે એન્ટી કરપ્શન વિભાગને જાણ કરી ગુપ્ત રીતે હાજર રહેવા વિગતવાર વાત કરી. પાવસ લાંચ-રૂશ્વત દ્વારા કામો કઢાવી

લે છે. એવી ફરિયાદો એન્ટી કરપ્શન બ્યૂરોને મળી હતી પણ પાવસની ધાક અને પાળેલી ગૂંડા ટોળકી એટલી મજબૂત કે એની વિરુધ્ધ કોઈ સાક્ષી બનવાની હિંમત નહોતું કરતું. ડિપાર્ટમેન્ટના ઓફિસરોએ ગોપેન્દ્રની હિંમતને બિરદાવી.

બરાબર સાડા પાંચ વાગ્યે એ.સી.બી.ના માણસો ગોપેન્દ્રના ઘર સામે આવેલા મંદિરમાં ગોઠવાઈ ગયા હતા. છ વાગ્યે પાવસ રૂપીઆ પાંચ લાખ ભરેલી બેગ લઈ ગોપેન્દ્રના ઘેર પહોંચી ગયો હતો.

સવા છ વાગ્યે ગોપેન્દ્ર ઘેર પહોંચ્યો ત્યારે પાવસને પોતાને ઘેર આવેલો જોઈ આશ્ચર્ય થયું હતું. થોડી જ વારમાં પ્યુન સરકારી બીલોની ફાઈલ લઈ હાજર થયો હતો.

ગોપેન્દ્રએ કહ્યું : 'હું ઓફિસના કામ માટે કોઈને ઘેર મળવા ઈચ્છતો નથી. વધુ નિકટતા લાલચ જન્માવે અને માણસને પતનના માર્ગે દોરી જાય.'

'પણ મિત્ર ગોપેન્દ્ર, હું તારે માટે કોઈ નથી, તારો એક સમયનો અભિન્ન મિત્ર છું. સુખ-દુ:ખમાં મદદરૂપ થાય તે મિત્ર. તારે મારા દુ:ખમા નહીં, સુખમાં મદદરૂપ થવાનું છે.'

એ દરમ્યાન એ.સી.બી.ના ઓફિસરે ગોપેન્દ્રના ઘરની બહાર છૂપાઈને ઉભા હતા. ગોપેન્દ્રએ પાવસને કહ્યું : આપણે જૂની મૈત્રીની વાત ભૂલી જઈએ. આપણે આપણા સંબંધ કાયદાને કલંક ન લાગે એ રીતે રાખવાના છે. મારા તરફથી તને કોઈ મદદ નહીં મળે ગોપેન્દ્રએ પાવસને કહ્યું હતું.

પણ મારા તરફથી તને નિયમિત મળે. ધીરે ધીરે તું પણ મારા રંગમાં એવો રંગાઈ જઈશ કે 'અંતરાત્માનો અવાજ' જેવા બોગસ શબ્દ વિસરી જઈશ. એની શરૂઆત અત્યારથી જ કરીએ. પાવસે કહ્યું.

'હું કાંઈ સમજ્યો નહીં.' ગોપેન્દ્રએ નહીં. સમજવાનો ઢોંગ કર્યો. એટલે પાવસે પાંચ લાખ રૂપીઆ ભરેલી બેગ ખોલી અને કહ્યું : લે, આટલી મોટી રકમ જોઈને તારી આંખો પણ અંજાઈ જશે.

એના શબ્દો પૂરા થાય કે તરત જ એ.સી.બી.ના ઓફિસરો પાવસ પર ત્રાટક્યા હતા. અને 'રંગે હાથ' તેને પકડી લીધો હતો. નફ્ફટ પાવસે કહ્યું હતું : એમ કરો ઓફિસર સાહેબ, આ બેગ તમે લોકો રાખી લો. ગોપેન્દ્ર સર માટે હું બીજી બેગ લાવીશ. એ.સી.બી.ના ઓફિસરોએ પાવસની અટકાયત કરી હતી.

એટલામાં સમર્પણ સાહેબ ગોપેન્દ્રને મળવા આવ્યા હતા. ગોપેન્દ્રની ઈમાનદારી જોઈ ગદ્‌ગદ્ થઈ ગયા હતા. એમણે સામેના દેવમંદિર તરફ હાથ જોડી ભગવાનને પ્રાર્થના કરી હતી : પ્રભુ ! તેં મને ગોપેન્દ્ર જેવો ઈમાનદાર યુવક આપ્યો માટે તારો આભાર. લોકો ભલે ઘોર કળિયુગની વાતો કરે પણ કળિયુગ જાતે આવતો જ નથી. એને પાલખીમાં બેસાડીને લાવનારા લોકો જ એના મદદગારો છે. એ.સી.બી. ઓફિસર્સ કાયદાને કાયદાનું કામ કરવા દો. અને એ.સી.બી.ના ઓફિસરો પાવસની અટકાયત કરી વિદાય થયા હતા. હવામાં શબ્દો ગૂંજતા હતા. સત્ય કદી હારતું નથી, ભલે તેની જીત માટે પ્રતીક્ષા કરવી પડે.

## પત્નિને અર્ધાંગીની કેમ કહે છે ?

ઓન લાઈન ફ્રોડનો એક નવતર કિસ્સો ધ્યાનથી વાંચો.

એક ઓફીસર નિવૃત થયા. સારી એવી રકમ મળી. ૨૫ લાખ જેટલી રકમ બચત ખાતામાં રાખી. બીજી રકમ ફિક્સ અને અન્ય રોકાણોમાં ગોઠવી. બચત ખાતું પત્નિના નામે સંયુક્ત હતું તો તેમણે ખાતાની વિગત પણ પત્નિ ને પુરેપુરી જણાવી હતી, એ ટી એમ ના પીન સહિત.

એકવાર તેઓ બહાર ગયા હતા. ફોન ઘરે રહી ગયો. ઘરે આવ્યા તો પત્નિએ સમાચાર આપ્યા કે બેંકમાંથી ફોન હતો.

''શાના માટે હતો''


પત્નિ 'આપણું ખાતું પ્રિમિયમ ખાતામાં બદલવા માટે, ઓ ટી પી આવશે એમ કહ્યું ''ઓફીસરના ધબકારા વધવા લાગ્યા. પુછ્યું ''ઓ ટી પી આપ્યો ? ''

પત્નિ 'હા, બેંકનો ફોન હતો તો આપવો જ પડેને !'

ઓફીસર ધડામ કરતા સોફામાં પડી ગયા. પચ્ચીસ લાખ ખાતામાં હતા. તુરંત મોબાઇલ લઈને એકાઉન્ટ ચેક કરવા લાગ્યા. પણ તેમના આનંદ અને આશ્ચર્ય સાથે રકમ સલામત હતી.

પત્નિ ને પુછ્યું ઓ ટી પી કયો આપ્યો હતો ?

પત્નિએ ભોળા ભાવે કહ્યું ''૨૪૦૪ આવ્યો હતો પણ આપણું તે સંયુક્ત (જોઈન્ટ) ખાતું છે એટલે મે મારા ભાગનો જ ઓ ટી પી, ''૧૨૦૨'' આપ્યો હતો.



કુછ સમજે ??

પત્નિ ને અર્ધાંગીની કેમ કહે છે ?

# લાગણીના દસ્તાવેજ

''પપ્પા, મમ્મી મંદિરે ગઈ છે, ત્યાં એક સવાલ મારા મગજમાં આવ્યો છે, તો હું પૂછું ?''

''પૂછ ને બેટા..'' મેં દેવાંગને કીધું, ''પપ્પા, થોડા સમય પહેલા જીતુમામા આવ્યા હતા. નાનાજીનું મકાન વેચી રહ્યા છે. તમે અને મમ્મીએ કોઈ પણ સવાલ-જવાબ કર્યા વગર તેમણે આપેલ પેપર ઉપર સાઈન કરી આપી. તમે તો મને શીખવાડયું હતું. કોઈ પણ પેપરને ટોપથી બોટમ સુધી વાંચ્યા વગર સહી કરવી નહીં.''

''તારો સવાલ યોગ્ય છે, પણ ઘણી વખત પ્રેમ ઉપર વિશ્વાસની જીત હોય છે. એ માટે તારે જીતુમામાના ભૂતકાળમાં જવું પડશે. અત્યાર સુધી તને વાત કરી ન હતી પણ હવે વાત કરવાનો સમય આવી ગયો હોય તેવું મને લાગે છે.''



''તારી માઁ ૧૦ વર્ષની હતી અને તારા જીતુમામા ૧૮ વર્ષના હતા, ત્યારે તારા નાના મતલબ તારી મમ્મીના પપ્પાનું અચાનક અવસાન થયું.''

''તારા મામા હજુ કોલેજમાં આવ્યા હતા. કોલેજ જીવન અને તેમના સ્વપ્નાં રોળાઈ ગયા. અચાનક ઘર ચલાવવાની જવાબદારી માથે આવી. સવારની કોલેજ અને ત્યાંથી સીધા નોકરી ઉપર.. રાત્રે થાકીને આવે ત્યારે રાત્રી ના ૯ વાગી ગયા હોય. સંઘર્ષ કરતા કરતા તેઓ ગ્રેજુએટ થયા. ''આ બાજુ.. તારી મમ્મી ૧૫ વર્ષની થઈ, ત્યારે અચાનક તેના ચુનીકાકા કોઈ છોકરો બતાવવા લાવ્યા.. છોકરો SSC પાસ હતો અને કોઈ ફેકટરીમાં મશીન ચલાવતો હતો. એ સમયે તારી માઁ પણ ત્યાં હાજર હતી.''

''ચુનિકાકા જ્યારે એવું બોલ્યા કે જીતુ, તારા માથે ઘરની જવાબદારી અચાનક આવી ગઈ છે. સ્મિતાને ભણાવીને શું ફાયદો ? એ તો પારકા ઘરે જવાની. તેના કરતાં તેના લગ્ન કરી નાખ તો એક જવાબદારી તારા ઉપર થી ઓછી થાય..''

''અત્યાર સુધી સંયમ રાખી અને શાંતિથી સાંભળી રહેલ તારા મામા એકદમ કડવી ભાષામાં લાલ આંખ કરી બોલ્યા.''

''કાકા, એ ચિંતા તમારે કરવાની જરૂર નથી. મારો બાપ ગયો, પછી એક રૂપિયાની મદદ નથી તો તમે કરી કે ન તો મેં તમારી પાસે માંગી છે. તો કયા આધાર ઉપર તમે મને સલાહ આપવા આવ્યા છો ?''

''હવે તમારી જાણ ખાતર સાંભળી લ્યો'' તેણે સ્મિતાને નજીક બોલાવી માથે હાથ ફેરવી કીધું, 'કાકા, આ મારી ફક્ત નાની બહેન નથી, પણ પપ્પાના ગયા પછી એ મારી નજરમાં મારી દીકરીનું પણ સ્થાન ધરાવે છે. તેનો બાપ કે મોટો ભાઈ, જે સમજો તે હું છું.'

''સ્મિતાની ઈચ્છા હશે, તેટલુ એ ભણશે અને તેની ઈચ્છા હશે, ત્યાં એ લગ્ન કરશે. માટે આજ પછી આવી વાતો લઈ અહીં અમારા ઘરે તમારે આવવું નહિ.''

''કાકા ગયા પછી તારી માઁ જીતુમામાને ભેટી ખૂબ રડી.. તેને ખાતરી થઈ ગઈ કે મારુ જીવન એક સલામત હાથમાં છે.''

''તારા મામા તારા નાનાજીનું જુનું બજાજ સ્કૂટર ફેરવતા, પણ તારી માઁ ને કોલેજ માટે એ જમાના નું કાઈનેટિક અપાવી દીધું. તારી માઁ IT એન્જીનીયર થઈ, તેની પાછળ તારા મામાનું વિશેષ યોગદાન રહ્યું. તારા મામા એ સમયે પોતાની જવાબદારીમાંથી છટકી ગયા હોત અને SSC પાસ મશીન ઓપરેટર સાથે તારી મમ્મીના લગ્ન કરાવી દીધા હોત, તો વિચાર તારી માઁ ની હાલત અત્યારે શું હોત..?''

''તારી મમ્મી અને હું એક જ IT કંપનીમાં સર્વિસ કરતા હતા. તારી મમ્મીએ જ્યારે મારી સાથે લગ્નની ઈચ્છા જાહેર કરી ત્યારે પણ તારા મામાએ મારા ખાનદાન અને મારી સંપૂર્ણ તપાસ કરી લગ્ન માટે હા પાડી, એક સલામત હાથમાં પોતાની વહાલી બેનનું જીવન મને સમર્પિત કર્યું. અને કન્યાદાન પણ તારા મામા-મામીએ આપી પોતે આપેલ વચન કે જવાબદારી અને ફરજ પુરા કર્યા.''

''બેટા, શું તારા મામાને કોઈ આર્થિક માનસિક તકલીફ નહિ પડી હોય ? તારી માઁ ફક્ત નહિ, પણ મારો સાળો હોવા છતાં કહું છું. આવી વ્યક્તિ લાખોમાં એક મળે,

આવી વ્યક્તિની લાગણી ઈમાનદારી અને રૂપિયાથી જોખવાની ભૂલ ન કરાય. વચ્ચેનો સમય એવો આવ્યો કે IT સેકટરમાં મંદી આવી, મારી નોકરી જતી રહી, ત્યારે આ આલીશાન ફ્લેટના બે મહિનાના હપ્તા તારા મામાએ ભરી આપ્યા, જે તારી માઁ ને પણ ખબર નથી. જોકે ફરી મારી નોકરી થતા મેં રૂપિયા પરત કરી દીધા હતા.''

દેવાંગની આંખો ભીની થઇ. તે બોલ્યો 'પપ્પા, તમે મારી ગેરસમજો યોગ્ય સમયે દૂર કરી.'

'ત્યાં ડોર બેલ વાગ્યો.'

'મેં જોયું.. તો જીતુમામા, મામી અને સ્મિતા બારણે ઉભા હતા.. મેં ઉભા થઇ તેમને આવકાર્યા.'

'દેવાંગ તેના મામાને દર વખતે પગે તો લાગતો જ હતો, પણ આજે પ્રથમ વખત તેણે મામાના ચરણ સ્પર્શ કર્યા.'

'સ્મિતા દોડતી અંદર ગઈ, પાણી લાવી, ભાઈ ભાભીને પગે લાગી. સ્મિતા બોલી, 'મંદિરેથી આવતી હતી.. ત્યાં ભાઈ-ભાભી મને મળી ગયા.'

'જીતુમામાએ થેલીમાંથી બે ચેક કાઢી, સ્મિતાના હાથમાં મૂકી કીધું, 'લે બહેન, આ તારા હક્ક નું.'

'મેં દેવાંગ સામે જોયું...'

સ્મિતા હાથ જોડી બોલી, ''મોટાભાઈ, લોકો પહેલા હક્ક કરે છે પછી ફરજ નિભાવે છે, તમે કોઈ પણ પ્રકારની અપેક્ષા વગર ફરજ નિભાવી છે. આજે મારુ અસ્તિત્વ અને આર્થિક સધ્ધરતા ફક્ત તમારે આભારી છે. આ ચેક પાછા લઈ જાવ. ઈશ્વરે મને તમારા જેવો ભાઈ આપ્યો એ પૂરતું છે.''

''જો સ્મિતા... અણહક્કનું લેવું નહિ અને હક્કનું જતું કરવું નહીં, એ સિદ્ધાંત ઉપર હું જીવન જીવી ગયો. મેં ધાર્યું હોત તો તું નાની હતી ત્યારે જ મારા નામે પપ્પાનું મકાન કરાવી લીધું હોત. પણ આ બધી કપટ લીલા કોના માટે કરવાની..?'

'કોઈ લેણદેણના અધૂરા લાગણી ના સંબંધો તારી અને મારી વચ્ચે હશે. એટલે તો ઘરની જવાબદારી મારા માથે મૂકી પપ્પા જતા રહ્યા. આવતા જન્મ માટે ચોપડો ચોખ્ખો રાખી જવું છે. 'તેઓ ભીની આંખે બોલ્યા.'

'બન્ને ભાઈ બહેન એક બીજાને ભેટી રડી પડ્યા.'

'દેવાંગની આંખો ભીની હતી. મામાના ગયા પછી એ બોલ્યો, 'પપ્પા, વ્યક્તિ ઓળખવામાં હું કાચો પડ્યો. લાખોમાં આવી એક વ્યક્તિ મળે. મમ્મી, તું ખરેખર નસીબદાર છે.'

મેં હસીને કીધું, 'બેટા, હવે ખબર પડી ને કે 'લાગણીના દસ્તાવેજ' વાંચવાના ન હોય.'

❖❖❖

# વિદ્યાર્થી દત્તક યોજના

## માતુશ્રી સમતાબેન માણેકલાલ શેઠ સ્કૂલ ફી સહાય યોજના

## તથા

## શ્રીમતી કોકિલાબેન વિનોદચંદ્ર વ્રજલાલ શેઠ વિદ્યાર્થી દત્તક યોજના

શ્રી ઝાલાવાડ સ્થાનકવાસી જૈન સભા સંચાલિત ઝાલાવાડી સભાના સભ્યોનાં બાળકો (વિદ્યાર્થી) ને સ્કૂલ - કૉલેજ ફી સહાય સંસ્થા તરફથી કરવામાં આવે છે. સ્કૂલ ફી/ કૉલેજ ફી ના ફોર્મ ઑનલાઈન www.zalawadi.com સાઈટ ઉપરથી મેળવીને ભરવાનું રહેશે, અથવા સંસ્થાની ઑફિસે રૂબરૂ જઈને લેવાનું રહેશે. આ ફૉર્મમાં ઝાલાવાડ સભાના કારોબારી સમિતિના સભ્ય અથવા કોઈપણ ઝાલાવાડ સભાના સ્થાનિક પ્રતિનિધિની સહી લેવાની રહેશે. આ ફૉર્મ સાથે છેલ્લુ ઈલેક્ટ્રીક બીલ, છેલ્લા વર્ષની માર્કશીટ, મેમ્બરશિપ રસીદ અથવા નંબરની ઝેરોક્ષ સાથે તારીખ ૧૫-૦૬-૨૦૨૩ સુધીમાં સભાની ઑફિસે જમા કરાવવાનું રહેશે.

**- માનદ્ મંત્રીશ્રી**

**મહત્ત્વની સૂચના** સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

# BIODATA



**PERSONAL DETAILS**

**NAME : FORAM KIRIT SAKHIDA**

DOB : December 8, 1991, Time : 6:52 am, Place: Mumbai

Height : 5'4"

Education : Full Time MBA in HR from University of Mumbai
B.com, Diploma in Administration Services (DAS)
College Topper in MBA and DAS

Occupation : Deputy Manager HR in Mahindra & Mahindra (Kandivali)

Hobbies : Reading & Watching Documentaries

Community : Zalawadi Visha Shrimali Sthanakwasi Jain

Native Place : Limbdi (Surendranagar)

**FAMILY DETAILS**

Dada : Late Jayantilal Chunilal Sakhida

Dadi : Late Manchaben Jayantilal Sakhida

Father : Kirit Jayantilal Sakhida (Financial Investor)

Mother : Renuka Kirit Sakhida (Homemaker)

Brother : Chirag Kirit Sakhida (currently in Dubai)

**PATERNAL DETAILS**

Uncle : Late Jaswantal Jayantilal Sakhida
Late Babulal Himmatlal Sakhida
Jitendra Himmatlal Sakhida
(Malad, Mob. 9820788428)

**MATERNAL DETAILS**

Nana : Late Chandulal Talakshi Doshi (Surendranagar)

Mama : Late Satish Chandulal Doshi
Vikram Chandulal Doshi (09904118322)

**CONTACT DETAILS**

Residence : 601, Shiv Archana, Upper Govind Nagar, Malad East, Mumbai – 400097

Contact No. : Kirit Sakhida – 9769972096
Renuka Sakhida – 9987225322

Advt.

# BIODATA



**MEGHAL SHAH, B. Com, MBA (pursuing)**

**About Me**

DOB/Time : 31 March 1996 / 11:55 am

Place of Birth : Surendranagar, Gujarat

Height : 5 Feet Complexion : Fair

Religion : Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain

Qualification : B.Com, currently pursuing MBA

Occupation : Works at Motilal Oswal, Malad (West)

Email ID : meghalshah31@gmail.com

Languages Known : English, Hindi, Marathi, Gujarati

**FAMILY DETAILS**

Father : Vimal Mansukhlal Shah (Doshi)

Father's Occupation : Chemical Business

Father's Mobile No : 09820988835

Mother : Manisha Vimal Shah (Homemaker)

Mother's Mobile No : 09969358997

Siblings : Nil

Native Place : Botad (Saurashtra)

Current Place : Dahisar (Mumbai)

**PATERNAL FAMILY (Botad/Ahmedabad)**

Grandfather : (Late) Mansukhlal Laxmichand Doshi

Grandmother : (Late) Savitaben Mansukhlal Doshi

Uncles : (Botad Contact)
Jitubhai Mansukhlal Doshi, Botad (09624629505)
Bakulbhai Mansukhlal Doshi, Botad

Cousin Uncle : (Ahmedabad Contact)
Vijaybhai Vrajlal Doshi, Ahmedabad (098988 25248 / 099785 01258)

**MATERNAL FAMILY (Surendranagar/Ahmedabad)**

Grandfather : Mahendrabhai Dalsukhbhai Sanghvi

Grandmother : Arunaben Mahendrabhai Sanghvi

Uncles : (Ahmedabad Contact)
Mitesh Sanghvi, Ahmedabad (09426089591)
Pritul Sanghvi, Ahmedabad (09328005600)

**Permanent Residence :**
A-502 Sai Dham CHS Ltd, Vaishali Nagar, Nr. N. H. No 8, S. P. Road, Dahisar East, Mumbai 400068. Mobile: 08169352262

Advt.

# BIODATA



## NIDHI BIPIN DOSHI

**Personal Details :**

Birth Date & Time : 01.07.1993 & 8:15AM
Place of Birth : Malad
Height & Weight : 5.5" & 76 Kgs
Religion : Dasha Shrimali Stankvasi Jain
Education : Bachelor of Commerce from Viva College
Contact No.: (+) 91 9769978949
Mail Id : nidhidoshi93@gmail.com
Interest : Reading, Music, Travelling, Cooking

**Occupation :**

Current Job : Working with Indent Online Supplies Pvt. Ltd. as Sales Coordinator
Previous Job : Working with M.M. Plastoware (India) Pvt. Ltd. as Costing Manager & Sales Coordinator (2011 - Feb'20)

**Family Details :**

Father's Name : Bipin Vrajlal Doshi - No. 9881486871
Father's Profession : Previously working with M.M. Plastoware (India) Pvt. Ltd.
Mother's Name & Profession : Rajan B. Doshi - House Maker
Native Place : Botad
Grand Father : Late Shri Vrajlal Lakshmichand Doshi
Grand Mother : Late Smt. Shantaben V. Doshi
Siblings : 1) Kajal Bhavin Shah (Vashi)
Business - Real Estate
(Mob. No. 9833136999)
2) Kiran Bhavik Gopani (Bhayander)
House Maker
Business - Optics
Mob. No. : 9819798111
Paternal Uncle : Vimal Mansukhlal Shah (Dahisar) - 9820988835
Maternal Uncle : Jitendra Jayantilal Shah (Malad) - 9324320954
Jeevan Gulabchand Shah (Malad) - 9870009699
Residence : 607, Uday Suryauday Chsm, Ram Mandir Road, M.B. Estate, Virar West, Mumbai - 401 303.

Advt.

# BIODATA



## RAJVI PIYUSH SHAH

**PERSONAL DETAILS**

Birth Date & Time : 28 December 1994, 11:15pm
Birthplace : Borivali
Height : 5ft 3 inch
Native Place : Thangadh
Caste : Zalawadi Dashashrimali Sthanakwasi Jain
Hobbies : Travelling, Music and Playing Badminton

**EDUCATION AND WORK PROFILE**

**Education** : Chartered Accountant
M.Com (Mumbai University)
B.Com (Narsee Monjee College
Work Profile : Finance & Accounts Manager at Kwick Living Pvt. Ltd. (Beco)
Earlier Assistant Manager at PricewaterhouseCoopers (PwC)

**FAMILY BACKGROUND**

Father's Name : Piyush Jayantilal Shah (9324545139)
Father's Occupation : Pee Pee Optician, Wholesaler of Optical Frames (Kalbadevi)
Mother : Leena Piyush Shah (8779576450)
Sister : Nikita Rishi Shah (Married)
Brother-in-law : Rishi Kamlesh Shah (Dahisar)
Grand Parents : Late Jayantilal Harakhchand Shah (Dodhiwala)
(Paternal) : Late Shardaben Jayantilal Shah
Uncle (Paternal) : Paresh Jayantilal Shah (Borivali)
Aunt (Paternal) : Sudha Kirit Shah (Ahmedabad)
Aunt (Paternal) : Sadhna Atul Sheth (Joravarnagar)
Grand Parents : Late Mugatlal Narottamdas Sanghavi (Dhangadhra Sanghavi)
(Maternal) : Late Shardaben Mugatlal Sanghavi (Wadhwan)
Aunt (Maternal) : Deepa Chetan Vora (Malad) (9892785805)
Address : J-201, Sumer Nagar, Kora Kendra, S.V. Road, Borivali (West), Mumbai - 400092.

Advt.

# BIODATA



**DHWANIL DOSHI**

**Personal Details**

Date of Birth : 7th November, 1994
Place of Birth : Ahmedabad
Time of Birth : 15:41
Height : 5'5"
Weight : 67 Kgs
Complexion : Wheatish
Caste : Jain – Sthanakvasi Dasha Shrimali
Native Place : Botad
Education :
Masters in Building Construction and Facilities Management (Georgia Institute of Technology)
Bachelors in Civil Engineering (PDPU)

Occupation : Dennis Taylor and Company, 1420 Oakland Road, Lawrenceville, GA 30044
Project Engineer (H1-B)
Address : 11060 Medlock Bridge Road, Johns Creek, GA 30097
Contact Number : (404) 820 9421
Email : dhwanil1994@gmail.com

**FAMILY DETAILS**

Father : Vijay Doshi
Occupation : Business, Padmavati Perfumers A/126, Lilamani Trade Center, Delhi Darwaja, Ahmedabad
Contact Number : 98988 25248
Email id : vv.doshi@rediffmail.com
Mother : Raksha Doshi
Occupation : Housewife
Contact Number : 91579 39399
Resi.Add. : B-404, Vardan Tower, Shastrinagar, Naranpura, Ahmedabad-63
Grandfather : Vrajlal L. Doshi (Late)
Grandmother : Shantaben V. Doshi (Late)
Sister : Trusha Doshi Kothari (Fashion Designer)
Brother-in-Law : Priyank Kothari (Self Employed, Kothari Fragrances & Flavours)

**OTHER DETAILS**

**Haresh Ajmera (Mama)** Pearl International, Ahmedabad, Contact: 98254 72321
**Hitesh Ajmera (Mama)** Pearl Properties, Ahmedabad. Contact: 99044 41304
**Manish Ajmera (Mama)** Mandhir Construction, Nairobi Contact: +254733747525
**Vimal Shah (Uncle)** Business, Mumbai. Contact: 98209 88835
**Mahendra Doshi (Uncle)** Quartz Time, Ahmedabad. Contact: 98245 26458
**Sejal V. Kothari (Aunt)** A.I.M, Georgia, USA. Contact: +1 937 489 6959
**Vijay Kothari (Uncle)** Cargill, Georgia, USA Contact: +1 937 214 0266

**My son is coming India in July**

Advt.

# BIODATA



**NAME : HINAL RAJIV SHAH**

DATE OF BIRTH : 18TH DECEMBER 1997
PLACE : MUMBAI
TIME OF BIRTH : 12:04 AM
HEIGHT/ WEIGHT : 5'4", 84 Kgs
EMAIL ID : hinal1812@gmail.com
EDUCATION : PURSUING CA (GROUP II CLEARED), MCOM, BCOM
HOBBIES : TRAVELLING, DANCING, MUSIC
PROFESSION : WORKING AS SQA AT CNK & ASSOCIATES LLP
RELIGION : DASHA SHRIMALI STHANAKWASI JAIN
NATIVE PLACE : DHANGADHARA
RESIDENCE : C-403, HEMAVATHI C.H.S.L, PLOT NO-9, SECTOR-7, CHARKOP, KANDIVALI (WEST), MUMBAI -400067
LANDLINE - 022-28684488

**FAMILY DETAILS**


FATHER : RAJIV JASHVANTLAL SHAH, (M) 9820960067/9323960067
OCCUPATION : BUSINESS
MOTHER : JYOTI RAJIV SHAH, (M) 9769196542
SISTER : VRUSHIKA HARSH KOTHARI (B. PHARM, MBA)
BROTHER-IN-LAW : HARSH RAJESH KOTHARI [CA, CS, LLB (INCOME TAX LITIGATION)]

**RELATIVES DETAILS**

DADA-DADI : LATE SHRI. JASHVANTLAL SAVAILAL SHAH
LATE SMT. HANSABEN JASHVANTLAL SHAH
NANA- NANI : LATE SHRI. NANDLAL FULCHAND KUVADIA
SMT. SUSHILA NANDLAL KUVADIA
KAKA : SHRI. PINAL J. SHAH
SHRI. VIRAL J. SHAH
MAMA : SHRI. VIKRAM N. KUVADIA
SHRI. JANAK N. KUVADIA

Advt.

## વીસમી પુણ્યતિથિએ
## ભાવભરી શ્રદ્ધાંજલિ



## પાંચમી પુણ્યતિથિએ
## ભાવભરી શ્રદ્ધાંજલિ







**અરિહંતશરણ : ૨૨.૦૫.૨૦૦૩**

***પૂ. પિતાશ્રી સ્વ. રમણીકલાલ મોહનલાલ શાહ***

**અરિહંતશરણ : ૧૦.૦૬.૨૦૧૮**

***પૂ. માતુશ્રી સ્વ. સુશીલાબેન રમણીકલાલ શાહ***

**મુળી નિવાસી હાલ : બોરીવલી**

કર્મ સદા એવા કર્યા કે સૌ યાદ કરે
વ્યવહાર કદી ચુક્યા નહી આપનો
લાગણીશીલ સ્વભાવ ક્યારે ભુલાશે નહી
વારંવાર યાદ આવે છે. તસવીર જોઈ આપની
આપની યાદો ક્યારેય પણ ભુલાય એમ નથી
પુણ્ય આત્માને પ્રભુ શાંતિ આપે એજ પ્રાર્થના

જનનીની જોડ નહી મળે રે લોલ
તમારા આશિષથી અમે સફળ થયા
તમારી શક્તિથી અમે સુક્ષ્મ બન્યા
તમારા ભાગ્યથી અમે ભાગ્યશાળી બન્યા
પુણ્ય આત્માને પ્રભુ શાંતિ આપે એજ પ્રાર્થના

**આપના સદૈવ ઋણી**

**સ્વ. રમણીકલાલ મોહનલાલ શાહ પરિવાર**



| | |
|---|---|
| પુત્રો | : સુરેશ, સ્વ. કમલેશ, જીતેન્દ્ર |
| પુત્રવધૂ | : અ. સૌ. ભાવા સુરેશ શાહ |
| દીકરી તથા જમાઈ | : ઉર્વશીબેન જશવંતરાય કોઠારી |
| પૌત્ર | : કેયુર શાહ |
| પૌત્રવધૂ | : નિશા કેયુર શાહ |




Advt.

**સમસ્ત શાહ અને શેઠ પરિવારના જય જીનેન્દ્ર**

(પાંચ નવકાર મંત્ર ગણવા)

# પ્રથમ માસિક પુણ્યતિથિએ સ્મરણાંજલિ સુમન

**સહજાત્મ સ્વરૂપ પરમગુરૂ**



## સ્વ. હિંમતલાલ શાંતિલાલ શાહ

**(રળોલ નિવાસી, હાલ બોરીવલી)**

**જન્મ તા. : ૧૬-૦૪-૧૯૩૩**
**અરિહંતશરણ : ૨૭-૦૩-૨૦૨૩**

*''મનુષ્ય જન્મથી નહી પણ કર્મથી ઓળખાય છે,
તો મરણ કરતા સ્મરણ વધુ યાદગાર બને છે,
જેના આપની સ્મૃતિ એક વરદાન છે,
તમે ગયા પણ તમારી સ્મૃતિ સદાય ને માટે જીવંત છે.
પરમકૃપાળુ પાસે હૃદયપૂર્વક પ્રાર્થના કે આપનો આત્મા
સદાય સુખશાંતિ સાથે પરમપદને પામો''*

**શ્રદ્ધા સુમન અર્પણ કરનાર**
**સમસ્ત શાંતિલાલ વીરજીભાઈ શાહ પરિવાર**

માતુશ્રી : સ્વ. લક્ષ્મીબેન શાંતિલાલ શાહ
ધર્મપત્ની : મંજુલાબેન
પુત્ર પુત્રવધૂ : મુંજાલ, - નીતાબેન
પુત્રી જમાઈ : રાજુલ - કિશોરભાઈ, શેફાલી-સંજયભાઈ
દોહિત્ર : રૂષભ-પ્રાચી, કુનાલ - ભૂમિ
દોહિત્રી : અનુભૂતિ - સ્મિત
ભાઈઓ : નરેશભાઈ, સ્વ. કાંતિભાઈ, સ્વ. રસિકભાઈ
બેન-બનેવી : ડો. નિવેદીતા વિજયકુમાર શાહ
સાસુ-સસરા : સ્વ. કાંતાબેન રતિલાલ વોરા
સાળા : સ્વ. હસમુખલાલ વોરા
સાળી : સ્વ. જ્યોતિબેન જયંતિલાલ ડેલીવાળા

**સમસ્ત શાહ પરિવારના જયજિનેન્દ્ર**

Advt.



# પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. નીરંજન રમણીકલાલ શાહ**
**(માથકીયા)**
**અરિહંતશરણ**
**તા. ૧૯-૦૫-૨૦૨૨**

પિતા વિનાનું ઘર શું છે. એનો અનુભવ કરવો હોય તો માત્ર એક દિવસ અંગુઠા વિના ખાલી આંગળીઓના ઉપયોગથી આપના દરેક કામ કરી જુઓ... પિતાની કિંમત સમજાઈ જશે. અગણિત ઉપકાર આપના સદાય ઋણી રહેશું તમારા આપના આશિષ અમારી શક્તિ છે. આપનો આત્મા પરમશાંતિ પામે એજ અમારી પ્રાર્થના

**સ્મરણાંજલિ અર્પણ કરનાર**

પત્ની : કલ્પના નીરંજન શાહ
પુત્ર : પથીક નીરંજન શાહ
પુત્રી જમાઈ : રીંકુ જયેશ નીકમ


**તથા સ્વ. હીરાબેન રમણીકલાલ શાહ સમસ્ત પરિવાર**
**સ્વ. પોપટલાલ મોહનલાલ અજમેરા**
**સમસ્ત પરિવાર ના જય જિનેન્દ્ર**

Advt.


ચારસો, સાડાચારસો વર્ષ પ્રાચીન એથેન્સમાં થઈ ગયેલા આ મહાન ચિંતક એમના પિતાની જેમ સુંદર મૂર્તિઓ બનાવીને વેચવાનું કામ કરતા હતા. બજારમાં મૂર્તિઓ વેચ્યાં પછી જે કમાણી થાય તે ઘરે લાવવાને બદલે જ્ઞાનપ્રાપ્તિ માટે ખર્ચી નાખતા હતા. એથેન્સના મુખ્ય રસ્તાઓ પર ઊભા રહીને, જ્ઞાનીપુરુષોને જવનો શરાબ પીવડાવીને એમની પાસેથી જીવનના ગૂઢ પ્રશ્નોના જવાબ જાણતા રહેતા હતા. પરિણામે ખાલી હાથે ઘરે પાછા ફરતા હતા.

એક દિવસ એમના પત્ની ઝેન્થિપીએ ફરિયાદ કરી, ''તમે આપણા પરિવાર માટે રોટી ખરીદી શકાય એટલું પણ કમાતા નથી. અમે સસ્તી જુવાર પાણીમાં બાફીને જેમ તેમ અમારી ભૂખ સંતોષીએ છીએ, તમને શરમ આવવી જોઈએ.''

સોક્રેટિસે જવાબ આપ્યો, ''તું ભગવાનનો આભાર માન કે તું સોક્રેટિસની પત્ની છો. ભરપેટ ભોજન કરીને એથેન્સનાં ડુક્કરો પણ કીચડમાં આળોટે છે. તું જાણે છે કે એવાં તગડા ડુક્કર કરતાં આ ગરીબ ફાટેલા કપડાંવાળા, ભૂખ્યા સોક્રેટિસનું માન આ દેશમાં હજાર ગણું વધારે છે.'' એ પછી સોક્રેટિસનું અમર બની ગયેલું વાક્ય આવ્યું. ''તમે લોકો ખાવા માટે જીવો છો, હું જીવવા માટે ખાઉં છું.''


AJIVASAN
BANQUET HALL
Ajivasan Banquets Makes Every Occasion The Talk Of The Town
Celebrate Your Multiple Occasions Under One Roof
Weddings
Birthday
Anniversary
Theme Parties
Corporate Events
Multiple banquets under one premises
Perfect banquet for big and small events from 50 to 1500 person
Siddhartha catering specialised in delicious wide varieties of food options
15000 sqft A/c Banquet hall
Ample car parking space
Professional decoration team with theme decor
HOTEL Siddhartha
SIDDHARTHA
Decorators & Caterers
Dhaval Kothari
9821013916/ 9323144935
Book Now For Special Packages
www.ajivasanhall.com
Next to SNDT Womens University, Juhu Tara Road,Santacruz (West) Mumbai – 400054.

# સમસ્ત દોઢીવાળા પરિવાર

**(બૃહદ મુંબઈ)**

**(મુળ વતન - થાનગઢ અને વાંકાનેર) નું**

# સમૂહ મિલન

**રવીવાર : ૨૮/૦૫/૨૦૨૩**

**બૃહદ મુંબઈમાં વસતા દોઢીવાળા પરિવારના તમામ કુટુંબીજનોને જય માતાજી.. જય જીનેન્દ્ર**

**ખુશ ખબર...ખુશ ખબર..ખુશ ખબર...**

આપણા અગાઉ ના નૈવેદ્યના કાર્યક્રમ ને આપ સર્વના સાથ, સહકાર અને વડીલોના આશિર્વાદ થી અભૂતપૂર્વ સફળતા મળેલ. તે માટે આપ સર્વનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આપણે સર્વાનુમતે નક્કી કરેલ કે આપડે વખતોવખત મળવું અને તેથી સમસ્ત દોઢીવાળા પરિવાર (મુળ વતન થાનગઢ અને વાકાનેર) ના કુટુંબીઓનું સ્નેહમિલન અને સાથે રસ, પૂરીનો ભોજન સમારંભ **તારીખ ૨૮.૦૫.૨૦૨૩ ને રવિવાર** ના રોજ યોજેલ છે.

**◆ સ્થળ ◆**

**સર્વોદય એ સી હૉલ**

**શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય,**

જ્ઞાન નગર, એલ ટી રોડ, બોરીવલી સ્ટેશન પાસે,

બોરીવલી (વેસ્ટ) મુંબઈ ૪૦૦ ૦૯૨.

**સમય : સવારે ૧૦ કલાકે**

**કાર પાર્કીંગ ની વ્યવસ્થા છે**

આ વખતે આપણે આપણી બહેન, દીકરીઓ ને પણ આમંત્રણ આપીએ છીએ.

સેન્ટ્રલ લાઈન માં રહેતા કુટુંબીજનો માટે જો સંખ્યા વધારે થશે તો આવવા અને જવા માટે બસ ની સગવડ કરવાનું વિચાર્યુ છે. આપ સર્વેને વિનંતી છે કે આપ આપના કુટુંબમાંથી કેટલા સભ્ય હાજર રહેશો તે વહેલી તકે **શ્રી પિયુષભાઈ - ૯૩૨૪૫ ૪૫૧૩૯** અથવા **શ્રી રાજેન્દ્રભાઈ - ૯૭૬૬૭ ૪૦૧૦૪** ને વોટ્સ અપ દ્વારા જણાવવા વિનંતી.

આ કાર્યક્રમ માટે આપનાં તરફથી કોઈ સૂચન હોય તો જણાવવા વિનંતિ.

આપનાં સાથ અને સહકારથી અપેક્ષા સાથે...

**દોઢીવાળા પરીવાર ના કાર્યકરો...** Advt.


૭ રાત્રી - ૮ દિવસ - ૪* હોટલો

# નેપાળ

**સ્વીટઝરલેન્ડ ની આબોહવા, આફ્રિકાની જંગલ સફારી અને લાસ વેગાસ ના કેસીનો નો રોમાંચ.**

**કાઠમંડુ - ચિત્તવન અને પોખરા.**

**ભરપૂર સાઈટસીઈંગ, શુદ્ધ શાકાહારી ભોજન.**

અમારી અન્ય ટુરો - દુબઈ - અબુધાબી, બેંકકોક - પટાયા, સીંગપુર, સાથે - સિવાય ક્રુઝ, માલદીવ્સ, બાલી, મોરેશિયસ, શ્રીલંકા.

શરદ મણીયાર

Jaagruti Tourz Since : 1982

Reliable, Responsible, Reasonable

Follow us on

8830341383 / 9820129177

Advt.



**શ્રી૧।**

**શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો**



# શ્રી જૈન મેરેજ બ્યુરો

**ગુજરાતી ● સ્થાનકવાસી ● દેરાવાસી ● વૈષ્ણવ**

**વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી ઘોઘારી તથા કાઠીયાવાડી વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો અને મેમ્બર બનો.**

**દિપકભાઈ વસાણી**

**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

**તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ**

Advt.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

## ચુંટણીનાં યશસ્વી વિજયી ઉમેદવારો




**શ્રીમતી મનીષાબેન મિનેશભાઈ શાહ**

ટ્રસ્ટી પદના વિજયી ઉમેદવાર



**શ્રીમતી શ્રુતીબેન મયંકભાઈ શાહ**



**શ્રીમતી મીરાંબેન શૈલેષભાઈ શાહ**



**શ્રીમતી બીનાબેન અશોકભાઈ સંઘવી**

કાર્યવાહક કમિટીના વિજયી ઉમેદવારો

ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાના સભ્યો, આપના સાથ-સહકાર
અને આશીર્વાદથી ઝાલાવાડી સભાની ચુંટણીમાં અમો ચુંટાઈ આવ્યા છીએ.
આપ સર્વોએ અમોને જે માન અને સન્માન આપ્યું છે
તે માટે આપ સર્વોનો ખુબ ખુબ આભાર.
ઝાલાવાડી સભાની ઉન્નતિ અને પ્રગતિ માટે
આપ સર્વોએ અમને વિજયી બનાવ્યા છે
પરંતુ અમો પણ સમાજને અમારી બધીજ શક્તિથી
આગળ લાવવામાં સિંહફાળો આપીશું.

Advt.

# જૈન જાગૃતિ સેન્ટર (સાયન – માટુંગા) ચેરીટેબલ ટ્રસ્ટ

C/o. ૧૧૭-એ, મધુબન, ફ્લેટ નં. ૪, રોડ નં. ૨૪-એ, સાયન (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.

## પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ

વર્ષ ૨૦૨૩-૨૦૨૪

## શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ –વિદ્યાર્થી દત્તક યોજના ફંડ

સેન્ટરના વ્હાલા સભ્ય મિત્રો,

સહર્ષ જણાવવાનું કે દરેક વર્ષની માફક આ વર્ષે પણ જૈન પરિવારના જરૂરીયાતવાળા (જેઓની માસિક આવક **રૂા.૨૦,૦૦૦/– થી ઓછી હોય)** કુટુંબના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હોય અને મુંબઇ (સાઉથ મુંબઈ થી સેન્ટ્રલ મુંબઇમાં થાણા સુધી અને પશ્ચિમ મુંબઇમાં બોરીવલી સુધી)માં જ રહેતા હોય તેવા વિદ્યાર્થીઓ (દીકરો/દીકરી) ને શૈક્ષણિક અભ્યાસ માટે **દત્તક** લેવાનું નકકી કર્યુ છે. દત્તક લીધેલ (પસંદ કરાએલ) વિદ્યાર્થીને આપણાં ટ્રસ્ટ તરફથી **૧૨માં ધોરણ સુધી દરેક વર્ષે અભ્યાસ માટેનો ખર્ચ** (શાળાની ફી, યુનીફોર્મસ, બુકસ, નોટબુક્સ, શુઝ વિગેરે) આપવામાં આવશે.

આ શિષ્યવૃત્તિ મેળવવા માટે વિદ્યાર્થીના વાલીએ સાદા કાગળ ઉપર **નીચે મુજબની વિગત સાથે અરજી કરવાની રહેશે.**

૧) બાળકનુ પુરેપુરૂ નામ, સરનામું, ફોન નંબર.
૨) મુળવતન, બાળકની જન્મતારીખ.
૩) હાલમાં અભ્યાસ કરતાં હોય તે ધોરણ અને પ્રાથમિક શાળાનું નામ તેમ જ સરનામું.
૪) મા-બાપની માસિક આવક અને કુટુંબની સામાન્ય વિગત.
૫) બાળકનો ફોટો, રેશનકાર્ડની ઝેરોકસ તથા ધોરણ પાસ કર્યુ હોય તેની માર્કસ શીટ.
૬) શાળાની ફીનું બંધારણ

અને આ અરજી માતા અથવા પિતાએ તેઓના બાળક સાથે **બુધવાર, તારીખ ૦૩ જી મે ૨૦૨૩ થી બુધવાર, તા. ૦૩૧ મી મે, ૨૦૨૩** દરમ્યાનના **કોઈપણ બુધવારે** અથવા **શનિવારે સવારના ૧૦.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન** નીચેના સરનામે રૂબરૂ આપવાની રહેશે.

**C/o. સી.એમ.ગાંધી કન્સ્ટ્રકશન કું.**

૧૬, આશીર્વાદ બિલ્ડીંગ, ૪થે માળે, વિઠોબા મંદિરની બાજુમાં, સાયન મેઈન રોડ, સાયન (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨

**ખાસ નોંધ : આ દિવસ અને સમય સિવાય કોઇએ મહેરબાની કરી આવવુ નહિ.**

જૈન જાગૃતિ સેન્ટર (સાયન-માટુંગા) ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નીચે મુજબનાં ચેરીટેબલ કાર્યો અને સહાય માટે ફંડો ચલાવવામાં આવે છે.

**શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ** - વિદ્યાર્થી દત્તક યોજના ફંડ

**શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ** - કેળવણી - શિક્ષણ ફંડ

**શ્રીમતી કાંતાબેન ચંદુલાલ મણીલાલ ગાંધી** - ઈન્ફોટેક ફંડ

**શ્રીમતી મંજુલાબેન ગુણવંતરાય સી. શાહ** - મેડીકલ ફંડ

**શ્રીમતી ભારતીબેન રમેશચંદ્ર શાહ** - ડાયાલીસીસ ફંડ

**શ્રીમતી રંભાબેન ચતુરદાસ મણીલાલ શાહ** - માનવ રાહત ફંડ

**શ્રીમતી મંગલાબેન જશવંતલાલ શાહ** - અનાજ રાહત ફંડ

**શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ** - જીવદયા ફંડ

**શ્રીમતી સવિતાબેન હ. કમલેશ ચીનુભાઇ શાહ** - સ્કોલરશીપ ફંડ

...લી.

સતીષભાઇ સી. શાહ ● જયેન્દ્રભાઈ એમ. સંઘવી
સુરેશભાઇ કે.શાહ ● હેમંતભાઈ ડી. શાહ
ટ્રસ્ટી અને કન્વીનીયર્સ

**રાજેશભાઇ સી. ગાંધી**
ચેરમેન

Advt.

# શ્રદ્ધા સુમન

તમે મન મૂકીને વરસ્યા
અમે જનમ જનમ ના તરસ્યા

જન્મ
૯.૦૨.૧૯૩૩



અરિહંત શરણ
૨૨.૦૪.૨૦૨૩

## સ્વ. ભારતીબેન મુગટભાઈ વોરા

**વઢવાણ નિવાસી, હાલ – મુંબઈ**

તમારી વિદાયથી આજે અમે એકલા અધૂરા થઈ ગયા છીએ.
તમારો લાગણીશીલ સ્વભાવ, જરૂરીયાતમંદ માટે હંમેશા પડખે ઉભા રહેવાની શક્તિ હતી.
ઝાલાવાડી મહિલા મંડળને એક નાના તરૂમાંથી આજે વટવૃક્ષ બનાવવા પાછળનો આપનો
૪૦ વર્ષનો પુરૂષાર્થ અને આપનો કુટુંબ પ્રત્યેનો નિસ્વાર્થ પ્રેમ... આ બધુ અમે કેવી રીતે ભૂલી શકીએ... ?
તમારી મધૂર મીઠી વાણીએ, નિસ્વાર્થ સેવાએ હંમેશા બધાને પોતાના અંગત બનાવ્યા છે.
તમારી અમી દષ્ટીને આર્શીવાદ સદાય કુટુંબ પરિવાર પર બની રહે.
તમારો દિવ્ય આત્મા અંતીમ લક્ષ્યને પ્રાપ્ત કરી મોક્ષ માર્ગ પામે એજ પ્રાર્થના પ્રભુ પાસે અભ્યર્થના.

**આપના સદૈવ ઋણી**

પતિ : સ્વ. મુગટભાઈ ચુનીલાલ વોરા

**દિકરી-જમાઈ**
સ્વ. હંસાબેન આશકરણભાઈ શાહ
રીટાબેન રાજુભાઈ શાહ

**પુત્ર-પુત્રવધુ**
શૈલેષભાઈ - રીનાબેન

**પૌત્ર-પૌત્રવધુ**
વિવેક-ખ્યાતિ
દર્શિત - પારીશા

**ભાણી - ભાણેજ વર**
ફાલ્ગુની હેમંતભાઈ શાહ
સેજલ દિપેશભાઈ ખંધાર

**ભાણેજ - ભાણેજવહુ**
જય - રૂચિતા, કરણ - અનુજા
જીમી - બ્રિંદા

**વેવાણ**
વિનોદીનીબેન હસમુખભાઈ જોબાલિયા

**સમસ્ત ચુનીલાલ નારણજી વોરા પરિવાર**
**સવિતાબેન મોતીલાલ નાગરદાસ પરિવાર (રોજકાવાલા)**

Advt.

શ્રી મહાવીરાય નમઃ

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૧૦-૧૧-૧૯૩૮


અરિહંત શરણ
૧૦-૦૪-૨૦૧૯

# અ.સૌ. જયાબેન હિમ્મતલાલ શાહ

## નાગનેશ(રતલામ) નિવાસી હાલ કાંદિવલી

Advt.

# પરિવારની ભાવભીની સ્મરણાંજલી



જન્મ
તા. ૦૩-૦૯-૧૯૫૧

દેહાવસાન
૧૩-૦૪-૨૦૨૩

## શ્રી પંકજ વિનયચંદ અજમેરા

દશાશ્રીમાળી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન
ઘેલાશા બરવાળા હાલ ગોદરેજ પ્લેટીનમ વિક્રોલી (ઈસ્ટ)
મુંબઈ તા. ૧૩-૦૪-૨૦૨૩ ના અરિહંતશરણ પામેલ છે.

વિલય થયો છે દેહ પંચમહાભૂતોમાં
પણ સત્કર્મો સદા જીવંત છે.
કર્મો સદાય એવા કર્યા કે હૃદયમાં સૌના અંકિત છે
ધર્મ કદી ભૂલ્યા નથી, વ્યવહાર કદી ચૂક્યા નથી
સુખદુ:ખમાં સદા હસતા રહ્યા, દિલમાં સૌના વસતા રહ્યા.
જીવન તમે એવું જીવ્યા કે ભૂલાય નહીં,
હસતો ચહેરો, મજબૂત મનોબળ, પ્રમાણિકતા
પુરુષાર્થ સભર જીવન, સ્નેહના અખૂટ ઝરણાં
હસતો રાખી ચહેરો ઓચિંતી લીધી વિદાય
ઈશ્વર તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના

### શોકાતુર પરિવાર

માતા-પિતા : સ્વ. સમતાબેન વિનયચંદ છગનલાલ અજમેરા
પત્ની : મંજરીબેન પંકજભાઈ અજમેરા

સાસુ-સસરા : સ્વ. લીલાબેન બાબુભાઈ ત્રિકમલાલ શાહ (બી.ટી. શાહ)
પુત્ર-પુત્રવધૂ : અમીત - ચેતના – ઋષભ - રિકપર્ણા
પૌત્રો : વિરાજ – આર્યન – અર્હાન
ભાઈ-ભાભી : સ્વ. જીતેન્દ્રભાઈ અને ઈલાબેન જીતેન્દ્રભાઈ અજમેરા
ભત્રીજો : માલવ જીતેન્દ્ર અજમેરા
અંકિતા માલવ અજમેરા
કામ્યા માલવ અજમેરા

ભત્રીજી : સ્વ. હેમ રાહુલ શાહ - ઈશા રાહુલ શાહ
બહેન-બનેવી : વિદ્યાબેન રાજેશભાઈ શાહ
વેવાઈ : પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
આશિષભાઈ સુબોધભાઈ સરકાર
સાળા : સ્વ. હેમંત બાબુલાલ શાહ (હેમુ)
સ્વ. કિન્ના હેમંત શાહ
સાળી : હર્ષા દિનેશભાઈ અંબાલાલ કુવાડિયા

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# અશ્રુભીની શ્રદ્ધાંજલી



**સ્વ. જયંતીલાલ ચંદુલાલ શાહ**

જન્મ : ૧૫/૯/૧૯૩૭ • સ્વર્ગવાસ : ૨/૫/૧૯૯૩



**સ્વ. શાન્તાબેન જયંતીલાલ શાહ**

જન્મ : ૧/૫/૧૯૪૧ • સ્વર્ગવાસ : ૨૭/૯/૨૦૧૦

त्वमेव माताच पिता त्वमेव । त्वमेव बंधुश्च सखा त्वमेव ॥
त्वमेव स्वामी शरणागतानम् । त्वमेव संसार निवार कोसि ॥

Gautam ADVERTISING

**ચંદુલાલ ચુનીલાલ શાહ પરિવાર તથા**
**ગૌતમ એડવર્ટાઈઝીંગ સ્ટાફ**

Advt.

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah